

મોક્ષની કુંચી

મંત્રી, આત્મ જાગૃતિ કાર્યાલય
જૈન ગુરૂકુળ, બ્યાવર.

જૈનો અને સત્યાગ્રહ.

સત્ય એ ધર્મનો પ્રાણ છે, સત્યનો આગ્રહ એટલે સત્યમાં દૃઢતા રાખવી. સત્યાગ્રહ એટલે અન્યાય સ્હામે અહિંસાત્મક ઉપાય દ્વારા બંને પક્ષનું શ્રેય સાધવું. શત્રુનું પોતાથી પણ વધારે શ્રેય સાધવા ઇચ્છે તે સત્યાગ્રહી.

શત્રુઓનો સર્વથા નાશ કરે તે અરિહંત (અરિ એટલે શત્રુને, હંત એટલે હણનાર), કાયરતા, ભય, ક્રોધ, દ્વેષ, અભિમાન, ઈર્ષા, નિંદા, મોહ, વિષયેચ્છા, લોભ અને પ્રમાદ આપણા કટ્ટર શત્રુ છે. આ દોષમાંનો એક યા વધુ ધારણ કરે તે પરાધીન ગુલામ બને અને અનંત દુઃખ ભોગવે.

જે ધર્મમાં સત્યાગ્રહ છે તે જ ધર્મ છે. જે ધર્મ પાળનારા સત્યાગ્રહ ભૂલે, તેમની પડતી થાય છે. આજ જૈનોમાં સંખ્યા, સંપત્તિ, વૈભવ, એકતા અને મહત્ત્વલક્ષ્મી ઘટતી કેમ થાય છે ? તે વિચારો. જૈનત્વ અવિનાશી છે, વિનાશ પામે તે જૈનત્વ હીન. જ્યારે જૈનત્વ વિનાશ પામે ત્યારે મનુષ્ય જાતિ દુઃખી થાય. આપણે સુખી છીયે કે દુઃખી ? દુઃખોથી છુટવા હજારોવાર જૈનધર્મનું શરણ લીધું પણ દુઃખો ઘટવાને બદલે ઉલટાં વધ્યાં તેનું શું કારણ ? ભૂખ્યો માણસ હજારો જાતના ભોજનના નામ બોલે પણ ભૂખ ન મટે પણ જો એકજ ખાવાની ચીજ બનાવી ખાય તો ભૂખ દૂર થાય. જૈનત્વવાળું વીરતાપૂર્ણ કામ કરવું નથી, માત્ર નામ બોલવું છે.

વાંચનાર ! આજ તો જૈનત્વ મહાત્મા ગાંધીએ પ્રગટાવ્યું છે. તેમનો સંદેશ સાંભળ. પ્રભુ વીરના તત્ત્વો તેમાં દેખાશે. તેનું પ્રત્યક્ષ પ્રમાણ તેનો દિવ્ય વિજય, અપૂર્વ ત્યાગ અને હૃદયની નિર્મળતા છે. આ અઢી હજાર વર્ષે પુનરોદ્ધાર પામતા સાચા જૈનત્વનો તું ભાગીદાર બન અને તન મન ધન બુદ્ધિ શક્તિ તે ક્ષેત્રમાં વાવ. એકના અનંત મળશે. સાચવીશ તો સડી જશે. ચેત ચેત ! જો જીવન હોય તો સાવધાન થા.

આત્મજાગૃતિ ગ્રંથમાળા પુષ્પ ૨૪ મું.

ॐ अर्ह

મોક્ષની કુંચી

(સમકિત આત્મબોધ-પ્રશ્નોત્તર અર્થાત્ મોક્ષકી કુંજી ભા. ૧-૨ નું ગુજરાતી ભાષાંતર)

શ્રીમાન શેઠ ..રખચંદભાઈ કાળીદાસ વારીઆ
..ાણુવડવાળાની સુપુત્રી
કુમારી મુળી (મુક્તા) બ્હેનના સ્મરણાર્થે
જૈનપ્રકાશના ગ્રાહકોને અમૂલ્ય ભેટ.

સંગ્રહ કર્તા—સમકિતપ્રેમી.
અનુવાદક—ધીરજલાલ કેશવલાલ તુરખીયા.

પ્રકાશક—..ગનમલ કોચેટા, મંત્રી, આત્મજાગૃતિ કાર્યાલય.
ઠે. જૈનગુરૂકુળ, બ્યાવર. (રાજપૂતાના)

આવૃત્તિ પહેલી — વીર સં. ૨૪૫૬
પ્રત ૧૦૦૦ — વિ. સં. ૧૯૮૬

સંગ્રહકર્તાના બે બોલ

શ્રી સમકિત (આત્મબોધ) પ્રશ્નોત્તર અર્થાત મોક્ષની કુંચી ભાગ ૧ લો તૈયાર કરવામાં મુખ્ય સહાય ' શ્રી પુરૂષાર્થ સિદ્ધયુપાય ' ' જ્ઞાનાર્ણવ ' અને ' સમયસાર છંદ 'ની લીધેલી છે. અને બીજો ભાગ તૈયાર કરવામાં ' શ્રી આચારાંગ સૂત્ર ' ' દર્શન પાહુડ ' ' સમયસાર છન્દ ' અને ' પ્રકીર્ણ લેખ ' આદિની પ્રધાન સહાયતા લીધી છે. ગૌણ સહાય તો અનેક શાસ્ત્રો અને ગ્રંથોની લીધી છે. એ બધાના મૂળકર્તા, અર્થકર્તા અને પ્રકાશકોનો ઉપકાર માનું છું.

આ નાનકડી પોથીમાં જે કંઈ ઉત્તમતા છે, તેનો સુયશ એ ઉપકારકોને છે. અને અપૂર્ણતાનું કારણ સંગ્રહકર્તાની અલ્પજ્ઞતા છે. તે માટે પશ્ચાતાપ પૂર્વક મિથ્યાદુષ્કૃત લઉં છું, અને પૂર્ણતા પ્રકટ થવાની ભાવના ભાવું છું.

આશા છે કે, આ પુસ્તક જૈન અને જૈનેતર સર્વને ઉપયોગી થશે કારણ કે આમાં સત્ય તરફ દૃષ્ટિ રાખી છે. અપક્ષપાત (માધ્યસ્થ દૃષ્ટિ) થી થયેલો આ અલ્પ પ્રયત્ન છે, અને તેમાં રહી ગયેલી ભૂલો સુજ્ઞ વાંચકો-વિચારકો-જ્ઞાનીઓ બતાવે કે જેથી તે સુધારી શકાય એવી નમ્ર માગણી છે.

આ પુસ્તક વાંચીને ઘણા આત્માર્થી મહાત્માઓએ સૂચવ્યું છે કે, ' આ પોથી હંમેશા સ્વાધ્યાય (નિત્ય નિયમ)માં રાખવા યોગ્ય છે. બીજા ભાગની વિષયાનુક્રમણિકાજ આખા પુસ્તકના સારરૂપ છે. તેનું દરરોજ વાંચન-મનન અવશ્ય કરવા જેવું છે. ' ઇત્યાદિ.

સમકિત પ્રેમી.

અનુવાદકના બે બોલ

'કુંચી' સૌને જોઇએ છીએ. કુંચી એટલે મહાન કાર્ય પણ અલ્પ પ્રયાસે કરવાની કળા. આવી કળાને કોણ ન ચાહે ? જેમ બીજા અનેકવિધ કાર્યો અને ગુંચવણો ઉકેલવા માટે તેના અનુભવીઓ 'કુંચી' (ચાવી) શોધી કાઢે છે અને સામાન્ય જનતા આગળ મૂકે છે તેને જનતા સાભાર વધાવી લે છે, તેમજ 'મોક્ષ' (મુક્તિ, આત્મ સ્વાતંત્ર્ય) જે સર્વથી અનોખી અને સર્વશ્રેષ્ટ આત્મદશા છે; કે જેને પ્રાપ્ત કરવા–પહોંચવાને ચક્રવર્તિ જેવા પણ તલશે છે, અનેક યોગીઓ, ત્યાગીઓ, મહાપુરૂષોનો પ્રયત્ન એ માટે જ છે, અનેક શાસ્ત્રો અને ધર્મોનો આશય અને મંથન કેવળ મોક્ષ માટે જ છે. એવી મુક્ત દશાની કુંચી (અનેક શાસ્ત્રોના મંથનના માવારૂપ) જૈનાગમો અને ગ્રંથોમાં ભરેલી છે.

મોક્ષની કુંચી સમ્યકત્વ (સમકિત, દર્શન, શ્રદ્ધા, સવળાઇ, સાચી સમજણ) છે. આત્મા સમકિતી બને તો પછી ક્રમશઃ તે જ્ઞાન ચારિત્ર વડે શુદ્ધ થતાં થતાં સંપૂર્ણ શુદ્ધ (કર્મ મેલથી રહિત, મુક્ત) થાય છે અને એ આત્મિક સંપૂર્ણ શુદ્ધતાને જ મોક્ષ કહે છે.

એટલે કે સમકિત એ જ મોક્ષની કુંચી (ચાવી) છે. એટલા માટે જ સમકિત શું ચીજ છે ? કઇ દશા છે ? કેવી રીતે પ્રાપ્ત થાય ? એ જાણવાની પ્રથમ જરૂરત છે. સરળતાથી એજ વસ્તુ સમજાવવાનો એક સમકિત પ્રેમી આત્માર્થી મુનિએ કરેલો પ્રયાસ એ જ આ પુસ્તિકા (મોક્ષની કુંચી) છે.

મોક્ષની કુંચી બે ભાગમાં હિંદીમાં છપાઇ હતી. પૂજ્યપાદ ઉપાધ્યાય શ્રી આત્મારામજી મહારાજ, પં. મુનિશ્રી તિલોકચંદ્રજી મહારાજ, વૈરાગ્યમૂર્તિ શ્રી. કાનજીસ્વામી (મુનિરાજ) આદિ જૈનમુનિઓ, શાસ્ત્રજ્ઞ શ્રાવકો વગેરેએ આ પ્રયાસની બહુ સ્તુતિ અને પ્રશંસા કરી સફળતા જણાવી હતી.

હિંદીના આ સફળ પ્રયાસના લાભથી ગુજરાતી આલમ પણ વંચિત ન રહે એ ઇચ્છવાજોગ હતું. અને શ્રીમાન ઉદારચિત શેઠ હરખચંદભાઈ કાળીદાસ વારીઆએ મોક્ષના કુંચી બન્ને ભાગનું એક પુસ્તકાકારે ગુજરાતી ભાષાંતર કરી છપાવવા અને તેનું ખર્ચ પણ પોતે આપવા ભાવના બતાવી. શ્રી. વારીઆજી એટલા નિઃસ્પૃહ છે કે, તેમની પાસે માગણી કરવા છતાં પોતાનું જીવન કે ફોટો આપવા ના કહી. એ ભાઇ તો નામ આપવાએ ન્હોતા ચાહતા. પ્રજા–વાત્સલ્ય એ ભાઇએ લખ્યું કે 'જો તમારો આગ્રહ જ છે, તો મ્હારી ૧૪ વર્ષની કુમારિકા પુત્રી બ્હેન મુળી (મૂક્તા)ના સ્મરણાર્થે ભલે 'મોક્ષની કુંચી' રહે' 'મોક્ષની કુંચી' મૂક્તાના સ્મરણમાં. કેવો સુંદર યોગ !

मोक्षकी कुंजी भा. १-२ નું હિંદીમાંથી ગુજરાતી ભાષાંતર મૂળ લેખક, સંગ્રાહક અને વિચારોત્પાદક મહાત્માઓની દષ્ટિગમ્ય કરેલું. તેઓશ્રીએ જે જે શુદ્ધિ–વૃદ્ધિ બતાવેલ તે મુજબ સંશોધન આ ગુજરાતી ભાષાંતરમાં કરેલ છે. એ માટે તેઓશ્રીનો ઉપકાર છે.

આ મોક્ષની કુંચીથી આત્માર્થી–મુમુક્ષુ બંધુંઓ સમ્યકત્વને પામી એ કુંચી વડે આત્મિક સંપૂર્ણ શુદ્ધતા–મોક્ષને પામશે, એ દિશા તરફ પ્રયાસ કરશે તો સર્વ શ્રમ અને સહાય–ત્યાગ સફળ થશે.

એટલું પણ ઉમેરી લઉં કે મનનપૂર્વક જો સમકિતનું સાચું સ્વરૂપ વિચારાશે સમજાશે તો સાંપ્રદાયિક કલેષ અને ખેંચાતાણીના ઝઘડા દૂર થઇને શાંતિસુખ પમાશે. સુજ્ઞેષુ કિં બહુના ?

વિજયા દશમી સં. ૧૯૮૬
બ્યાવર (રાજપૂતાના)

લી. મુમુક્ષુઓનો સેવક
ધીરજલાલ કેશવલાલ તુરખીયા.
અધિષ્ઠાતા, જૈનગુરુકુળ.

સમકિત (આત્મબોધ) પ્રશ્નોત્તર

અથવા

મોક્ષની કુંચી ભા. ૧–૨ ની

અનુક્રમણિકા.

વચનામૃત

શ્રીમાન આત્માર્થી મુનિશ્રી મોહન ઋષીજી મહારાજ સાહેબની ડાયરીમાંથી.

(૧) વીજલીના ગોળામાં મોહાએલાં પતંગીયાંને દૂર કરવા દુકાનદાર દીવાની નીચે સળગતી જવાળા રાખે છે. પતંગીયાં ઉપર નીચે પ્રકાશ માની ડબલ જોરથી આવે છે. બિચારાં બળીને ભસ્મ થાય છે. સંસારી વિષયવાસના તે ગોળાથી માથુ પછાડવા સમાન છે. સાથે જવાળા સમાન શારીરિક કષ્ટ પણ છે છતાં બાળજીવો માનતા નથી.

(૨) કંદોઈને ત્યાં મીઠાઇ ઉપર લપટાયેલ માખીઓને ઉડાડવા કંદોઇ જવાળા ફેરવે છે, છતાં તે અજ્ઞાન બળવું મંજુર કરે છે પણ રસાસ્વાદ મુકતી નથી તેમ વિષયી જીવ મરતાં સુધી વિષયવાસનાને મૂકતો નથી.

(૨) રેશમનો કીડો જાણે છે કે હું શરીરને શણગારૂં છું પણ બિચારો મરણને આમંત્રણ દે છે.

(૪) વૃક્ષોની પરતંત્ર દશા તેજ જ્ઞાનીની સ્વતંત્ર દશા.

(૫) આત્મભાવે સહન કર, નહિં તો અજ્ઞાનભાવે સહેવું પડશે.

(૬) જ્ઞાનભાવે બિંદુમાં પતી જશે, તે અજ્ઞાનભાવે સાગરથી પણ નહિં પતે.

(૭) સાધક સંયોગોને બાધક શા માટે બનાવે છે?

(૮) આવા ઉત્તમ સંયોગોનો આટલો દુરૂપયોગ કોણુ કરતું હશે ?

(૯) ૮૩૯૯૯૯૯૯ જીવાયોની કરતાં તારામાં (મનુષ્ય) અનંત વિશેષતા છે તો અનંત વિશેષ કાર્ય કર.

(૧૦) આત્મતત્ત્વ સિવાય કયા તત્વમાં મોહ પામે ?

(૧૧) આ મોંઘેરા અવસરને એળે ન જવા દે.

(૧૨) એકેક મિનીટ અનંત ભવભેદક અને ઉત્પાદક છે. અશુદ્ધ ભાવે ભવ વૃદ્ધિ, શુદ્ધ ભાવે ભવ નાશ.

(૧૩) ચેતનરાજ ! હવે કંઈક સમજો. અનંત કાળ ભવ ભ્રમણમાં રખડયો.

(૧૪) લાખો કરોડો પર વસ્તુને ઓળખે છે, જાણે છે, સુંઘે છે, ચાખે છે, સ્પર્શે છે; પણ આત્મતત્વનું ભાન નથી.

(૧૫) અરે ! (શરીરરૂપી) વૃક્ષને જુવે છે પણ વૃક્ષના બીજ (આત્મા) ને તો જો ! તે કયાં છે ?

(૧૬) બીજના અભાવે લાખ ગાઉનું ઉચું વૃક્ષ પણ નીચે ઉખડીને પડી જશે.

(૧૭) બીજનાં પરમાણુ (પ્રદેશ) લાખ ગાઉના વૃક્ષમાં ઓતપ્રોત છે છતાં તને તેનું ભાન નથી.

(૧૮ અરે ! અજ્ઞાની પામર જડ છે કે ચેતન ? કંઇક સમજ.

(૧૯) આત્માને આત્મતત્વ સિવાય અન્ય વિશ્વના પદાર્થોનો બોધ છે, પણ આત્મતત્વને જાણ્યા વિના વિશ્વના પદાર્થોનો બોધ નિરર્થક છે.

(૨૦) આત્મતત્વ વૃક્ષના બીજવત પ્રછન્ન હોવા છતાં સર્વને આધારભૂત છે.

(૨૧) દુનિયાના કામોમાંથી મુક્તિ લેવાથી મુક્તિ લેવાશે.

(૨૨) આવો ! કોઈ આવો ! અનંત ભવસાગરના છેદનભેદન, તાડન–તર્જનના ત્રાસેલ આવો !

(૨૩) સુખના ઇચ્છુક દુઃખથી ગભરાયલા આવો !

(૨૪) નરક ને દેવને ન માનનારા પશુ અને માનવ યોનિના વિશ્વાસુ આવો.

(૨૫) અનંત કાળની ભવાટવી ઓળંગવા આવો.

(૨૬) આંધળાઓ દેખતા થવા આવો. દેખતા થઇ મોક્ષ માર્ગમાં પ્રયાણ કરો.

(૨૭) મોક્ષ પોતાનું ઘર છે ત્યાં જવામાં મના કોણ કરનાર છે ?

(૨૮) પોતાના ઘર તરફ હોંશથી પગલાં ઉઠાવો. ઉતાવલાં પગલાં ભરો.

(૨૯) બિલાડીનું બચ્ચું તેની માતાને પ્રેમથી ભેટે છે અને તેને સર્વસ્વ માને છે, ત્યારે ઉંદર ત્રાસ પામી નાસે છે.

(૩૦) તેમ વિષય કષાયનું સંતાન વિષય કષાયથી પ્રેમથી ભેટે છે, ત્યારે જ્ઞાની ભવભીરૂ તેથી ભય પામે છે ને નાસે છે.

(૩૧) નર્ક નિગોદના સંતાન વિષય કષાયની નાવમાં બેસી પોતાની સ્પેશયલ સ્ટીમર ત્યાં જઈને થોભાવે છે.

(૩૨) નાગ નાગણુ, સિંહ સિંહણુ, વાઘ વાઘણુનો સ્પર્શ મખમલ જેવો કોમળ હોય છે; પણ સ્પર્શ કરનારના પ્રાણુ લે છે તેમ શબ્દ–રૂપ–ગંધ રસ અને સ્પર્શ તેથી વિશેષ કોમળ અનુભવાય છે. જેટલી જેનામાં વિશેષ કોમળતા તેથી અનંતગણું વિશેષ વિષ તેનામાં ભરેલ છે. અનંત વિષથી તે અનંતકાળ સુધી દુર્ગતિ અપાવે છે.

(૩૩) શબ્દ–રૂપ–ગંધ રસ અને સ્પર્શ એ પાંચને નાગ નાગણુ જેવા વિષેલા (ઝેરીલા) જંતુ સમજી નાગ નાગણુના સ્પર્શથી ભય પામે છે તેમ તેમનાથી ભય પામ અને ચેતીને ચાલજે.

(૩૪) જો શબ્દ, રૂપ, ગંધ, રસ, અને સ્પર્શનો હડકવા લાગ્યો હોય તો તેના ડોકટર પરમાધામી અને દવા દેવા નેરઇયારૂપ શરીર તૈયાર છે.

(૩૫) શબ્દાદિનો હડકવા લાગ્યો હોય તો જે ઇંદ્રિયો હડકવાની હડકાઇ ઝેરી લાળ ચાટી રહી છે, તે ઇંદ્રિયોને અવયવોને પરમાધામી શોધી શોધીને તજ્જન્ય સુખથી અનંત વિપરીત અનુભવ કરાવશે.

(૩૬) હડકવાઈ લાળ નરકમાં લઈજનાર ખેંચનાર દોરી છે. દોરી હોય તો જલ્દી ખેંચાણ થઇ શકે !

(૩૭) પતંગને કહો કે દીપકમાં પડ મા, ભ્રમરને કહો કે ફુલમાં કેદ થા મા. માછલીને કહો કે કાંટામાં વીંધા મા, હાથીને કહો કે ખાડામાં ફસા મા, સર્પને કહો કે કરંડીયામાં કેદ થા મા, આ બધા પ્રાણીઓ ચેતાવનારને અજ્ઞાની, મૂર્ખ અને બાધક માને છે. જ્યારે તેમને પોતાને

કષ્ટ અનુભવ થશે ત્યારે તેઓ પોતે સ્વયં સમજશે અને પશ્ચાતાપ કરશે તેમ આ જીવ પણ નરકાદિ ગતિમાં દુઃખ પ્રાપ્ત કરશે ને નરકમાં ગયા બાદ તેને આત્મ જાગૃતિ થશે, પણ આત્મોન્નતિના સાધનો નહિં મળે.

(૩૮) જેમ સટોડીઓ લાખો હાર્યા બાદ પશ્ચાતાપ કરે અને બજારમાં જઇ ધ્રુસકે ધ્રુસકે રૂવે, બજારવાળાને હાથ જોડે, તેમના પગે પડે, તેમની સામે દીનતા કરે, કૃપયા મને મારૂં ધન પાછું આપો, ફરી આવો વ્યાપાર નહિ કરૂં, તો તેનું કથન કેવળ બકવાદ ગણાય. તેમ બીજી ગતિમાં ગયા બાદ પશ્ચાતાપ અને જાગૃતિ તે માત્ર બકવાદ છે.

(૩૯) ૨૩ કલાક ૫૯ મીનિટ આત્મ ઉપયોગે છતાં ૧ મીનિટ પરભાવની અનંત ભયંકર સમજવી.

(૪૦) ચેતનરાજ ! ભૂલવાનું ઘણું છે, ભણવાનું ઘણું બાકી છે. વિષય કષાય ભૂલી જા, આત્મરમણતા શીખ.

(૪૧) પોતે નારકીય કષ્ટે ગભરાય નહિં તો અન્ય કષ્ટો સહવામાં શાનો ખેદ ?

(૪૨) દુનિયાના પ્રત્યેક જીવ અનંતવાર સંબંધી થઈ ચુકયા તો કોનો મોહ કરવો ?

(૪૩) દુન્યિવી પ્રત્યેક જીવ અનંતવાર દ્વેષી થઇ ચુકયા તો કોની સાથે દ્વેષ કરવો ?

(૪૪) સકળ જીવોને સમાન માની સમભાવને તજવો નહિ.

(૪૫) સર્વ જીવને પરમાત્મા માની સર્વના ગુણ લેવા.

(૪૬) આત્મતત્વ સિવાય અન્યત્ર દ્રષ્ટિપાત ન કર.

(૪૭) આત્મતત્વ સિવાય સર્વ હેય છે.

(૪૮) આત્મસંગ સિવાય અસંગી બન.

(૪૯) આત્મ સ્નેહી સિવાય સર્વત્ર અસ્નેહી બન.

(૫૦) આત્મતત્વ સિવાય સર્વ અતત્વ.

(૫૧) આત્મ લક્ષ સિવાય સર્વત્ર અલક્ષ.

(૫૨) આત્મ ચિંતવન સિવાય સર્વ અચિંત્ય.

(૫૩) અપૂર્ણ દશામાં બીજાને પ્રતિબોધ આપવો તે સ્વઘાત કરી પર રક્ષા માટેના ધુમ્ર બાચકા છે.

(૫૪) અપૂર્ણ દશામાં બીજાને પ્રતિબોધ આપવો તે સ્વખુન કરી પર જીવિતદાન દેવાના પ્રયત્ન સમ છે.

(૫૫) અપૂર્ણ દશામાં બીજાને પ્રતિબોધ આપવો તે શ્રેણીક રાજા જેમ અનાથી મહાપુરૂષનો નાથ થવા જેવી તારી અજ્ઞાનતા છે.

(૫૬) આત્મિક સમાધિ આત્મ જાગૃતિ સિવાયની ક્ષણ અનંત ભવ કરાવનાર છે.

(૫૭) વૃક્ષના ભવે ગજ સુકુમાળ જેવી ક્ષમા રાખી બાહુબલજી સમ ચીરકાલીન ધ્યાન ધર્યું પણ કાંઇ ગરજ સરી નહિ.

(૫૮) આત્મપદ સિવાય સર્વ આપદા છે, આત્મ સ્વરૂપ સાચી સંપદા છે.

ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ !

ॐ अर्हं

સમકિત (આત્મબોધ) પ્રશ્નોત્તર

અથવા

મોક્ષની કુંચી

(ભાગ ૧ લો)

મંગળાચરણ.

सिद्धाणं नमो किच्चा, संजयाणंच भावओ;
अत्थ धम्मगइं तच्च, अणुसट्ठिं सुणेहमे,

આદિનાથ આદિ કરી, વંદૂશ્રી વર્ધમાન;
સ્યાદ્વાદ વંદૂ સદા, પ્રકટે અતિશય જ્ઞાન.

શ્રી આદિનાથ-ઋષભદેવ પ્રભુથી પ્રારંભીને શ્રી વર્ધમાન સ્વામી સુધી સકળ સર્વજ્ઞ-વીતરાગ દેવાધિદેવોને અને સ્યાદ્વાદ (અનેકાંત સ્વરૂપ) જિનવાણીને ભાવપૂર્વક નમસ્કાર કરૂં છું.

સ્યાદ્વાદ—અનેકાંત-ધર્મ કેવો છે ? જે ઉત્કૃષ્ટ આગમ અને સત્ય સિદ્ધાન્તના પ્રાણ સ્વરૂપ છે. એટલે કે સ્યાદ્વાદ વિના સકળ શાસ્ત્રો જીવ વિનાના શરીર સમાન દેખાય છે.

વળી સ્યાદ્વાદ કેવો છે ? જન્માંધ પુરૂષોએ જે હાથીનું એકાંત રીતે જે એકાંત સ્વરૂપ વર્ણવેલું, તેવા એકાંતવાદનો નિષેધ કરીને વ્યવહાર અને નિશ્ચયની બન્ને પાંખોથી સત્યજ્ઞાનરૂપી આકાશમાં નિર્ભય ગતિ કરનાર છે. એવા

સ્યાદ્વાદ (અનેકાંત ધર્મ) ને ભાવ નમસ્કાર કરવાથી અતિશય જ્ઞાન પ્રકટે છે.

સકળ અજ્ઞાન અંધકારને નાશ કરવામાં સૂર્ય સમાન અને ત્રણ લોકના સમસ્ત પદાર્થો જોવામાં અદ્વિતીય નેત્ર સ્વરૂપ ઉત્કૃષ્ટ આગમ **જૈન સિદ્ધાન્ત** નું મનન કરીને ગુરૂ કૃપાથી આ '**સમકિત-પ્રશ્નોતર**' સ્વપર કલ્યાણના કારણે સંગ્રહ કરૂં છું.

(૧) **પ્રશ્ન**—મોક્ષ માર્ગ કોને કહે છે?

ઉત્તર—જે વડે સર્વ પ્રકારના દુઃખોથી સદાને માટે છુટાય ત્હેને મોક્ષ માર્ગ કહે છે, એના ચાર પ્રકાર છે. (૧) સમ્યક્ (સત્ય) જ્ઞાન (૨) સમ્યક્ (સત્ય) દર્શન (૩) સમ્યક્ (સત્ય) ચારિત્ર અને (૪) સમ્યક્ (સત્ય) તપ.

(૨) **પ્રશ્ન**--ચારેયમાંથી મુખ્ય કોણ?

ઉત્તર—સમ્યક્ દર્શન (સમકિત) સૌથી પ્રધાન (મુખ્ય) છે. કારણ કે, સમકિત પ્રકટ થયેથી જ સમ્યક્ જ્ઞાન અને સમ્યક્ ચારિત્ર થાય છે. સમકિત વિનાનું જ્ઞાન અને ચારિત્ર **મિથ્યા** ગણાય છે.

સમકિત એટલે સાચી સમજણ-સદ્વિવેક, સુશ્રદ્ધા (સમકિત) વિના ભાષા જ્ઞાન કે ભણતર ગમે તેટલું હોય તો પણ તે **મિથ્યા-જ્ઞાન** જ કહેવાશે. હજારો શાસ્ત્રો, વિદ્યા-કળા શીખવા છતાં જો સદ્‌વિવેક ન હોય તો ઉન્માર્ગ (કુચારિત્ર) ગામી હોઇ શકે છે, પણ સાચી સમજણ પૂર્વકનું થોડું જ્ઞાન તથા ચારિત્ર હોય તો પણ તે વિવેક

યુક્ત હોવાથી સુમાર્ગગામી બની શકે છે. એટલે સમકિત જ સર્વગુણોમાં પ્રધાન છે.

(૩) **પ્રશ્ન**—સમકિતી જીવનું લક્ષણ શું?

ઉત્તર—(૧) શરીર, ઇન્દ્રિય, ભોગ, વિષય, કષાય પ્રત્યે અરૂચિ, (ત્યાગ બુદ્ધિ) હોય, એટલે આસકિત–મમત્વ ન હોય.

(૨) અતીન્દ્રિય–(ઇંન્દ્રિય રહિત, વિષય સુખના ત્યાગરૂપ) આત્મિક સુખનો સ્વાદ આવે.

(૩) સ્વાનુભૂતિ–આત્માના સત્ય સ્વરૂપનો અનુભવ થાય.

શત્રુના પણ ગુણ દેખે (ગુણાનુરાગી હોય), સદા સમભાવ રાખે.

(૫) વિવેક બુદ્ધિ હોય. એટલે આત્માને શું હિતકારી છે અને શું અહિતકારી છે. તેનું જ્ઞાન કરીને સદા હિત માર્ગમાંજ પ્રવૃત્તિ કરે, અહિત માર્ગમાં કદિ ન પ્રવર્તે.

(૬) દુઃખોનું મૂળકારણ અજ્ઞાન, મિથ્યાત્વ (વિષય–કષાયમાં ગૃદ્ધતા) જાણીને સદા એનાથી બચે. અને બીજાને એનાથી બચાવે, એવી ભાવ અનુકંપા જેને પ્રગટી હોય.

(૭) શ્રદ્ધા—આત્માના સત્ય સ્વરૂપને નય, પ્રમાણ અને વ્યવહાર–નિશ્ચયથી સમજીને એવો દૃઢ શ્રદ્ધા વિશ્વાસ રાખે કે, હું અનંત જ્ઞાન, સુખાદિથી પૂર્ણ આત્મા છું. હંમેશા આત્મગુણ ઘાતક નિમિત્તો (ધન, ભોગ, વિષય, ક્રોધાદિ કષાય) ને છોડવામાં જ આનંદ માને.

(૪) **પ્રશ્ન**—સમકિત કેવું છે?

ઉત્તર—સંસાર સમુદ્ર તરવામાં ચારિત્રરૂપી વહાણ છે. જ્ઞાનરૂપી માર્ગદર્શક દીવાદાંડી છે, સમકિતરૂપી ખેવટીયો (નાવિક) છે. જેમ નાવિક વિનાનું નાવ અને દીવાદાંડી શૂન્ય છે, તેમ સમકિત–નાવિક–વિના ચારિત્ર વહાણ અને જ્ઞાન–દિવાદાંડી–વૃથા છે.

જેમ બી વિના વૃક્ષની ઉત્પત્તિ, વૃદ્ધિ કે ફળ ફૂલ નથી થતા. તેમજ સમકિત (સાચી સમજણ–સદ્વિવેક) રૂપી બીજ વિના સમ્યક્ જ્ઞાન–ચારિત્રની ઉત્પત્તિ, સ્થિતિ અને વૃદ્ધિ થઈ શકતી નથી. તથા તેનું ફળ જે સત્ય સુખ (મોક્ષ) તે નથી મળતું.

સમકિત પાયારૂપ છે. જેમ પાયા વગર મકાન ટકી નથી શકતું, તેમ જ સમકિત વિના જ્ઞાન તથા ચારિત્ર નથી ટકી શકતા.

(૫) **પ્રશ્ન**—સમકિત ગુણ રોકનારા કારણો કયા કયા છે ?

ઉત્તર—મિથ્યાત્વ મોહનીય છે, મિથ્યા–ખોટા અને મોહનીય–રાચવું–મમત્વકરવો તે મિથ્યાત્વ મોહનીય છે. એવી બુદ્ધિ ઉપજવાનું કારણ મિથ્યાત્વ મોહિનીયના કર્મદળ છે. અને પુનઃ એવી બુદ્ધિથી મિથ્યાત્વ મોહિનીય કર્મનો બંધ થાય છે.

(૬) **પ્રશ્ન**—મિથ્યાત્વ મોહનીયથી કેવી બુદ્ધિ ઉપજે છે ?

ઉત્તર—મિથ્યા–વિપરીત બુદ્ધિ–કે જે પર વસ્તુઓને પોતાની માને છે. જેમકે, શરીર, ઇન્દ્રિયો, ધન, પરિવાર,

નિંદા, સ્તુતિ, સુખદુઃખના પ્રસંગોમાં મમતા એ બધું મિથ્યાત્વ છે. એવા ભાવોથી પુનઃ મિથ્યાત્વનો બંધ થાય છે, એટલા માટે એવી બુદ્ધિ છોડવી જોઇએ.

(૭) **પ્રશ્ન**—મિથ્યાત્વ મોહનીયથી જીવની ઉલ્ટી બુદ્ધિ કેમ થાય છે?

ઉત્તર—જેમ કેફી ચીજ ખાવાથી શાણો માણસ પણ યદ્વાતદ્વા બકે છે. ધતુરાનું દૂધ પીવાથી બધું પીળું પીળું દેખાય છે; એ વસ્તુનો સ્વભાવ છે. તે જ રીતે મિથ્યાત્વ મોહનીય પ્રકૃતિનો સ્વભાવ જીવની વિપરીત બુદ્ધિ કરનારો છે.

(૮) **પ્રશ્ન**—વસ્તુઓનો એવો સ્વભાવ કેમ?

ઉત્તર—એ સ્વભાવ સ્વયંસિદ્ધ છે, અનિવાર્ય છે. કારણ જેમ અગ્નિ ઉષ્ણ છે, પાની ઠંડુ છે, સૂર્ય તેજસ્વી છે, ચંદ્રમા શીતળ છે; એમાં પ્રમાણ કે તર્કને સ્થાન નથી. એ તો વસ્તુનો સ્વભાવ છે. એવી જ રીતે મિથ્યાત્વ કર્મ પ્રકૃતિનું ફળ પણ સ્વભાવથી જ એવું છે કે, 'જીવની વિપરીત (ઉલ્ટી) બુદ્ધિ થઈ જાય છે.'

(૯) **પ્રશ્ન**—કર્મને માનવામાં પ્રમાણ શું?

ઉત્તર—આ જગતમાં કોઈ મનુષ્ય, કોઈ પશુ, કોઈ પક્ષી, કોઈ જલચર, કોઈ ખેચર જીવો છે. કોઈ કીડા, મકોડા, ટીડ, પતંગ આદિ નાના જીવો છે. કોઈ બુદ્ધિમાન્, કોઇ મૂર્ખ, કોઈ બલવાન્, કોઈ નિર્બળ, કોઈ સદા નિરોગી, કોઇ સદા રોગી, કોઈ ગર્ભ શ્રીમંત, કોઈ જન્મ દરિદ્રી, કોઇ રૂપવાન્, કોઇ કુરૂપવાન્, કોઈ સુખી

તો કોઈ દુઃખી દેખાય છે. આવી વિચિત્રતા-ભિન્નતા-નું કારણ શું ?

ઉત્તર એ જ આવશે કે, જેવા કર્મ-ભૂત પુરૂષાર્થ-પૂર્વે કરેલા કામ, 'વાવે તેવું લણે'. **કર્મ** માન્યા વિના જીવોની વિચિત્ર દશાઓની સિદ્ધિ જ થતી નથી.

(૧૦) **પ્રશ્ન**—કરેલ કર્મો ભોગવ્યા વિના છુટકારો થઇ શકે શું ?

ઉત્તર—હા. કર્મો બે પ્રકારે છુટે છે. જે કર્મ ફળ આપીને છુટા થાય છે તે સવિપાક નિર્જરા કહેવાય છે. અને જે કર્મોનું ફળ આપ્યા પહેલાં જ દાન, શીઅળ, તપ, સંયમ, ધ્યાનાદિ વડે નાશ કરાય છે, તેને અવિપાક નિર્જરા કહેવાય છે.

(૧૧) **પ્રશ્ન**—નિર્જરા એટલે શું ?

ઉત્તર—જૄ=જીર્ણ થવું, અમુક પ્રમાણમાં કર્મોનું નિર્જરવું-દૂર થવું-(આત્માથી થોડે ઘણે અંશે કર્મ દૂર થાય) તે **નિર્જરા** છે. (સર્વ કર્મનો સર્વથા સદા માટે નાશ તે મોક્ષ કહેવાય છે.)

(૧૨) **પ્રશ્ન**—મિથ્યાત્વ મોહનીય કર્મનો નાશ કેવી રીતે થઈ શકે ?

ઉત્તર—યથાર્થ રૂપે નવ તત્ત્વ અને છ દ્રવ્યોનાં સ્વરૂપનું સાત નય, ચાર પ્રમાણ, સામાન્ય-વિશેષ, દ્રવ્ય-ગુણ-પર્યાય, બાહ્ય-આભ્યંતર અને નિશ્ચ-વ્યવહારથી જ્ઞાન કરીને આત્મ સ્વરૂપને ઓળખે, આત્માના નિજ ગુણો-જ્ઞાન, દર્શન, ચારિત્ર-ને જ આદરવા પ્રાપ્ત કરવા-યોગ્ય

માને, એવી **સમકિત** ભાવનાથી **મિથ્યાત્વ** (વિપરીત બુદ્ધિ) નો નાશ થાય છે.

(વિશેષ પ્રકારે સમકિત ભાવના ચિંતવન કરવી તે માટે 'આત્મ જાગૃતિ ભાવના' અને 'સમકિત સ્વરૂપ ભાવના' ની પુસ્તકો જોવી.)

(૧૩) **પ્રશ્ન**—સત્ય જાણવું કે મિથ્યા જાણવું એ જ્ઞાનાવરણ કર્મનો ઉદય છે ને ?

ઉત્તર—સત્યપણું કે મિથ્યાપણું એ જ્ઞાનાવરણનો નહિ પણ **મિથ્યાત્વ**નો ઉદય છે. કારણ જ્ઞાનાવરણના તીવ્ર ઉદયથી જ્ઞાન ઓછું પ્રકટે અને જ્ઞાનાવરણના ક્ષયોપશમથી જ્ઞાન વધતું જાય. પરંતુ જ્ઞાનાવરણમાં સત્ય કે મિથ્યાપણું પેદા કરવાની શક્તિ નથી. કારણ જ્ઞાનાવરણ કર્મની સમ્યક્ જ્ઞાનવરણ યા મિથ્યા જ્ઞાનાવરણ–જેવી પ્રકૃતિ નથી. જ્ઞાનાવરણનો અર્થ જ્ઞાનને ઢાંકનાર થાય છે. અને મિથ્યાત્વનો અર્થ ઉલ્ટાપણું–વિપરીતતા ઉત્પન્ન કરનાર થાય છે. **મિથ્યાત્વ** જીવના જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય આદિ અનંત ગુણોને વિપરીત કરે છે. જ્યાં સુધી મિથ્યાત્વ હોય ત્યાં સુધી જ્ઞાન તે મિથ્યા જ્ઞાન, ચારિત્ર તે મિથ્યા ચારિત્ર, સુખ તે બાહ્ય (પુદ્‌ગલિક) સુખ અને વીર્ય તે કુપુરૂષાર્થ (બાલ વીર્ય) રહે છે. જ્યારે મિથ્યાત્વનો નાશ થઈ જાય ત્યારે મિથ્યા જ્ઞાન આદિ અનંત ગુણ સમ્યક્–સવળા થઈ જાય છે.

(૧૪) **પ્રશ્ન**—ઘણાં શાસ્ત્રો કંઠસ્થ હોવા છતાં સમકિત વિના મિથ્યા જ્ઞાન થાય છે. તો તે પદાર્થોને કેવી રીતે જાણે ?

ઉત્તર—મિથ્યા જ્ઞાનનો અર્થ એવો નથી કે, મકાનને મકાન કે જીવને જીવ ન જાણે. સમકિત વિના અનેક શાસ્ત્રોનો અર્થ, ભાવાર્થ, પ્રથા, નય, પ્રમાણ, નિક્ષેપનાં વિસ્તૃત જ્ઞાનથી પદાર્થ સ્વરૂપ ખૂબ બારીકીથી સમજે. બંધ–મોક્ષનાં સ્વરૂપને સમજે. જગતના પદાર્થો અને ભાવોને બરાબર જાણે. પણ આ બધું જાણપણું જ્યાં સુધી **સ્વાનુભૂતિ** (આત્મ સ્વરૂપનો નિશ્ચય અનુભવ) ન થાય ત્યાં સુધી **મિથ્યા** મનાય છે. કારણ કે જો આત્મ સ્વરૂપનો અનુભવ ન હોય તો ખીરમાં પડેલી કડછીની માફક એનું જ્ઞાન શુષ્ક છે. સકળ જ્ઞાનનો સાર એક આત્મ સ્વરૂપનો અનુભવ કરવો એ જ છે. આપણો જીવ અનંત વાર હજારો શાસ્ત્ર શીખ્યો, છતાં શુદ્ધ આત્મ સ્વરૂપનો અનુભવ ન કરવાથી અજ્ઞાની રહ્યો છે. જે રાગ, દ્વેષ, મોહ (દર્શન મોહનીય) ને છોડે તે થોડું જ્ઞાન છતાંયે આત્માનુભવ કરી લે છે. ત્યારે જગતના સર્વ જડ ચેતન પદાર્થોને નિજ આત્માથી ભિન્ન અનુભવે, ઇન્દ્રિય જન્ય વિષય સુખ જેને અંતરથી રોગ રૂપ કડવા માલુમ પડે છે. જે અવિકારી–અતીન્દ્રિય–નિર્વિકલ્પ આત્મિક સુખનો આસ્વાદ કરે છે; જે જ્ઞાનમાં આત્માનું નિજ સ્વરૂપ પ્રતિ ભાસે છે તે જ 'સમ્યક્ જ્ઞાન' છે. એવું સમ્યક્ જ્ઞાન પ્રકટયાથી દાન દેવું, શીલ પાળવું, સંયમ પાળવો, તપ કરવો વગેરે કષ્ટ રૂપ માલુમ નથી પડતું; પરંતુ દાન દેવામાં મલ ત્યાગ રૂપ સુખ થાય છે. સંયમ પાળવામાં સત્ય સુખ પ્રતીતાય છે. તપમાં અપૂર્વ આનંદ

થાય છે. નિરોગી માણસને ખાજ (ખુજલી) ખણવાની ઇચ્છા જ નથી થતી તેમ શીલ પાળવામાં પોતાનો સહજ સ્વભાવ સમજાય છે.

(૧૫) **પ્રશ્ન**—સમકિતનું લક્ષણ અને સ્વરૂપ શું ?

ઉત્તર—(**अ**) જીવ, અજીવ આદિ તત્ત્વોનું યથાતથ્ય (જેવું છે તેવું) સ્વરૂપ શ્રદ્ધે-નિશ્ચય કરે અને અનુભવે તે સમકિત એટલે આત્મ દર્શન છે.

(**ब**) 'સ્વાનુભૂતિ' આત્માના સ્વરૂપને અનુભવે તે સમકિત કહેવાય.

(૧૬) **પ્રશ્ન**—સમકિતનાં લક્ષણ ઘણે ઠેકાણે જુદા જુદા બતાવ્યા છે તો કયું લક્ષણ ઠીક માનવું ?

ઉત્તર—કોઇ ઠેકાણે વ્યવહાર સમકિતના લક્ષણ બતાવ્યા છે. અને કોઇ ઠેકાણે નિશ્ચય સમકિતના. એટલે જ શાસ્ત્રોમાં કહ્યું છે કે, જે વ્યવહારે અને નિશ્ચય બન્ને નયોનું સ્વરૂપ સમજે છે, તે જ સત્ય સમજી શકે છે અને સત્ય ઉપદેશ આપી શકે છે. એ વિના હાનિ થવા સંભવ છે.

(૧૭) **પ્રશ્ન**—વ્યવહાર સમકિતનું લક્ષણ શું ?

ઉત્તર—વ્યવહાર સમકિતનું લક્ષણ દેવ અરિહંત, ગુરૂ નિર્ગ્રંથ, સંવર નિર્જરામાં ધર્મ અને સ્યાદ્વાદયુક્ત શાસ્ત્રોને માને; ૧ સમ્ (સમભાવ) ૨ સંવેગ (ધર્મભક્તિ), ૩ નિર્વેગ (વૈરાગ્ય-ભોગ અરૂચિ), ૪ અનુકંપા અને ૫ આસ્થા (જીવાદિ નવ તત્ત્વોની યથાર્થ શ્રદ્ધા) એ પાંચ લક્ષણ તથા વ્યવહાર સમકિતના ૬૭ બોલના ગુણો વ્યવહાર લક્ષણ છે.

(૧૮) **પ્રશ્ન**—નિશ્ચય સમકિતનું લક્ષણ શું ?

ઉત્તર—અંતરંગમાં અનંતાનું બંધી (પર વસ્તુને પોતાની માનીને ક્રોધાદિનું કરવું તે) ક્રોધ, માન, માયા (કપટ), લોભ, મિથ્યાત્વ મોહનીય (ખોટામાં આનન્દ-મમત્વ), મિશ્ર મોહનીય (કંઈક સત્ય-કંઇક અસત્યમાં આનંદ), સમકિત મોહનીય (સત્યમાં કિંચિત્ શંકાદિ સેવન): એ સાત પ્રકૃતિઓનો ક્ષય કરે અને બાહ્યમાં આત્મ સ્વરૂપનો અનુભવ કરે એ (સ્વાનુભૂતિ) નિશ્ચય સમકિતનું લક્ષણ છે.

(૧૯) **પ્રશ્ન**—સ્વાનુભૂતિ એટલે શું ?

ઉત્તર—મતિજ્ઞાનાવરણીની પેટા પ્રકૃતિ (સ્વાનુભૂતિ આવરણ નામની પ્રકૃતિ) છે. તે દૂર થવાથી સ્વાનુભૂતિ (આત્માનુભવ) પ્રકટે છે. આ ગુણ જ્ઞાનનો છે, તે પણ નિશ્ચય સમકિત થયા પછી જ પ્રકટે છે. તેથી જ સમ-કિતના લક્ષણમાં પણ બતાવાય છે. જે શુદ્ધ આત્માનુભવ થવો તે નિશ્ચય સમકિત છે.

(૨૦) **પ્રશ્ન**—કર્મ પ્રકૃતિના પ્રકાર ૧૪૮ યા ૧૫૮ છે. તેમાં આ પ્રકૃતિ કેમ નથી બતાવી ?

ઉત્તર—આત્માના અસંખ્ય ભાવ, લેશ્યા, પરિણામ હોય છે. તેથી જુદી જુદી અસંખ્ય પ્રકૃતિ (જાતિ) ના કર્મબંધ થાય છે; પરંતુ મુખ્ય આઠ જ કહ્યા છે. જેને આઠ કર્મ કહે છે એની ઉત્તર પ્રકૃત્તિ ૧૪૮ કે ૧૫૮ કહી છે. કારણ સમજાવવા માટે ખાસ જરૂરી (આવશ્યક) ભેદોજ પડાય છે. જેમ કે જીવોના કર્મોદય પ્રમાણે અનંત

ભેદ થઈ શકે, છતાં ૫૬૩ ભેદ જ કહ્યા છે. કારણ કે સમજાવવાને માટે કંઈક મર્યાદિત વર્ગ પાડવા પડે છે. પુનઃ અનંત ભેદે જીવ કહ્યા છે.

(૨૧) **પ્રશ્ન—આત્માને જાણવો** તે સમકિત; એવું કથન શાસ્ત્રોમાં કોઈ સ્થળે છે?

ઉત્તર—હા, અનેક સ્થળે એ ભાવ નીકળે છે. શ્રી પન્નવણા સૂત્ર, આવશ્યક સૂત્ર, અને ઉત્તરાધ્યયનના મોક્ષ માર્ગ અધ્યયનમાં દર્શન–સમકિતનું વિવેચન કરતાં ચાર લક્ષણમાં પહેલું '**परमथ्थसंथवोवा**'પરમ એટલે પ્રધાન, અર્થ એટલે તત્ત્વ; સર્વ તત્ત્વમાં એક નિજ આત્માજ પ્રધાન તત્વ છે. તેનો સંસ્તવ–પરિચય કરે, અનુભવ કરે; એમ કહ્યું છે. વળી શ્રી આચારાંગ સૂત્રમાં કહ્યું છે, કે જે આત્માનુભવ કરે છે તે અન્યત્ર રાચતા નથી, બીજા બાહ્ય પદાર્થોમાં મોહાતા નથી, રમણ નથી કરતા. જે અન્યત્ર નથી રાચતા તેજ આત્મામાં રાચે છે–રમણ કરે છે. એ જ ન્યાયે સમકિતી જીવને ધાવ માતાની જેમ ભિન્ન અનુભવનારો કહ્યો છે. સમકિતી સંસારમાં પોતાપણું–ગૃદ્ધિપણું–મમત્વ–નથી રાખતો. શ્રી આચારાંગસૂત્રમાં એમ પણ કહ્યું છે કે, જે મૂળ કર્મ–અગ્ર કર્મ–અર્થાત્ મિથ્યાત્વનો નાશ કરે તે આત્મ દર્શન કરે છે. અને ત્હેને મરણ ભય નથી રહેતો.

(૨૨) **પ્રશ્ન**—તત્ત્વાર્થ શ્રદ્ધાનને સમકિત કહ્યું છે, તેનો અર્થ શો?

ઉત્તર—તત્વ એટલે ભાવ (ધર્મ સ્વભાવ, સાર–વસ્તુ

સ્વરૂપ) અને અર્થ એટલે પદાર્થ. જે પદાર્થનો જે સાચો સ્વભાવ (ધર્મ) છે, તેનું જે શ્રદ્ધાન્ તેને સમકિત કહે છે. કારણ કે કેવળ અર્થ એટલે પદાર્થ શ્રદ્ધામાં સમકિત માને તો યથાર્થતા–સત્યતાનું વિશેષણ ન હોવાથી વિપરીત પદાર્થ માનવામાંયે સમકિત થઈ જાય. માટે જ યથાર્થ વસ્તુ સ્વરૂપ પદાર્થના નિશ્ચયને જ **સમકિત** કહ્યું છે તે જ બરાબર છે.

(૨૩) **પ્રશ્ન**—જગત્‌માં મુખ્ય તત્ત્વ કેટલા છે?

ઉત્તર—બે, જીવ અને અજીવ.

(૨૪) **પ્રશ્ન**—જીવ તથા અજીવના વિશેષ પ્રકારે કેટલા ભેદ છે?

ઉત્તર—એક અપેક્ષા એ છ ભેદ છે, જેને છ દ્રવ્યો કહે છે. તથા બીજી અપેક્ષાએ નવ ભેદ છે, ત્હેને નવ તત્ત્વ કહે છે. એ બધા ભેદો જીવ–અજીવની અવસ્થા (પર્યાય) છે.

(૨૫) **પ્રશ્ન**—છ દ્રવ્યના નામ અને ગુણ કહો.

ઉત્તર—(૧) **ધર્માસ્તિકાયનો ચલન સહાયક ગુણ છે.** જેમ માછલીને ચાલવામાં પાણી સહાયક છે, પ્રેરણા નથી કરતું, તેમ જ જીવ અને પુદ્‌ગલને ગતિ કરવામાં ધર્માસ્તિ કાય સહાયક છે, પણ પ્રેરક નથી.

(૨) **અધર્માસ્તિકાયનો સ્થિર સહાયક ગુણ છે.** જેમ ગ્રીષ્મ ઋતુમાં થાકેલા મનુષ્યને શીતળ વૃક્ષની છાંયા બેસવામાં સહાયક છે, પ્રેરક નથી.

(૩) **આકાશાસ્તિકાયનો જગા–સ્થાન–અવકાશ**

દેવાનો ગુણ છે. જેમ દૂધમાં સાકરને, ભીંતમાં ખીલીને સ્થાન-જગા-મળે છે; તેમ આકાશ સર્વ પદાર્થોને રહે-વાની જગા આપે છે. એક આકાશ પ્રદેશપર જીવ, પુદ્ગલના અનંત પ્રદેશ રાખવાની શકિત વિશેષ છે. એ ખાસ સ્વભાવ છે. જેમ નાનકડું જળચર પ્રાણી પાણીમાં જીવે છે, ત્યારે હાથી સિંહ વિગેરે બૂડી મરે છે અને મોટા મચ્છ પણ પાણીની બહાર મરી જાય છે. આ માત્ર સ્વભાવની વિશેષતા છે.

(૪) **કાલ દ્રવ્યનો વર્તવાનો ગુણ છે.** જેના નિમિત્તે નવા પદાર્થો જુના થાય છે અને જૂના પદાર્થો રૂપાન્તર પામી નવા થાય છે.

(૫) **જીવ દ્રવ્યનું લક્ષણ ચેતના** છે તેના ગુણ છેઃ અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આત્મિક સુખ, અનંત આત્મ શકિત વગેરે.

(૬) **પુદ્ગલ દ્રવ્ય-પુદ્ એટલે મળવું, ગલ એટલે ગળવું-વિખરાવું. વાદળની જેમ એકઠા થવું અને વિખરાવાનો સ્વભાવ છે.**

પુદ્ગલના મુખ્ય ચાર ગુણ કહ્યા છેઃ ૧ વર્ણ, ૨ ગંધ ૩ રસ અને ૪ સ્પર્શ.

(૨૬) **પ્રશ્ન**—કેટલાક લોકો પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ આદિને જુદા જુદા સ્વતંત્ર તત્વો માને છે. તે શું ઠીક ગણાય ?

ઉત્તર—નહિં. કારણ કે પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ એ જુદા જુદા સ્વતંત્ર તત્વો નથી. એકનું બીજું

રૂપ બને છે. જેમકે માટી અને પાણીના યોગે વનસ્પતિ બને છે, તે અગ્નિ રૂપ થઇ જાય છે. વળી પાછી તે અગ્નિ રાખ થઇને માટી બની જાય છે. પાણી ઉકળવાથી વરાળ થઇને વાયુ રૂપ બને છે. બે વાયુ (હાઇડ્રોજન અને ઑકસીજન) મળવાથી પાણી થઇ જાય છે. એક પરમાણુ બીજા રૂપે બની જાય છે; પરંતુ કદિયે તેનું **અસ્તિત્વ** નાશ નથી પામતું. એ **જૈન સિદ્ધાન્ત** આજે સાયન્સથી સિદ્ધ થયેલ છે. અને એટલા માટે જ સાયન્સનું મૂળ સૂત્ર એ થયું કે, કોઈ પદાર્થનો સર્વથા નાશ નથી થતો, સદા નિત્ય રહે છે. અને એ-પર્યાયોની-અપેક્ષાએ બધા પદાર્થોને અનિત્ય પણ માની શકાય છે. અને મૂળ વસ્તુ (દ્રવ્ય) ની અપેક્ષાએ સર્વ વસ્તુ નિત્ય છે.

સારાંશ :—દ્રવ્યની અપેક્ષાએ પદાર્થો નિત્ય છે. પર્યાય (અવસ્થા-હાલત) ની અપેક્ષાએ પદાર્થો અનિત્ય છે.

(૨૭) **પ્રશ્ન**—જ્ઞાનથી શું લાભ થાય છે?

ઉત્તર—વસ્તુને બરાબર સમજવાથી રાગ, દ્વેષ, હર્ષ, શોક નથી થતાં. સદા સમ ભાવ રહે છે. તથા પુદ્ગલમાં શરીર, ધન્, ભોગ, અન્ન, વસ્ત્ર, ઘરેણાં, મકાન, સ્તુતિ, નિંદા આદિ બધાનો સમાવેશ થઇ જાય છે. એને મળવા વિખરવાના સ્વભાવવાળા જાણનાર વિવેકી આત્મા તેમાં મોહ (આસક્તિ-મમત્વ) નથી કરતો. કારણ એ વસ્તુઓ નાશવાન્ છે એમ પ્રતીતે છે. ઉલટો તે મળેલ સાધનોનો સદુપયોગ કરી લેવા માટે ખૂબ દાન દે છે. લોભ કદિ નથી કરતા. શુદ્ધ શીળ પાળે

છે. કારણ કામ ભોગને તે એક ગટરખાનામાં બીજા ગટરખાનું મેળવવા જેવું નિંદનીય ને દુઃખ ભંડાર રૂપ માને છે. તપશ્ચર્યા ખૂબ કરે છે, કારણ શરીર અને ભોજનનો શુદ્ધ ભાવ રાખે છે. કારણ ત્હેને રાગ–દ્વેષ નથી થતા. એ રીતે છ દ્રવ્યનું યથાતથ્ય જ્ઞાન થવાથી વીતરાગ ભાવ પ્રકટી અનંત સુખની પ્રાપ્તિ થાય છે.

(૨૮) પ્રશ્ન—ધર્મ શબ્દના કેટલા અર્થ છે?

ઉત્તર—ધર્મ શબ્દના અભિપ્રાયથી અનેક અર્થ છે. વસ્તુનો સ્વભાવ તે ધર્મ (**वत्थु सहावो धम्मो**) એટલે કે વસ્તુનું શુદ્ધ સ્વરૂપ તે ધર્મ છે. જેમકે જીવનો ધર્મ તેના સ્વભાવિક ચાર ગુણ અનંત જ્ઞાનાદિ છે. એ ગુણોથીજ જીવ સદા જીવપણામાં કાયમ રહે છે.

બીજો અર્થ--ધર્મ એટલે દુઃખમાં પડતાં જીવને ધારી રાખે–બચાવી શકે તે ધર્મ, (અહિંસા, સત્ય, દાન, તપ આદિ કે જેનાથી જીવ સુખ પામે છે.) આ જીવના પરિણામ છે એટલે કે ચારિત્ર ગુણની પર્યાય (હાલત) છે.

ત્રીજો અર્થ– ધર્મ એટલે કર્તવ્ય–ફરજ–છે.

આ બધા અર્થમાં ધર્મને એક ગુણ માન્યો છે.

વળી જૈનશાસ્ત્રોમાં પારિભાષિક ધર્મ શબ્દ એક અજીવ અરૂપી તત્ત્વનું પણ કહ્યું છે. જે ચાલવામાં સહાયક છે. આ એક સંજ્ઞા વિશેષ છે.

બન્નેમાં ‘ચાલવામાં સહાયક થવું’ એટલી તો સાદશતા મળી શકે છે, કારણ અહિંસા આદિ ભાવધર્મથી જીવ ઉંચી ગતિમાં ચાલ્યો જાય છે

(૨૯) પ્રશ્ન—અધર્મ શબ્દના કેટલા અર્થ છે?

ઉત્તર—જુદી જુદી અપેક્ષાએ અધર્મ શબ્દનાયે અનેક અર્થ થઈ શકે છે.

(૧) વસ્તુનો મૂળ સ્વભાવ દૂષિત-વિકારી હોય તે અધર્મ. જેમ જીવના સ્વાભાવિક ચાર મૂળ ગુણો દૂષિત હોય ત્યારે (૧) અજ્ઞાન.

(૨) મિથ્યાત્વ (કુદર્શન, મોહાંધતા)

(૩) ઇન્દ્રિયજન્ય સુખદુઃખ, રાગ દ્વેષ (કુચારિત્ર)

(૪) કુપુરૂષાર્થ (બાળ વીર્ય) હિંસા, વિષય, કષાયમાં પ્રવૃત્તિ થવી, એ ચારેય કામને અધર્મ કહે છે. ધર્મથી સુખ શાંતિ, આનંદ રહે છે, ત્યારે અધર્મથી જન્મ, જરા, મરણ, રોગ, શોક, ભય, ચિંતા આદિ અનંત દુઃખ ભોગવવા પડે છે.

બીજો અર્થ—જે દુર્ગતિ-દુઃખ માં પડતાને બચાવી ન શકે તે અધર્મ. હિંસા, અસત્ય, ચોરી, વિષય સેવન, તૃષ્ણા, નિન્દા, ક્રોધ, માન, કપટ, લોભ, કલહ આદિ અઢાર પાપસ્થાનક અધર્મ છે.

ત્રીજો અર્થ—અકર્તવ્ય-જે કામ ન કરવા યોગ્ય હોય તેને કરવું તે અધર્મ.

ચોથો અર્થ—જૈન શાસ્ત્રમાં પારિભાષિક અધર્મ શબ્દ એક અરૂપી અજીવ તત્વનું પણ નામ છે, એ સંજ્ઞા વિશેષ છે. જે સ્થિર કરવામાં સહાય કરે.

બન્નેમાં 'સ્થિર રહેવામાં સહાયપણું' એ સાદૃશતા છે. કારણ કે. ભાવિ અધર્મ-હિંસાદિ કામોથી દુઃખપૂર્ણ સંસારમાં જ રહે છે. ઉંચે નથી જઇ શકાતું.

આજે ઘણાં મનુષ્યો ધર્મ અધર્મનું ફળ ભવિષ્યમાં મળે છે તેમ સ્હમજી તે માટે બેપરવાહ રહે છે. તે ભૂલ છે કારણ શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના પહેલા અધ્યાયમાં કહ્યું છે કે "**अप्पादन्तो सुहोहोइ अस्सि लोए परत्थय**" વિષય કષાય ત્યાગ રૂપ આત્મદમનથી નિશ્ચયે આ લોક અને પરલોકમાં સુખી થવાય છે. અને પ્રત્યક્ષમાંજ દેખાય છે કે ધર્મથી ચિત્તમાં પ્રસન્નતા, નિર્ભયતા, સંતોષ, સુબુદ્ધિ, વીરતા, ઉત્સાહાદિ માનસિક સુખ અને આરોગ્ય, બલ, વીર્ય, સ્વાશ્રયાદિ શારીરિક સુખ મળે છે જ્યારે હિંસા, અસત્ય, ચોરી, મૈથુનાદિ અધર્મથી-ચિત્તની મલિનતા ભય, આતુરતા, પશ્ચાતાપ, દુર્બુદ્ધિ, કાયરતાદિ માનસિક દુઃખ અને રોગ, દુર્બલતા, અલ્પાયુ આદિ શારીરિક દુઃખ પ્રત્યક્ષમાં અનુભવાય છે માટે અધર્મ છોડી ધર્મનું પાલન કરવું જીવ માત્ર માટે હિતકર છે.

(૩૦) **પ્રશ્ન**—નવતત્ત્વ એ શું છે?

ઉત્તર—જીવ અને અજીવની હાલત-અવસ્થા-એટલે પર્યાય છે. જીવનો અજીવ (કર્મ) સાથે સંબંધ થવાથી પુન્ય, પાપ, આશ્રવ અને બંધ થાય છે. તથા સંબંધ છૂટવાથી સંવર, નિર્જરા અને મોક્ષ થાય છે. એ રીતે બધા મળીને નવતત્ત્વો થાય છે.

(૩૧) **પ્રશ્ન**—જીવની શુદ્ધ હાલત (સ્વભાવ પર્યાય) અને અશુદ્ધ હાલત (વિભાવ પર્યાય) કઈ?

ઉત્તર—પુન્ય, પાપ, આશ્રવ, અને બંધ એ જીવની અશુદ્ધ દશા (પર્યાયો) છે; અને સંવર, નિર્જરા તથા

મોક્ષ; એ જીવની શુદ્ધ દશા છે. અશુદ્ધ દશા સંસારનું કારણ છે, અને શુદ્ધ હાલત મોક્ષનું કારણ છે.

(૩૨) **પ્રશ્ન**—નવ તત્ત્વોનું સામાન્ય લક્ષણ શું?

ઉત્તર—**જીવ**નું લક્ષણ-શુદ્ધ અવસ્થામાં અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આત્મિક સુખ અને અનંત આત્મિક શક્તિ, અશુદ્ધ અવસ્થામાં અલ્પજ્ઞાન અથવા મિથ્યાજ્ઞાન, અલ્પદર્શનશક્તિ અથવા મિથ્યાદર્શન, ઇંદ્રિયજન્ય સુખ-દુઃખ, રાગ-દ્વેષ, બળવીર્ય અથવા પુરૂષાર્થ.

(૨) **અજીવ**નું લક્ષણ-જડ, અચેતન.

(૩) **પુન્ય**—બે પ્રકારે છે. ૧ ભાવપુન્ય-શુભ પરિણામ (વિચાર) અને ૨ દ્રવ્યપુન્ય-શુભ કાર્ય, શુભ કર્મદળ અને શાતાના સંયોગો.

(૪) **પાપ** બે પ્રકારે છે. ૧ પાપભાવ-અશુભ પરિણામ, ૨ દ્રવ્યપાપ-અશુભ કામ, અશુભ કર્મદળ અને અનિષ્ટ સંયોગો.

(૫) **આશ્રવ** બે પ્રકારે છે. ૧ ભાવાશ્રવ-શુભાશુભ પરિણામો. ૨ દ્રવ્યાશ્રવ-શુભાશુભ કામો (મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય, યોગ) અને શુભાશુભ કર્મદળનું એકત્ર થવું.

(૬) **સંવર**—બે પ્રકારે છે. ૧ ભાવસંવર-શુદ્ધોપયોગ, રાગ-દ્વેષ-મોહ (મિથ્યાત્વ મોહનીય) રહિત પરિણામ. ૨ દ્રવ્ય સંવર-મન, વચન, કાયા તથા પાંચ ઇંદ્રિયો પર કાબુ, અહિંસાદિ પાંચ વ્રતો, પાંચ સુમતિ આદિ.

(૭) **નિર્જરા**—બે પ્રકારે છે. ૧ ભાવનિર્જરા-શુદ્ધોપયોગ (રાગ-દ્વેષ-મોહ રહિત પરિણામ), ધર્મ-ધ્યાન-

શુકલધ્યાન. ૨ દ્રવ્યનિર્જરા–અનશન (ઉપવાસાદિ) ઉણોદરી આદિ ૧૨ પ્રકારના તપરૂપી નિર્જરાના કામ અને દેશથકી (અંશ) કર્મદળનું આત્માથી દૂર થવું.

(૮) **બંધ** બે પ્રકારે છે. ૧ ભાવબંધ–રાગ–દ્વેષ–મોહના પરિણામ. ૨ દ્રવ્યબંધ–મન, વચન કાયાની પ્રવૃત્તિ તથા કર્મદળનું જીવના પ્રદેશો સાથે એકમેક થવું.

(૯) **મોક્ષ** પણ બે પ્રકારે છે. ૧ ભાવમોક્ષ–પરમ વિશુદ્ધ વીતરાગ પરિણામ, અકષાયી, અજોગી, અલેશી અવસ્થા (દશા) દ્રવ્યમોક્ષ–સ્થૂલ (ઉદારિક) શરીર, સૂક્ષ્મ (તેજસ–કાર્મણ) શરીર અને આઠેય કર્મોનો સર્વથા ક્ષય થવો.

(૩૩) **પ્રશ્ન**—વ્યવહાર સમકિતના ગુણથી શો ફાયદો થાય છે?

ઉત્તર—વ્યવહાર સમકિતનું સાધન છે. વ્યવહાર સમકિતના ગુણો તત્વજ્ઞાન, વાંચન, મનન અને સમ સંવેગાદિ ગુણોવડે ઉત્કૃષ્ટ ભાવના અને પુરૂષાર્થથી નિશ્ચય સમકિત પ્રકટ ન થાય તો પણ વ્યવહાર સમકિતથી સુગતિ અને આત્માની નિર્મળતા તો અવશ્ય થાય છે. મિથ્યાત્વમાં બુડીને અનંત દુઃખી થવાના ઠેકાણાથી અને ભયંકર દુઃખોથી બચવા માટે પણ વ્યવહાર સમકિતનું સેવન પરમ હિતકારી છે.

(૩૪) **પ્રશ્ન**—નિશ્ચય સમકિતની ઓળખાણ કેમ થાય?

ઉત્તર—**સ્વાનુભુતિ** એટલે શુદ્ધ આત્મ સ્વરૂપના અનુભવથી નિશ્ચય સમકિત જણાય છે. જે અતીંદ્રિય

(ઇંદ્રિય સુખરહિત) આત્મિક, અવિકારી, નિર્વિકલ્પ સુખનો અનુભવ છે, તે જ નિશ્ચય સમકિતનું લક્ષણ છે.

(૩૫) **પ્રશ્ન**—પ્રકૃતિની અપેક્ષાએ સમકિતના કેટલા ભેદ છે?

ઉત્તર—ચાર. ૧ ક્ષાયિક, ૨ ઉપશમ, ૩ ક્ષયોપશમ અને ૪ વેદક સમકિતઃ સાત પ્રકૃતિ (અનંતાનુબંધી ક્રોધ-માન-માયા-લોભ અને સમકિત મોહનીય, મિથ્યાત્વ મોહનીય, મિશ્રમોહનીય)નો ક્ષય-(બળ્યા બીજ માફક, જેમાંથી અંકુર ઉગી ન શકે તેમ)-નાશ કરવો તેને **ક્ષાયક સમકિત** કહે છે. (આ સાત પ્રકૃતિ જ અનંત સંસારમાં ભ્રમણ કરાવનારી છે. તેના નાશ થવાથી ભવ-ભ્રમણ મટી જાય છે.) એ સાત પ્રકૃતિને ઉપશમાવે (ઢાંકે -ઠંડી પાડે પણ સત્તામાં હોય) તેને **ઉપશમ સમકિત** કહે છે. જેમ ભારેલો અગ્નિ, સાત પ્રકૃતિઓમાંથી કેટલીક પ્રકૃતિનો ક્ષય કરે અને કેટલીકને ઉપશમાવે (ઢાંકે- સત્તામાં તો હોય) તેને **ક્ષયોપશમ સમકિત** કહે છે. કેટલીક પ્રકૃતિઓનો ક્ષય કરે અને કેટલીકનો ઉદય થાય (વેદે) તેને **વેદક સમકિત** કહે છે.

(૩૬) **પ્રશ્ન**—વિશેષ પ્રકારે સમકિતના કેટલા ભેદ છે?

ઉત્તર—નવ ભેદ છે. ૧ ક્ષાયક, અને ૨ ઉપશમ. સમકિતનો એકેક ભેદ ઉપર મુજબ છે. ક્ષયોપશમ સમકિતના ત્રણ ભેદ છે.

(૧) અનંતાનુબંધી ચાર કષાયનો ક્ષય કરે અને દર્શન મોહનીય ત્રણ પ્રકૃતિ ઉપશમાવે.

(૨) અનંતાનુબંધીની ચાર અને મિથ્યાત્વ મોહનીય એ પાંચ પ્રકૃતિનો ક્ષય કરે અને બે પ્રકૃતિને ઉપશમાવે.

(૩) છ પ્રકૃતિનો ક્ષય કરે અને સમકિત મોહનીય ઉપશમાવે.

વેદક સમકિતમાં માત્ર સમકિત મોહનીયને વેદે અને છ યે પ્રકૃતિનો ક્ષય કરે, ઉપશમ કરે અથવા ક્ષયોપશમ કરે, તેના ચાર ભેદ છે—

(૧) સમકિત મોહનીય વેદે અને છ પ્રકૃતિ ક્ષપાવે તે **ક્ષાયક વેદક.**

(૨) સમકિત મોહનીય વેદે અને છ પ્રકૃતિ ઉપશમાવે તે **ઉપશમ વેદક.**

(૩) સમકિત મોહનીય વેદે અને ચાર અનુંતાનુબંધીનો ક્ષય કરે તથા મિથ્યાત્વ અને મિશ્ર મોહનીયને ઉપશમાવે તે પહેલી **ક્ષયોપશમ વેદક.**

(૪) સમકિત મોહનીય વેદે અને પાંચ પ્રકૃતિ ચાર અનુંતાનુબંધી અને મિથ્યાત્વ મોહનીય) નો ક્ષય કરે તથા મિશ્ર મોહનીયને ઉપશમાવે તે બીજી **ક્ષયોપશમ વેદક.**

(૩૭) **પ્રશ્ન**—ચારેય પ્રકારના સમકિતમાં યથાર્થ તત્ત્વ, શ્રદ્ધા અને આત્મિક સુખમાં ન્યૂનાધિકતા હોય છે કે સમાનતા ?

ઉત્તર—ચારેય સમકિતમાં સ્થિતિની અપેક્ષાયે ભેદ છે, પરંતુ નિશ્ચય અને અનુભવની અપેક્ષાયે કંઇ ભેદ નથી. સ્થિતિબંધ કૃત ભેદો હોવાથી સમકિતોની સ્થિતિ

ભિન્ન ભિન્ન છે. અનુભાગ–રસોદયકૃત ભેદ કંઈ પણ નથી. બધા ભેદોમાં આત્માના નિજ સ્વરૂપને અનુભવ સુખનો દેનાર એક જ **સમ્યકત્વ ગુણ** છે. જેમ નિર્મળ પાણીમાં અને કાદવ નીતરેલા પાણીમાં પડેલું રત્ન બરાબર પ્રકાશે છે અને કીચડના નીતરેલા પાણીમાં રહેલું રત્ન સંયોગ-વશ કોઈ વાર પ્રકાશતા અટકે પણ છે, એવી જ રીતે ક્ષાયિક સમકિત શુદ્ધ જળવત્ **સાદિઅનંત**–સદાને માટે કાયમ રહે છે.

(૩૮) **પ્રશ્ન**—ચાર પ્રકારના બંધમાં ફળ દેનાર બંધ કયો છે?

ઉત્તર—પ્રકૃતિ, સ્થિતિ અને પ્રદેશ બંધ ફળ દેવામાં કે કોઈ ગુણનો ઘાત કરવામાં સમર્થ નથી. માત્ર અનુ-ભાગ બંધ, રસ બંધ જે કષાયથી જ ઉત્પન્ન થાય છે તે ફળ દેવા સમર્થ છે.

(૩૯) **પ્રશ્ન**—સમકિત પ્રકટ થવામાં અંતરંગ કારણ કર્મ પ્રકૃતિની અપેક્ષાયે સાત પ્રકૃતિનો અભાવ છે. તો સાત પ્રકૃતિ જીવને શું અસર કરે છે?

ઉત્તર—અનંતાનુબંધી–અનંત (ઘણા) અનુબંધ (રસની તીવ્રતા) વાળા ક્રોધ, માન, માયા, લોભ; જે અનંત કર્મ વર્ગણાનો બંધ કરે છે, અનંત સંસારનું કારણ છે, અનંત જ્ઞાન–સુખ આદિ આત્મિક ગુણોનો ઘાત કરે છે તેને અનંતાનુબંધી કહે છે. પર વસ્તુઓને પોતાની માનીને તેમાં રાચવું, સ્વસ્વરૂપને ભૂલવું ઇ. તેની અસર છે. જેમ ઘણા નશા (કેફ)થી શાણો માણસ પણ સાર

વસ્તુને ફેંકી અસાર ગ્રહણ કરે છે, પીતજ્વરમાં સ્વાદિષ્ટ ભોજન પણ કડવું લાગે છે, કમળાના રોગવાળો સફેદ મોતીની માળાનેય પીળી જુએ છે; એવી જ રીતે અનંતાનુબંધીના ઉદયથી આત્મિક સુખને સ્થાને ઇન્દ્રિયજન્ય સુખોમાં મમત્વ થાય છે. એટલે જ આ જીવ અનાદિથી સંસાર ભ્રમણ કરે છે. અનંતાનુબંધી કષાય ચોકડીથી જ અનંત સુખદાયી સ્વરૂપાચરણ ચારિત્રનો ઘાત (નાશ) થાય છે, મિથ્યાત્વ મોહનીયને લીધે પરવસ્તુમાં મમત્વ થાય છે અને વિપરીત બુદ્ધિ થઇને શરીર, ભોગાદિને પોતાના માને છે.

મિશ્ર મોહનીય—કંઇક સત્ય, કંઇક અસત્ય; એમ બન્નેમાં મમત્વ (મૂર્છા) પેદા કરાવે છે.

સમકિત મોહનીય—શુદ્ધ સત્ય (આત્મા) નિશ્ચયમાં અસ્થિરતા (શંકા, કાંક્ષાદિ દોષ ઉપજાવે છે.)

(૪૦) **પ્રશ્ન**—સમકિત ઉપજવામાં ચારિત્ર મોહની અનંતાનુબંધી કષાય પ્રકૃતિનો અભાવ થવાથી કયું ચારિત્ર પ્રકટે છે ?

ઉત્તર—ચારિત્ર એટલે રમણ કરવું, વિચરવું, અનુભવ કરવો; એવો અર્થ થાય છે. અનાદિ કાળથી આત્મા પરદ્રવ્ય (વિષય-કષાય) માં રમણ કરતો તે હવે દેશ (અંશ) થી નિજ (શુદ્ધાત્મ) સ્વરૂપમાં રમણ કરતો થાય. આ સ્થિતિ ચોથા ગુણસ્થાનથી જ શરૂ થાય છે. એટલે જ ત્રણેય લોકના વિષય ભોગના સુખથી સમ દૃષ્ટિનું આત્મ રમણતાનું સુખ અનંતગણું બતાવ્યું છે.

(૪૧) **પ્રશ્ન**—દર્શન મોહનીયની ત્રણ પ્રકૃતિના અભાવે શું ફળ થાય ?

ઉત્તર—વિપરીત (ઉંધો) નિશ્ચય, મિશ્ર નિશ્ચય અને સત્યમાં મલિનતાવાળો નિશ્ચય; એ ત્રણેયનો નાશ થઈ યથાર્થ શુદ્ધ સ્વરૂપનો નિશ્ચય થાય છે.

(૪૨) **પ્રશ્ન**—સમકિતી જીવ અનુકૂળ-પ્રતિકૂળ સંયોગોમાં અભય, અડગ, સમભાવી કેવી રીતે રહી શકે ?

ઉત્તર—સમકિતી આત્મા એટલો પ્રબળ, અને નિર્ભય થઈ જાય છે કે, ત્હેને કોઇ પ્રકારની બીક નથી હોતી. તે ઇષ્ટ-અનિષ્ટ સંયોગોને જડ-પુદ્‌ગલની દશા (પર્યાય) સમજીને સ્વસ્વરૂપથી ડગતો નથી. તે વિચારે છે કે, હું આ જડ પદાર્થોથી જુદો છું, એકલો અનંત જ્ઞાન દર્શનાદિ ગુણ સ્વરૂપ છું, વિકાર રહિત છું, શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ છું. આ બધા વિકારો પૌદ્‌ગલિક છે. શરીર, ઇંદ્રિય ભોગ, પરિવાર, ધન, યશ, નિંદા, સુખ-દુઃખના નિમિત્તો એ સર્વ અનિત્ય (નાશવાન્) છે. મારા ગુણોને એ વધારી કે ઘટાડી શકતા નથી. હું પોતે જ કાયર બનીને હર્ષ, શોક, રાગ, દ્વેષ કરીને આત્માના જ્ઞાન સુખાદિ ગુણોને મલીન દૂષિત-વિકારી કરૂં છું. પ્રથમ અજ્ઞાનપણાથી હું જ મ્હારા આત્માને દુઃખી કરતો. હવે મેં સાચું સ્વરૂપ સમજી લીધું છે, તેથી સમભાવમાં જ રહીશ. મરણ સુધીયે શરીરનો નાશ છે. ચેતનરાજ તો સદા **ચૈતન્ય** રૂપે જ રહેવાનો; એમ વિચારીને સદા **અભય** રહે.

(૪૩) **પ્રશ્ન**—રોગ તથા મરણ ભય ઉપજે ત્યારે સમદૃષ્ટિ શું વિચારે?

ઉત્તર—આ શરીર જડ છે, અચેતન છે, હાડ-માંસ-લોહી મલ-મૂત્ર-કીડા અને નશા જાળથી ભરેલું છે; રોગ શરીરનો નાશ કરી શકે છે. શરીર જીવથી છુટું થાય તેને મરણ કહે છે, રોગ અને મરણ ચૈતન્યનું કંઇ નથી લઈ શકતા. મારા આત્માનો ચારિત્ર ગુણ આત્મ સ્વરૂપમાં રમણ કરવાનો છે. તે ભૂલીને શરીર મમત્વ, ભોગ-આનંદ આદિથી વેદના ભોગવી રહ્યો છું. પણ જો હું આ (દુઃખ-વેદના) વખતે જ્ઞાન, વૈરાગ્ય અને આત્મ ભાવનાથી સમ ભાવે દુઃખ સહીશ તો સદાને માટે આવી શારીરિક વેદનાઓ અને મરણ દુઃખ છુટી જશે. જેમ લેણદાર આવ્યો, ખુશીથી દેવું (કરજ) દઈ દીધું, નવો ઝઘડો કે કરજ ન કર્યું તો સદાનો છુટકારો થયો. એવી જ રીતે આ બધું દુઃખ મ્હારા જ અજ્ઞાન અને વિષય સેવનનું ફળ છે. હવે નવા બીજ નહિ વાવું તો ફળ ક્યાંથી લાગશે?

દોહા—સુખદુઃખ જાણે જીવ સહુ, સુખદુઃખ રૂપ ન જીવ;
સુખદુઃખ પુદ્ગલ પિંડ છે, જડતા રૂપ સદીવ.
રોગ પીડે છે દેહને, નહિં જીવને ખાસ;
ઘર બળે અગ્નિ વડે, નહિં ઘરનું આકાશ.

ઈત્યાદિક સદ્વિચારોથી આત્મિક અમૃતસુખનું પાન કરે.

(૪૪) **પ્રશ્ન**—બધા સુખદુઃખમાં સમતા ધારી શકાય એવી શક્તિ ક્યારે આવે છે?

ઉત્તર—જીવ, અજીવાદિ નવ તત્ત્વોનું દ્રવ્ય, ગુણ, પર્યાયથી જ્ઞાન કરીને પર વસ્તુથી હું સદા ભિન્ન છું, એમ વારંવાર અંતર ઉપયોગપૂર્વક ભાવના કરવાથી **ભેદજ્ઞાન-સમકિત** થાય છે. એથી સદા પરમ સમતા રસનું જ પાન થાય છે અને રાગ, દ્વેષ, મોહ ફરકી ન શકે.

(૪૫) **પ્રશ્ન**—દ્રવ્ય, ગુણ, પર્યાયનું જ્ઞાન કરવાની શિક્ષા શેમાં આપી છે?

ઉત્તર—શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના મોક્ષ માર્ગનામે અધ્યયનમાં પ્રથમ જ્ઞાન શાનું કરવું? એમ બતાવતા પાંચમી ગાથામાં કહ્યું છે કે, આ પાંચ પ્રકારના જ્ઞાન (મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ અને કેવળ જ્ઞાન) દ્રવ્ય, ગુણ અને પર્યાયને જાણવાના જ છે. એ જ્ઞાનને બધા તીર્થંકરોએ જ્ઞાન કહ્યું છે. જ્યાં આવું જ્ઞાન નથી ત્યાં સમ્યક્ જ્ઞાન ન હોઈ શકે, કારણ કે જે વસ્તુને બરાબર ન સમજે તે સત્ય સ્વરૂપને કઈ રીતે જાણી શકે? શ્રી અનુયોગદ્વાર સૂત્રમાં કહ્યું છે કે, આચાર્ય મહારાજ પોતાના શિષ્યોને બધા શાસ્ત્રોનું જ્ઞાન દ્રવ્ય, ગુણ, પર્યાય સહિત આપે. ચાર અનુયોગમાં દ્રવ્યાનુયોગના અંતર ઉપયોગ સહિત જ્ઞાનને નિશ્ચય જ્ઞાન કહ્યું છે, અને ધર્મ કથાનુયોગ, ચરણ કરણાનુયોગ અને ગણિતાનુયોગ; એ ત્રણેય અનુયોગોને વ્યવહાર જ્ઞાન કહ્યું છે.

(૪૬) **પ્રશ્ન**—દ્રવ્ય કોને કહે છે?

ઉત્તર—(૧) ગુણોના સમુહને દ્રવ્ય કહે છે. (૨) જે ગુણ પર્યાયયુક્ત હોય તે દ્રવ્ય, (૩) જે ગુણોનું ભાજન

(પાત્ર-ગુણી) હોય તે દ્રવ્ય, (૪) ઉત્પાદ (ઉત્પન્ન થવું) વ્યય (પર્યાય પક્ષે નાશ થવો) અને ધ્રુવ (દ્રવ્ય રૂપે કાયમ રહેવું); એ ત્રણ ગુણો ધરે તે દ્રવ્ય. જેમકે જીવ દ્રવ્ય, અજીવ દ્રવ્ય આદિ.

(૪૭) **પ્રશ્ન**—ગુણ કોને કહે છે?

ઉત્તર—(૧) જે હંમેશા દ્રવ્યના પૂર્ણ ભાગમાં અને બધી હાલતમાં રહે તે ગુણ.

(૨) જે દ્રવ્યને ઓળખાવે તેને ગુણ કહે છે. જેમ કે-જીવનો ગુણ જ્ઞાન, પુદ્ગલનો ગુણ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ ઇત્યાદિ.

(૪૮) **પ્રશ્ન**—પર્યાય કોને કહેવી?

ઉત્તર—હાલત અથવા અવસ્થાને પર્યાય કહે છે. જે રૂપાંતર પામે-પલટતી રહે તે પર્યાય.

(૪૯) **પ્રશ્ન**—પર્યાયના પ્રકાર કેટલા?

ઉત્તર—બે. ૧ શુદ્ધ પર્યાય અને ૨ અશુદ્ધ પર્યાય.

(૫૦) **પ્રશ્ન**—શુદ્ધ પર્યાય કોને કહે છે?

ઉત્તર—(૧) જે બીજા દ્રવ્યના નિમિત્તે ન થાય તે શુદ્ધ પર્યાય (હાલત) છે.

(૨) જે વિકાર રહિત હોય તે શુદ્ધ પર્યાય છે.

(૩) જે સર્વકાળમાં એક સરખું પરિણમન કરે, શુદ્ધતાનો કદિ નાશ ન થાય તે શુદ્ધ પર્યાય છે. જેમકે જીવની શુદ્ધ પર્યાય સિદ્ધ સ્વરૂપ અને કેવળ જ્ઞાન-દર્શન આદિ.

(૫૧) **પ્રશ્ન**—અશુદ્ધ પર્યાય કોને કહેવી?

ઉત્તર—(૧) જે બીજા દ્રવ્યના નિમિત્તે થાય તે અશુદ્ધ પર્યાય.

(૨) જે વિકાર સહિત હોય તે અશુદ્ધ પર્યાય.

(૩) જે સર્વકાળમાં એક સરખી ન રહે અને વિનાશિક હોય તે અશુદ્ધ પર્યાય છે. જેમકે-જીવની અશુદ્ધ પર્યાય મનુષ્ય, તિર્યંચ, મતિ જ્ઞાનં આદિ.

(૫૨) **પ્રશ્ન**—શુદ્ધ પર્યાયમાં જીવની કેવી હાલત (દશા) હોય છે?

ઉત્તર—શુદ્ધ પર્યાયમાં જીવના ચારેય ભાવ પ્રાણ શુદ્ધ હોય છે.

(૫૩) **પ્રશ્ન**—પ્રાણ કેટલા પ્રકારના છે?

ઉત્તર—બે પ્રકારના. વ્યવહાર પ્રાણ અને નિશ્ચય પ્રાણ. (૧) વ્યવહાર પ્રાણના દશ ભેદ છે. પાંચ ઇંદ્રિય મન, વચન, કાયા, શ્વાસોચ્છ્વાસ અને આયુષ્ય; એ દશ વ્યવહાર પ્રાણો કર્મનિમિત્તે જીવને પેદા થાય છે. નિશ્ચય પ્રાણના ચાર ભેદ છે. અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત સુખ અને અનંત શક્તિ; એ ચાર નિશ્ચય પ્રાણો સદા કાયમ રહે છે. એથી જ જીવ નિશ્ચયનયે ત્રણ કાળમાં કાયમ-જીવિત રહે છે. સંસારી જીવોના આ નિશ્ચય પ્રાણો રાગદ્વેષ, મોહાદિથી મલિન (દૂષિત) થઈ રહ્યા છે, પરંતુ તેનો સર્વદા નાશ કદિયે નથી થતો. વ્યવહાર પ્રાણના નાશને વ્યવહારમાં મૃત્યુ કહે છે. સમદષ્ટિ આત્મા મૃત્યુ અને ઉપસર્ગ આવ્યે પોતાને નિશ્ચય પ્રાણથી અજર-અમર-અવિનાશી માનીને અભય (પરમાનંદી) રહે છે.

બીજાના વ્યવહાર પ્રાણોને પીડા કરવાથી તે જીવ દુઃખ માને છે એને જ હિંસાનું પાપ કહે છે. તેના ફળ રૂપે પોતાને દુઃખ ભોગવવું પડે છે. વ્યવહાર પ્રાણ શરીર, મન વગેરેને કષ્ટ દેવાથી સ્વ તથા પરને રાગ, દ્વેષ, કલેશ, ક્રોધ, શોકાદિ થાય છે, તે સ્વ પરની નિશ્ચય હિંસા છે. એટલા જ માટે કોઇને દુઃખ ન દેવું જોઇએ.

(૫૪) **પ્રશ્ન**—દુઃખ કેવી રીતે પેદા થાય છે?

ઉત્તર—ભયથી દુઃખ પેદા થાય છે.

(૫૫) **પ્રશ્ન**—ભય કેવી રીતે થાય છે?

ઉત્તર—પ્રમાદથી.

(૫૬) **પ્રશ્ન**—પ્રમાદ કોને કહે છે?

ઉત્તર—**प्र**=વિશેષ પ્રકાર+**माद**=મૂઢ થવું, મૂર્છિત થવું=આત્મ સ્વરૂપને ભૂલી જઇને ઇંદ્રિય સુખ અને બાહ્ય જડ પદાર્થોમાં મમત્ત્વ કરવું, સુખદુઃખ માનવું; તેનું નામ **પ્રમાદ** છે.

(૫૭) **પ્રશ્ન**—પ્રમાદ કેટલા પ્રકારના છે?

ઉત્તર—પાંચ પ્રકારના (૧) મદ (ગર્વ) (૨) વિષય (ઇંદ્રિય ભોગ) (૩) કષાય (ક્રોધ, માન, માયા, લોભ) (૪) નિદ્રા અને (૫) વિકથા (સ્વ-પરહિત સિવાયની વાતો).

પ્રશ્ન—પ્રમાદને કોણ ઉપજાવે છે?

ઉત્તર—અજ્ઞાન (વિપરીત જાણવું) અને મિથ્યાત્વ (વિપરીત માન્યતા)

(૫૯) **પ્રશ્ન**—દુઃખોનો નાશ કરવાનો ઉપાય શો?

ઉત્તર—સમ્યક્જ્ઞાન અને સાચી સમજણ (સમકિત)

પૂર્વક પ્રમાદ છોડવો જોઇએ. પ્રમાદ છોડવાથી ભયનો નાશ થશે અને ભય નાશ થવાથી સકળ દુઃખોનો નાશ થઈ અક્ષય સુખ (સદા અભય) પ્રાપ્ત થશે.

(૬૦) **પ્રશ્ન**—સમદૃષ્ટિ જીવ સંસારના કામ કેવી રીતે કરે છે ?

ઉત્તર—જેમ કોઇ ચોરને કોટવાળે કાળુ મોઢું કરીને ગધેડાપર બેસાડયો. એ કામ ચોરે હર્ષથી નહિ પણ પરવશપણે કરવું પડે છે, તેવી જ રીતે સમદૃષ્ટિ જીવ કર્મ રૂપ કોટવાળની પરતંત્રતાથી સંસારના કામો ઉદાસીન (રાગદ્વેષ રહિત) ભાવે કરે છે. જેમ ધાવમાતા પુત્રને દૂધ પાય, રમાડે, લાડ લડાવે; પરંતુ મનમાં તે બાળકને પોતાનો પુત્ર માનવા જેટલું મમત્વ કરતી નથી. પોતાને પુત્રથી ભિન્ન ભાડુતી માતા સમજે છે તેમ સમદૃષ્ટિ આત્મા સંસારમાં આસકિત મૂકીને વિરકત રહે.

કોઈ વિકટ પ્રસંગે તપાવેલા લોઢાના પતરાવાળી ભૂમિ ઉપર માણસને ઉઘાડે પગે દોડવું પડે તો તે તેમાં આનંદ ન માને, વિશ્રામ લેવાનો વિચારેય ન કરે; એવી જ રીતે સમદૃષ્ટિ આત્મા વિષય કષાયરૂપી વિભાવ અગ્નિથી તપ્ત સંસાર પ્રવૃત્તિ કરતી વખતે આનંદ ન માને. ત્યાં વિશ્રામ ન લેતાં જલ્દી ઓળંગીને ઉપસ્થાન (સંયમ)-માં વિશ્રામ લે છે.

(૬૧) **પ્રશ્ન**—સમદૃષ્ટિ આત્માને સંસારના કાર્યો કરતાં છતાં પણ કર્મ બંધન થોડું અને લુખું કેમ થતું હશે ?

ઉત્તર—(૧) સમદૃષ્ટિ દરેક કાર્ય કરવામાં હિતાહિત,

લાભાલાભ, ન્યાયાન્યાય, સત્યાસત્યનો સંપૂર્ણ વિચાર રાખે છે અને અહિત, અલાભ, અન્યાય અને અસત્યને છોડે છે.

(૨) સાંસારિક કામોમાં શરીર, ધન, ભોગ અને બધા પદાર્થોમાં માલિકી (મારાપણું) નથી રાખતો, પરંતુ જીવની અશુદ્ધ દશાથી રોગની ચેષ્ટા તુલ્ય પ્રવૃત્તિ કરૂં છું એમ માને છે.

(૩) અંતરરૂચિ–અભિલાષાપૂર્વક ભોગ નથી ભોગવતો.

(૪) પ્રત્યેક કાર્યમાં વિરકત (અનાસકત) ભાવ રાખે છે. હરેક કાર્ય કરતી વેળા વિચારે છે કે—હે ચેતન! આ હિંસા, વિષય, કષાય ત્હને ભયંકર દુઃખ દેશે. માટે એને છોડ. ન છુટે તો ઘટાડ. ત્હારો સ્વભાવ (ધર્મ) તો હિંસા, વિષય, કષાયને સર્વથા છોડીને જ્ઞાન, દર્શન, ચારિત્રમાં લીન થવાનો છે.

સમદૃષ્ટિ જીવ સંસારના કામ ઉદાસીન (રાગ દ્વેષ રહિત) ભાવે કરે છે. જેથી કર્મોનું બંધન બહુ મંદ થાય છે. કારણ રાગદ્વેષને નિમિત્તે જ રસબંધ (અનુભાગબંધ) થાય છે.

(૬) સમજુ શંકે પાપથી, અણુસમજુ હરખાય;
એક લુખાં એક ચીકણા, ઈણવિધ કર્મ બંધાય.

સંસારી પ્રવૃત્તિ કરતી વખતે સમદૃષ્ટિ જીવ ઘણું દુઃખ માને, ભય પામે, ત્હેને ઘટાડવા પ્રયત્ન કરે જેથી લુખા–રૂક્ષ કર્મ બંધાય છે અને સંસારી કર્મોમાં હર્ષ શોક કરવાથી ચીકણા કર્મ બંધાય છે.

સત્પુરૂષાર્થ, સત્ય, અહિંસા, પ્રમાણિકતા, સમભાવ,

ગુણાનુરાગ, ઉદાસીનતા, ક્ષમા, નિરભિમાનતા, નિષ્કપટતા અને નિર્લોભતા; આ ગુણોનું પાલન કરીને વ્યાપાર કાર્ય, ઘર કામ અને શરીર રક્ષા કરે છે, તેથી સમદષ્ટિ જીવોને કર્મ બંધન લુખું અને થોડું થાય છે.

શિક્ષા–આજે સમદષ્ટિ, શ્રાવક અને સાધુ નામ ધરાવવા છતાં ઉપરના ગુણોની પ્રાપ્તિ અલ્પ છે. એવું જાણીને જો આ લોક પરલોકના દુઃખોથી છુટવું હોય તો ઉપર કહેલા ગુણો પ્રકટ કરવા જોઈએ. સદ્‌ગુણોથી આ લોકમાં જ શાંતિ, તૃપ્તિ, નિર્ભયતા, ગુપ્ત આનંદ, સ્વપર ઉન્નતિ, પ્રેમ વૃદ્ધિ અનુભવાય છે. તો પરલોકમાં પરમ સુખ થાય તેમાં શી શંકા. " **कडेमाणेकडे** " કરવા માંડે કે કર્યું કહેવું, કારણ અને કાર્યમાં અભેદ છે. જેટલે અંશે કારણ પ્રબલ તેટલે અંશે કાર્યની સિદ્ધિ થાય છે. માટે ઉત્તમ કારણો સેવતાં જ તત્કાળ ઉત્તમ ફળ મળવું શરૂ થાય છે.

(૬૨) **પ્રશ્ન**—જીવના ચેતના ગુણના ભેદ કેટલા છે?

ઉત્તર—બે ભેદ છે. જ્ઞાનચેતના અને અજ્ઞાનચેતના.

(૬૩) **પ્રશ્ન**—જ્ઞાનચેતના એટલે શું?

ઉત્તર—રાગ-દ્વેષ-મોહ રહિત શુદ્ધ આત્મજ્ઞાન (આત્માનુભવ) તે અચેતના.

(૬૪) **પ્રશ્ન**--જ્ઞાન ચેતના કયારે પ્રકટે છે?

ઉત્તર--જ્ઞાનાવર્ણિય, દર્શનાવર્ણિય, મોહનીય અને અંતરાય; એ ચાર ઘાતી કર્મોનો સર્વથા નાશ થવાથી કેવળજ્ઞાન પ્રકટે છે. તેને પ્રતિપૂર્ણ જ્ઞાન ચેતના કહે છે.

(૬૫) **પ્રશ્ન**--જ્ઞાન ચેતનાની શરૂઆત કયારથી થાય છે?

ઉત્તર--અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ અને ત્રણ દર્શન (મિથ્યાત્વ, મિશ્ર, સમકિત) મોહનીય; એ સાતેય પ્રકૃતિ છોડવાથી સમકિત ગુણ (આત્મબોધ) પ્રકટે છે. ત્યારથી બીજના ચંદ્રમાની જેમ જ્ઞાનચેતના શરૂ થાય છે. ત્યાંથી કંઇક અંશે અતીન્દ્રિય આત્મિક સુખનો અનુભવ પ્રકટ થાય છે.

(૬૬) **પ્રશ્ન**—જ્ઞાન ચેતના પ્રકટાવવાનો ઉપાય શું ?

ઉત્તર—અજ્ઞાન, રાગ, દ્વેષ, મોહાદિ ઘટાડીને આત્મ-સિંચન કરવું.

(૬૭) **પ્રશ્ન**—અજ્ઞાન ચેતના કોને કહે છે ?

ઉત્તર—જે યથાર્થ આત્મ સ્વરૂપ ન સમજે; શરીર, ઇંદ્રિયો અને ભોગાદિમાં મમત્વ રાખીને સુખઃદુખ અને રાગદ્વેષના ભાવ ધરે તે અજ્ઞાન ચેતના.

(૬૮) **પ્રશ્ન**—અજ્ઞાન ચેતનાના કેટલા ભેદ છે ?

ઉત્તર—બે. કર્મ ચેતના અને કર્મફળ ચેતના.

(૬૯) **પ્રશ્ન**—કર્મ ચેતના કોને કહેવી ?

ઉત્તર—મોહના ઉદયે અને વીર્યાન્તરાયના ક્ષયોપશમથી રાગ, દ્વેષ, મોહાદિમાં પ્રવૃત્તિ થવી તે કર્મચેતના. તેને કર્મબંધનાં પરિણામ કહે છે. આ ભાવ કર્મ છે, એથી જ અનન્ત કર્મદલ (દ્રવ્ય કર્મ) આત્માને ચોંટે–લાગે છે.

(૭૦) **પ્રશ્ન**—રાગ, દ્વેષ અને મોહના કેટલા ભેદ છે ?

ઉત્તર—આત્માનું સુખ (ચારિત્ર) ગુણની ઘાતક ૧૩ પ્રકૃતિ (૪ કષાય અને ૯ નોકષાય) છે. એમાં સાત પ્રકૃતિ રાગની છે. (૧) માયા (કપટ), (૨) લોભ, (૩) હાસ્ય,

(૪) રતિ (હર્ષ), (૫) પુરૂષવેદ (સ્ત્રીવાંછા), (૬) સ્ત્રીવેદ (પુરૂષવાંછા), (૭) નપુંસકવેદ (અતિવિકાર).

શિક્ષા—વર્તમાનમાં વિકાર વધી ગયો છે. એથી જ નપુંસકત્વ વધારે દેખાય છે. પુરૂષત્વ તો વિરલમાં જ છે. પુરૂષ પણ વિશેષ વિકારથી નપુંસક બની જાય છે. આવી દશા જોઈને વિકારોને જીતવા અને બ્રહ્મચર્ય ગુણ વધારવો. એ માટે તામસી ખોરાક ત્યાગવો. વ્યાયામ, આસન, સત્સંગ, ઉત્તમ વાંચન, સદ્‌ભાવના, દષ્ટિ સંયમ અને સુરિવાજોના સેવન વડે ફરી પુરૂષત્વ મેળવવું જરૂરી છે. દવાઓનાં પ્રપંચમાં ન ફસાવું. પૌષ્ટિક દવાઓ ક્ષણિક શક્તિ તો આપશે પરંતુ આખરે બમણો વિકાર જગાડી વધુ ખરાબ હાલત કરશે. કુદરતી અને કાયમી પુરૂષત્વ સાત્ત્વિક ઉપાયોથી મળે છે.

દ્વેષની છ પ્રકૃતિ છે–૧ ક્રોધ, ૨ માન, ૩ અરતિ, ૪ ભય, ૫ શોક અને ૬ દુર્ગચ્છા.(અરૂચિ–નિંદા–ઘૃણા–અભાવ).

મોહની ત્રણ પ્રકૃતિ છે–મિથ્યાત્વમોહ, મિશ્રમોહ અને સમકિતમોહ.

(૭૧) **પ્રશ્ન**—કર્મફળ ચેતના એટલે શું ?

ઉત્તર—સુખદુ:ખ ભોગવવું તે. એટલે કે કર્મઉદયના પરિણામ તે કર્મફળ ચેતના.

(૭૨) **પ્રશ્ન**—ચેતનાનું જ્ઞાન કરવાનો મતલબ શો ?

ઉત્તર—કર્મચેતના એટલે રાગ, દ્વેષ, મોહથી સર્વ દુ:ખ થાય છે. કારણ કે સંસાર (જન્મ–જરા–મરણ)નું બીજ રાગ–દ્વેષ છે. અને કર્મફળ અર્થાત્ સુખદુ:ખની

બુદ્ધિ વડે જ–રાગદ્વેષ થાય છે. એવું જાણીને આ બન્ને અજ્ઞાન ચેતનાને છોડીને જ્ઞાનચેતના–સમભાવ–પ્રકટાવવો. જેથી સદા સત્ય અવિનાશી સુખ ઉભય લોકમાં પ્રાપ્ત થાય.

(૭૩) **પ્રશ્ન**—સમદૃષ્ટિની વિશેષતા શી છે?

ઉત્તર—સમદૃષ્ટિ નિર્મોહી રહે છે. સંસારના કોઈ પદાર્થમાં મમત્વ, મોહ કે માલિકી (પોતાપણું) ન ધરે. કેવળ ઉદાસીન (રાગ–દ્વેષ રહિત) પ્રવૃત્તિ કરે છે. વિષય જન્ય પ્રવૃત્તિ સદા ઘટાડે છે. પરવશતાથી ન છુટે તો અંતરથી તેનો પશ્ચાતાપ કર્યા કરે છે, અને સમભાવ પ્રગટાવે છે. સમભાવ એજ પરમ સુખ છે. સર્વશાસ્ત્ર ને ચૌદ પૂર્વ એ બધાં સમભાવની ટીકા (વિસ્તારથી અર્થ) છે. તે બધાનો સાર એક સમભાવ છે. સુખદુઃખ, લાભ–અલાભ, માન–અપમાન; બધે સમદૃષ્ટિ આત્મા સમભાવ રાખે.

(૭૪) **પ્રશ્ન**—કર્તા, ભોક્તા અને જ્ઞાતાનો અર્થ શો?

ઉત્તર—રાગ, દ્વેષ, મોહના પરિણામને કર્મચેતના (કર્મબંધક પરિણામ) કહે છે. આથી જ જીવને કર્તાપણું (કર્મોનો કરનાર) કહેવાય છે.

ઈષ્ટ—અનિષ્ટ સંયોગોમાં સુખ વા દુઃખની બુદ્ધિ થવી તે કર્મફળ ચેતના (કર્મઉદય પરિણામ). આથીજ જીવનું ભોક્તાપણું કહેવાય છે.

રાગ, દ્વેષ, મોહને છોડી ઉદાસીન (સુખદુઃખ બુદ્ધિ રહિત) થવું, સમભાવ–આત્માનુભવને જ્ઞાનચેતના કહે છે. એ જીવનું જ્ઞાતાપણું કહેવાય છે.

કર્તા અને ભોક્તા બનવાથી નવો કર્મબંધ થાય છે. જ્ઞાતાપણાથી કર્મ ક્ષય થાય છે.

(૭૫) **પ્રશ્ન**—ચારિત્ર મોહના ઉદયથી સમદૃષ્ટિને શું થાય છે ?

ઉત્તર—થોડી ઇષ્ટ-અનિષ્ટ બુદ્ધિ થાય. પણ મમત્વ નહિ હોવાથી તથા ભેદ જ્ઞાન થવાથી તરત પશ્ચાતાપ કરી વિરક્ત બને. ચીકણા કર્મોનો બંધ સમદૃષ્ટિને નથી થતો.

(૭૬) **પ્રશ્ન**—મિથ્યાત્વ મોહ અને ચારિત્ર મોહની જીવ પર શી અસર થાય છે ?

ઉત્તર—મિથ્યાત્વ મોહને લીધે શરીર, ઇંદ્રિય, ભોગાદિમાં મમત્વ બુદ્ધિ થાય છે અને ચારિત્ર મોહના ઉદયથી ઈષ્ટ અનિષ્ટ (હર્ષ, શોક, રાગ, દ્વેષ) બુદ્ધિ થાય છે. બન્નેના અભાવમાં **વીતરાગ** દશા પ્રકટે છે.

(૭૭) **પ્રશ્ન**—ભેદજ્ઞાન એટલે શું ?

ઉત્તર—સ્યાદ્વાદ સહિત દ્રવ્યાનુયોગનું વ્યવહાર-નિશ્ચયથી સ્વરૂપ સમજીને નિજાત્માને સકળ જીવાજીવ અન્ય દ્રવ્યોથી ભિન્ન જાણે, અનુભવે અને દ્રવ્યકર્મ (આઠ કર્મ), ભાવકર્મ (રાગ, દ્વેષ, મોહ) તથા નોકર્મ (શરીર ભોગાદિ)માં હું અને મારાપણાની (મમત્વ) બુદ્ધિ હતી, તે છોડીને પોતાનું શુદ્ધ આત્મ સ્વરૂપ (સંશય, વિપરીત, અનધ્યવશાય દોષ રહિત) અનુભવે તે **ભેદજ્ઞાન.** એજ **સમ્યક્-જ્ઞાન** કહેવાય છે.

દોહા

ભેદજ્ઞાન તે મુકિત છે, મુકિત કરો કયમ કોય;
વસ્તુ ભેદ જાણે નહી, મુકિત કહો કયમ હોય? ૧
ભેદજ્ઞાન સાબુ બન્યો, સમરસ નિર્મળ નીર;
ધોબી અંતર આતમા, ધોવે નિજગુણ ચીર. ૨

ચોપાઈ

ભેદજ્ઞાન સંવર જિનપાયા, સો ચેતન શિવરૂપ કહાયા;
ભેદજ્ઞાન જિનકે ઘટ નાહીં, તે જડ જીવ બંધે જગમાંહિ. ૩

દોહા

ભેદજ્ઞાનથી અળગો રહે, તેનો ભવસ્થિતિ દૂર;
જનમ મરણ કરશે ઘણાં, રહે સંસાર ભરપૂર. ૪
ભેદજ્ઞાન અભ્યાસથી, ટળે મિથ્યાત્વ દૂર;
સમકિત સહજ આવે સહી, વરતે આનંદ પૂર. ૫

(૭૮) **પ્રશ્ન**—સ્યાદ્વાદ (અનેકાંતવાદ) એટલે શું?

ઉત્તર—**સ્યાત્** = કથંચિત્–કોઇ અપેક્ષાએ + **વાદ** = કથન કરવું. જે વચન કોઈ અપેક્ષાએ હોય અને જેને બીજી અપેક્ષાએ પણ ગૌણપણે સ્વીકારાય તે સ્યાદ્વાદ છે.

(૭૯) **પ્રશ્ન**—સ્યાદ્વાદ (અનેકાંતવાદ) નું લક્ષણ શું?

ઉત્તર—(૧) જે વ્યવહાર-નિશ્ચય બન્ને ને ઉચિત સ્થાને વિધિપૂર્વક માને. માત્ર એકજ પક્ષ (વ્યવહારજ અથવા નિશ્ચયજ) ન માને.

(૨) જે 'હા' અને 'ના' ની મર્યાદા વિધિપૂર્વક માને. જેમકે, પ્રવૃત્તિ ઘટાડવા યોગ્ય છે; પરંતુ જ્યાં અશુભ પ્રવૃત્તિ થાય છે ત્યાં શુભપ્રવૃત્તિ આદરણીય છે. આહાર

નિદ્રા છોડવા જોઇએ, પરંતુ શરીર ન ચાલે, અસમાધિ થતી જણાય તો વિવેકપૂર્વક મર્યાદાથી આહાર, નિદ્રા આદિનું સેવન કરાય. એવા અનેક પ્રસંગ છે. જ્યાં 'હા' અને 'ના' ની મર્યાદા જરૂરી છે. એકાન્ત (કેવળ) સ્થાપવા કે ઉત્થાપવાથી ગંભીર નુકશાન થઇ જાય છે.

(૩) જે 'આમજ છે' એમ ન માને, પરંતુ 'આમ પણ છે' એમ માને. જેમકે જીવ 'નિત્યજ' છે. એમ ન માનતા, દ્રવ્યની અપેક્ષાએ જીવને નિત્ય અને પર્યાય (હાલત) ની અપેક્ષાએ 'અનિત્ય' માને. એજ રીતે પ્રત્યેક પદાર્થમાં અનંત ધર્મ, અનંત ગુણ, અનંત પર્યાય છે. એ સર્વનો વિધિ-પૂર્વક સ્વીકાર કરે. 'જ' એકાંત અને 'પણ' અનેકાંત વચન છે.

(૪) જે એકાન્ત જ્ઞાનથીજ કે એકાન્ત ક્રિયાથી જ મોક્ષ ન માને, પરંતુ જ્ઞાન અને ક્રિયા બન્નેથી મોક્ષ હોવાનું માને.

(૫) જેમ સૂર્યના પ્રકાશમાં બધા રત્ન, દીપક આદિના પ્રકાશ સમાઈ જાય છે, તેમજ સ્યાદ્વાદમાં બધા નય, અપેક્ષા અને આશયો સમાઇ જાય છે.

(૮૦) **પ્રશ્ન**—સ્યાદ્વાદનું જ્ઞાન કરવાથી શો લાભ થાય?

ઉત્તર—સ્યાદ્વાદથી સત્ય સ્વરૂપ પ્રાપ્ત થાય છે. સ્યાદ્વાદથીજ મિથ્યાજ્ઞાન અને મિથ્યાદર્શનનો નાશ થઇને સમ્યક્‌જ્ઞાન-દર્શન પ્રકટે છે. બધી અપેક્ષાઓને બરાબર સમજવાથી એટલે કે સ્યાદ્વાદનું જ્ઞાન થવાથી 'સમભાવ' પ્રકટે છે; અને રાગ, દ્વેષ, વૈર, વિરોધ આદિનો નાશ થાય છે. જ્યાં રાગદ્વેષ, ખેંચતાણ, મતપક્ષ છે ત્યાં સ્યાદ્વાદ (અનેકાંતવાદ)-સત્યસ્વરૂપ નથી; પરંતુ એકાન્તવાદ એટલે

મિથ્યાત્વ છે. માટે હે ચેતન! તું હંમેશા અપેક્ષાવાદ (સ્યાદ્વાદ) ને સમજીને રાગ, દ્વેષ, વૈરવિરોધ, કલહ આદિ છોડીને પ્રશાંતભાવી થા. સર્વ શાસ્ત્રરૂપી શરીરમાં સ્યાદ્વાદ તત્ત્વ પ્રાણ સ્વરૂપ છે તેનો સાર સમભાવ છે.

(૮૧) **પ્રશ્ન**—સમકિત (આત્મબોધ) રૂપી બીજ કેવી ભૂમિમાં ફૂલે ફળે છે?

ઉત્તર—જે જીવોની જીવનભૂમિ (૧) હિંસા, (૨) અસત્ય, (૩) ચોરી, (૪) તીવ્ર વિષયવાસના, (૫) તૃષ્ણા, (૬) અતિક્રોધ, (૭) અહંકાર, (૮) કપટ, (૯) લોભ, (૧૦) કુસંપ, (૧૧) પરનિંદા, (૧૨) સ્વપ્રશંસા, (૧૩) કદાગ્રહ અને (૧૪) અવિવેકઃ એ અનીતિના દોષો રૂપી કાંકરા, કાંટા, ખાડા દૂર કરીને સમભૂમિ બની છે. જેમાં મૈત્રી, પ્રમોદ, કરૂણા અને માધ્યસ્થ; એ ચાર શુભભાવનાનું પાણી સિંચાય છે. એવી ભૂમિમાં સમકિત બીજ ફુલે ફાલે છે.

(૮૨) **પ્રશ્ન**—મૈત્રી, પ્રમોદ, કરૂણા અને માધ્યસ્થ ભાવનાનું સ્વરૂપ શું?

ઉત્તર—મોક્ષનું બીજ સમકિત છે અને સમકિતનું બીજ ચાર ભાવનાઓને હંમેશા શુભ અને શુદ્ધ સાધનરૂપ ચિંત્વન કરવું પરમ આવશ્યક છે.

જીવ હમેશા વિચાર (ભાવના) તો કરેજ છે, પરંતુ અશુભ ભાવના વધારે રહે છે. માટેજ ભાવનાનું સ્વરૂપ સમજીને શુદ્ધ ભાવનાનું ચિંત્વન કરવું જોઇએ. આ ચાર ભાવનામાંની પ્રત્યેકના ચચ્ચાર ભેદ છે.

૧ મૈત્રી ભાવનાના ચાર ભેદ—(૧) મોહમૈત્રી–

સ્ત્રી, પુત્ર, ધન, ભોગાદિની બ્રાહ્ય આનંદની અપેક્ષાએ પ્રીતિ (૨) શુભમૈત્રી–ઉપકારી સજ્જન આદિ પ્રત્યે પ્રીતિ, ભકિત તથા ઉત્તમ કામમાં ઐકય. (૩) શુદ્ધ સાધન મૈત્રી–દેવ, ગુરૂ, ધર્મ અને જ્ઞાન, દર્શન, ચારિત્ર પ્રત્યે ભકિત અને મૈત્રી. (૪) શુદ્ધ મૈત્રી–અનંત જ્ઞાનાદિ નિજગુણો સાથે મૈત્રી (એકતાનો અનુભવ). હે ચેતન ! તુંજ ત્હારો મિત્ર છે તો તુજથી પરમાં રાગદ્વેષ શા માટે ધરે છે ? (શ્રી આચારાંગ સૂત્ર).

૨ પ્રમોદ ભાવનાના ચાર પ્રકાર—(૧) મોહજન્ય હર્ષ- સ્વપર ભોગોપભોગની પ્રાપ્તિમાં આનંદ. (૨) શુભ હર્ષ–દાન, પુન્ય, સેવાભાવ, સુવિદ્યા, નૈતિક ગુણોની પ્રાપ્તિમાં હર્ષ. (૩) શુદ્ધસાધન હર્ષ–સમ્યક્ જ્ઞાન, દર્શન, ચારિત્રની પ્રાપ્તિમાં આનંદ. (૪) શુદ્ધાનંદ–આત્મિક સુખ, અવિકારી, અતીન્દ્રિય, નિર્વિકલ્પ નિજ સુખમાં લીન થવું.

૩ કરૂણાભાવનાના ચાર પ્રકાર—(૧) મોહજન્ય કરૂણા–સ્વપરના ભોગોપભોગ, ધનવૈભવ, પ્રશંસા આદિ ન મળવાથી દુ:ખી થવું. (૨) શુભ કરૂણા–શારીરિક અને માનસિક પીડાથી દુ:ખી જીવો પર કરૂણા થવી. (૩) શુદ્ધસાધન કરૂણા–અજ્ઞાન, મિથ્યાત્વ, વિષય, કષાયથી સ્વ–પરને સદા અનંત દુ:ખી થતા જાણીને એ દોષો છોડીને સમ્યક્જ્ઞાન, દર્શન, ચારિત્ર્ય, વિષય સંયમ અને સમભાવ ગુણ પ્રકટ કરવા–કરાવવા. (૪) શુદ્ધ કરૂણા–સ્વસ્વભાવ (આત્મ સ્વરૂપ) માં લીન રહેવું. જ્ઞાનાદિ નિજગુણોની મલીનતાનેજ દુ:ખનું કારણ જાણીને આત્મગુણોની શુદ્ધિ કરવી.

૪ માધ્યસ્થ ભાવનાના ચાર પ્રકાર—(૧) મોહજન્ય સમભાવ–લજ્જા, ભય, લોભ, સ્વાર્થ યા અજ્ઞાનવશ શાંતિ ધરવી. (૨) શુભ સમભાવ–ઐક્ય, સહનશીલતા, ગુણાનુરાગ, ગંભીરતાના ગુણો તથા કલહ, કુસંપ, વૈર વિરોધ આદિથી થતાં નુકસાન વિચારીને સમભાવ રાખવો. (૩) શુદ્ધ સાધન સમભાવ–રાગદ્વેષ કરવાથી ભાવહિંસા થાય છે. હું શબ્દ, રૂપ, ગંધ, રસ, સ્પર્શ, મન, વચન, કાયા, કષાય કર્મ રહિત છું. હું અનંતજ્ઞાન, દર્શન, સુખ, શક્તિસ્વરૂપ છું. એવી ભાવના વડે સમભાવ ધારવો. (૪) શુદ્ધ સમભાવ–પરમ સમરસી ભાવજ મારો નિજગુણ છે. તો હું વિકારી કેમ બનું ? રાગદ્વેષ શા માટે ભાવું ? એવું વિચારીને નિજ સ્વરૂપમાં લીન થાય.

એ ચારેય ભાવનામાં પહેલો 'મોહજન્ય' ભેદ આલોક તથા પરલોકમાં દુઃખદાયી છે, અને પાપબંધનું કારણ છે. બીજો 'શુભ'ભેદ આલોક તથા પરલોકમાં બાહ્ય સુખદાયી અને પુન્ય પ્રાપ્તિનું કારણ છે. ત્રીજો 'શુદ્ધ સાધન' ભેદ આલોક–પરલોકમાં બાહ્ય તથા અભ્યંતર બન્નેમાં સુખદાયી અને ઘણા કર્મો ક્ષય કરવાનું કારણ છે અને ચોથો 'શુદ્ધ' ભેદ આલોક તથા પરલોકમાં પરમ સુખદાયી તેમજ મોક્ષપ્રાપ્તિમાં પ્રધાન કારણ છે.

(૮૩) **પ્રશ્ન**—સમકિત (આત્મબોધ) ગુણ સર્વોત્કૃષ્ટ કેમ કહેવાય છે ?

ઉત્તર—જેમ કોઈ લાંબા કાળથી રોગથી દુઃખી છે. જગતમાં રોગથી છુટવાના ઉપાય છે, પરંતુ રોગનું

કે ત્હેના ઉપાયનું જ્ઞાન તેને નથી. એવી જ રીતે આત્મા જડસંગી (પુદ્ગલાનંદી) થઈને અનાદિ કાળથી દુખી થાય છે. એ દુઃખોથી છુટવાનો માર્ગ બતાવવો એ જ્ઞાનનું કામ છે. માર્ગનો નિશ્ચય કરવો એ સમકિતનું કામ છે અને માર્ગપર ચાલવું તે ચારિત્ર છે. માર્ગ બતાવી તો દીધો; પરંતુ નિશ્ચય ન હોય તો તે પર બરાબર ઠેઠ સુધી આચરી નથી શકાતું.

નિશ્ચય કર્યા વિના ચાલવું શરૂ કરાય તો ઉલ્ટે માર્ગે જવાય છે. એટલા માટે **સુમાર્ગ નિશ્ચય** અર્થાત સમકિત ગુણ સર્વોત્કૃષ્ટ છે. માટે જ સમકિત પ્રકટ કરવામાં ઉત્કૃષ્ટ પુરૂષાર્થ કરવો જોઈએ.

આત્મધર્મ પર વિચારો.

ગઝલ

રહે છે દૂર પરથી આ, અમારો એકલો આત્મા.
સ્વાભાવોને ધરીને તે, રહ્યો છે નિજગુણોમાં.
કદિ સંકલ્પ વિકલ્પો, તણી નહિ જાળ છે એમાં,
અનેરૂં તત્વ રૂડું આ, વસે છે નિત્ય ભાવોમાં.
રસે રૂપે અને ગંધે, સદા છે ભિન્ન આ આત્મા,
જરા એ મોહ માયાના, નહિ છે ભાવ કંઇ એમાં.
ખરૂં હું તત્વ સમજીને, રહું ચેતન તણા રસમાં,
ચિદાનન્દી સ્વરૂપ મારૂં, નિહાળું આજ ભીતરમાં.
સમેટી શક્તિઓ સર્વે, રહું હું આત્મ ક્રિડામાં,
પ્રકાશે વિશ્વ આખું અહા, સ્વભાવિક દિવ્ય તેજોમાં.

—**શ્રી. અમૃતચંદ્ર આચાર્ય.**

ॐ अर्हं

સમકિત (આત્મબોધ) પ્રશ્નોત્તર

અથવા

મોક્ષની કુંચી

(ભાગ ૨ જો.)

દોહા.

પરમ નિરંજન પરમગુરૂ, પરમ પુરૂષ પરધાન;
વંદુ પરમ સમાધિગત, ભયભંજન ભગવાન. ૧
જિનવાણી પરમાણ કર, સુગુરૂ શીખ મન આણુ;
કહું સમ્યકત્વ સ્વરૂપને, નિર્ણય કહું વખાણ. ૨

मोक्षमार्गस्य नेतारं, भेत्तारं कर्मभूभृताम् ।
ज्ञातारं विश्वतत्त्वानां, वदे तद्गुणलब्धये ॥

અર્થ—મોક્ષ માર્ગે દોરનાર, કર્મદળ રૂપી પહાડોને શુકલ ધ્યાનરૂપી વજ્રથી ચૂર્ણ કરનાર, જગતના સકળ તત્ત્વોને યથાર્થ પૂર્ણરૂપે જાણનારા મહાપુરૂષને તેવા જ ગુણો પ્રકટ કરવા માટે વંદુછું.

(પ્રથમ ભાગમાં ૮૩ પ્રશ્નો આપ્યા છે. બાકી પ્રશ્નોનો સંગ્રહ નીચે પ્રમાણે છે.)

(૮૪) **પ્રશ્ન**—ભગવાને પહેલા શું ઉપદેશ આપ્યો કે જે વાણીથી ચાર તીર્થની સ્થાપના થઈ? એવો કયો એક ગુણ પ્રકટાવવો જોઇએ કે જેથી સંસાર ભ્રમણ ટળે?

ઉત્તર—આત્મ-પદાર્થ-વિચાર. હું કોણ છું? મારૂં શુદ્ધ સ્વરૂપ શું છે? હું કયાંથી આવ્યો છું? કયાં જવાનો છું? આ બધી વસ્તુઓ અને લોક દેખાય છે તે કોણ છે? મારૂં શું કર્તવ્ય છે? અને હું શું કરી રહ્યો છું? ઇત્યાદિ સ્વભાવ-વિભાવ-આદિનો વિચાર કરવો એ પ્રથમ ઉપદેશ છે. આ વિચારથી જ મનુષ્ય આત્મમાદી, લોકવાદી, કર્મવાદી અને ક્રિયાવાદી બને છે. આવા પુરૂષોને ચાર તીર્થમાં દાખલ થવાની પાત્રતા-યોગ્યતા-છાપ મળે છે.

આવા વિચારો વિનાના આત્માનો અભ્યુદય નથી થતો. તે જીવને ઉન્નત બનાવી નથી શકતો. એવા મુનિ યા મનુષ્ય, મનુષ્ય છતાં પશુ કોટિમાં ગણાય છે. પશુના જીવનમાં અને સમ્યક જ્ઞાનહીન મનુષ્યના જીવનમાં કંઈ અંતર નથી હોતો. એમ આચાર્યોનું કથન છે. કારણ કે મનુષ્યપણાની વિશેષતા આત્મજ્ઞાન કરવાથીજ મનાએલ છે.

(૮૫) **પ્રશ્ન**—આત્માનો ઉદ્ધાર કોણ કરી શકે?

ઉત્તર—જે શુદ્ધ શ્રદ્ધા (સમકિત)ને શોધનાર હોય અર્થાત્ આત્માના શુદ્ધ સ્વરૂપને જાણી પ્રગટ કરવાનો જિજ્ઞાસુ હોય, પોતાના આંતરિક ભાવોને વિચારે, આત્માના યથાર્થ સ્વરૂપને સમજવા માટે જે ભગીરથ પ્રયત્ન કરે છે તે જ પોતાનો ઉદ્ધાર કરી શકે છે, એ વાત નિઃસંદેહ સાચી માનો. એવી રીતે જ વિચારક મનુષ્યને સત્ય મોક્ષ

માર્ગ મળી શકે છે. અને તે દ્વારા તે ઇચ્છિત સ્થાનને મેળવી શકે છે. તે જન્મ-મરણના બંધનથી મુક્ત થઇને સિદ્ધ-બુદ્ધ બને છે. નિર્ગ્રંથ તીર્થંકરો એવા આત્મિક વિચાર કરનારા પુરૂષોને જ આત્મવાદી (આત્મજ્ઞ) કહે છે.

(૮૬) **પ્રશ્ન—ચાર-વાદનો ક્રમ કઈ અપેક્ષાએ ગોઠવ્યો છે ?**

ઉત્તર—પ્રથમ આત્મવાદ છે. કારણ કે, આત્મા જ સૌથી શ્રેષ્ટ તત્વ છે. અને પ્રથમ પોતાને જ જાણવું પરમાવશ્યક છે. જો આત્મા છે, તો અન્ય ત્રણેય વાદની સફળતા છે. જો આત્મા નથી, તો અન્ય વાદ (પદાર્થ) પણ નિષ્ફળ (નિષ્પ્રયોજન) છે. આત્માને માનનારા આસ્તિક છે. જે જીવને જ નથી માનતા તે નાસ્તિક છે. કેમકે તેઓ પુન્ય, પાપ, ક્રિયા, કર્મ કંઇ જ નથી માનતા. મૂળને માને તો જ થડ, ડાળીઓ, પાંદડાં, ફૂલ, ફળ આદિને માની શકાય, માટે પ્રથમ આત્માને જાણવાની જરૂર છે,

બીજો લોકવાદ છે. કારણ નિર્ગ્રંથ મતથી જે આત્મા (આત્મવાદી) સ્વસ્વરૂપને જાણી શકે તેજ લોકવાદી અર્થાત્ જગતના સત્ય સ્વરૂપને જાણનારા હોય છે. કેમકે જે પોતાના આંતરિક સ્વરૂપને નથી જાણી શકતા, તે બાહ્ય સ્વરૂપને પણ યથાર્થ જાણી ન શકે. આ રીતે આંતર-બાહ્ય-જ્ઞાન પરસ્પર સાપેક્ષ છે. આગમ પણ કહે છે કેઃ—

जे एगं जाणई, ते सव्वं जाणई। (જે એક (આત્મા) ને જાણે છે તે બધાને જાણે છે.) એ રીતે સમ્યક્ જ્ઞાની

જ **લોકવાદી** હોય છે. લોક સ્વરૂપને માનનાર જ **કર્મ-વાદી** હોય છે, એટલે કે જગતના કાર્ય-કારણ ભાવનો જ્ઞાતા થઈ શકે છે. એ રીતે કર્મવાદી થયા બાદ **ક્રિયા-વાદી** એટલે સમ્યક્ અને **મિથ્યા** પ્રવૃત્તિ (કર્તવ્યા-કર્તવ્ય) નું સ્વરૂપ અને રહસ્ય સમજનાર બની શકે છે. **ક્રિયા-વાદી આત્મા** આત્મહિતની પ્રવૃત્તિ આચરીને અંતે કર્મ-મુકત બની **અજર અમર પદ** મેળવી શકે છે. પ્રભુ મહાવીરના મોક્ષ માર્ગનો એ જ યથાર્થ ક્રમ છે.

(૮૭) **પ્રશ્ન—શ્રી આચારાંગ** સૂત્રનું પહેલું અધ્યયન 'શાસ્ત્ર પરિજ્ઞા' નામનું છે. અને તેનો પહેલો ઉદ્દેશો 'આત્મ તત્ત્વ વિચાર' નામનો છે. તેમાં કહ્યું છે કે, "હું કોણ છું? કયાંથી આવ્યો? મારૂં શું સ્વરૂપ છે? એને જે સમજે તેને જ આત્મવાદી, લોકવાદી, કર્મવાદી, ક્રિયાવાદી કહેવા" અને ચાર વાદનો જ્ઞાતા જ સમકિત પ્રાપ્ત કરી શકે છે. તો ચારવાદનું સ્વરૂપ શું?

ઉત્તર—ચારવાદના સ્વરૂપમાં પ્રથમ **આત્મવાદ.** વાદ એટલે સ્વરૂપ કહેવું. આત્માના યથાર્થ સ્વરૂપ કહેવા-બતાવવા-ને આત્મવાદ કહે છે. દ્રવ્ય, ગુણ, પર્યાય, વ્યવહાર-નિશ્ચય, નય-પ્રમાણદ્વારા આત્માના સામાન્ય અને વિશેષ ધર્મોનું યથાર્થ સ્વરૂપ જાણીને આત્માનો નિશ્ચય કરનારને **આત્મવાદી** કહે છે.

૨ લોકવાદ-દ્રવ્ય લોક (ષટ્દ્રવ્ય), ક્ષેત્રલોક (ચૌદ રાજુ), કાળલોક (હર સમય ઘટે વધે તે અગુરૂલઘુ પર્યાય), ભાવલોક (આત્માના ગુણપર્યાય જેવા કે-અનંત-

જ્ઞાન, અનંત દર્શન, અનંત અતીન્દ્રિય નિરાકુલ આત્મિક સુખ અને અનંત આત્મવીર્ય): આ ગુણોનું શુદ્ધ પરિણમન તે શુદ્ધ પર્યાય છે. અને આ ગુણોને મેલા કરીને પરિણમન થવું તે અશુદ્ધ પર્યાય છે. જેમકે-મિથ્યાજ્ઞાન, મિથ્યા દર્શન, ઇંદ્રિયજન્ય સુખદુ:ખ; બાલવીર્ય (કુપુરૂષાર્થ): એટલે કે અશુદ્ધ પર્યાય અશુદ્ધ લોક છે અને શુદ્ધ પર્યાય તે શુદ્ધ લોક છે.

દોહા

यह जग वासी यह जगत्, यामें तोहिन काज;
तेरे घटमें जो वसे, तामें तेरो राज. १

३ **कर्मवाद** કર્મનું સ્વરૂપ-દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મનું સ્વરૂપ જાણવું. દ્રવ્યકર્મ=આઠ કર્મોનો સમુહ જે આત્મપ્રદેશને વળગેલો છે. ભાવકર્મ=જે ભાવો વડે આઠ કર્મ બંધાય છે તે રાગ-દ્વેષ મોહાદિ પરિણામનો કર્મ=કર્મોના ફળ. જેવા કે,-શરીર, ઈન્દ્રિયો, વિષયો, ભોગ ખાનપાન, વસ્ત્રપાત્ર ઉપાધિ, ધન-વૈભવ, સ્ત્રી પતિ-પુત્ર-પરિવાર, ચેલા-ચેલી-ભક્તલોકો, નિન્દા-સ્તુતિ, દુ:ખ-સુખના સંયોગ માત્ર નોકર્મ છે.

૪. **ક્રિયાવાદ**—કર્મોનું બંધન અશુદ્ધ ક્રિયાથી થાય છે, અને કર્મોની મુકિત-કર્મક્ષય-શુદ્ધ ક્રિયાથી થાય છે. એવી ક્રિયાનું વિસ્તારપૂર્વક બરાબર જ્ઞાન કરવું. ક્રિયા એટલે પુરૂષાર્થ-વીર્ય, જ્યાંસુધી કુપુરૂષાર્થ છે, આત્મ ધર્મ છોડીને પરદ્રવ્યમાં શુભ કે અશુભ પુરૂષાર્થ કરવાથી શુભાશુભ બધ થાય છે. તેને અનુક્રમે પુન્યપ્રકૃતિ તથા

પાપપ્રકૃતિ કહે છે. પરદ્રવ્યને ત્યાગી નિજગુણમાં સ્થિર થવું તે સુપુરૂષાર્થ પંડિતવીર્ય (ઉત્તમ પુરૂષાર્થ) શુદ્ધ ક્રિયા છે. તે નિર્જરાનું મુખ્ય કારણ છે. ક્રિયા–કર્મબંધન ૨૭ પ્રકારે થાય છે. વર્તમાન, ભૂત અને ભવિષ્યકાળની અપેક્ષાએ મનથી, વચનથી અને કાયાથી કરવું, કરાવવું અને અનુમોદવું. (૩×૩=૯×૩=૨૭ પ્રકારે). એ રીતે ક્રિયાના સ્વરૂપનું જ્ઞાન તે ક્રિયાવાદ.

જે આત્માના સ્વરૂપને યથાર્થ જાણે છે તે લોકના સ્વરૂપને પણ જાણી શકે છે. અન્યથા સ્વલોક (આત્મા) પરલોક (પુદ્ગલાદિ દ્રવ્યો) ના જ્ઞાનના અભાવે પરલોકમાં પોતાપણું માની બેસે છે, માટે જ આત્મસ્વરૂપના જ્ઞાતાને પરલોક (અન્ય દ્રવ્યો) ના જ્ઞાતા પણ કહ્યા છે. છઃ કાયના લોકને પણ **ષટ્કાય** લોક કહે છે. ક્રોધ, માન, માયા, લોભ એ ચાર કષાયથી ચતુર્ગતિમાં ભમવું પડે છે. માટે તેને **કષાયલોક** કહે છે. માટે પરલોક (કષાયાદિ) છાંડવો જોઈએ. જે લોકના સ્વરૂપને સમજે છે તેજ સમજી શકે છે કે, આત્મા લોકમાં ભટકે છે તેનું મૂળ કારણ કર્મ છે. એવું જાણીને **કર્મવાદી** બની શકાય છે. અને કર્મોનું બંધન અશુદ્ધ ક્રિયાથી થાય છે. આ બોધ–જ્ઞાન–કર્મવાદીને જ થાય છે. એટલે **કર્મવાદી** જ **ક્રિયાવાદી** થઈ શકે છે, એમ કહેવાયું છે. કર્મથી મુક્તિ–મોક્ષનો આધાર ક્રિયાપર છે. માટે જ અંતમાં ક્રિયાવાદ લીધો છે.

'जोएगं जाणई, सोसव्वं जाणई;
जो सव्वं जाणई, सो एगं जाणई '।

આચારાંગ સૂત્ર

જે એક-આત્મ સ્વરૂપને જાણે છે તે સર્વ (બધા દ્રવ્યો) ને જાણે છે. અને જે સર્વને જાણે છે તે આત્માને જાણે છે. માટે આત્મ સ્વરૂપનું જ્ઞાન કરવું પરમાવશ્યક અને શ્રી આચારાંગમાં આદિવચનમાં આત્મ પદાર્થ વિચાર, આત્મ સ્વરૂપનું કથન એટલા માટે જ ફરમાવ્યું છે.

શ્રી વીરપ્રભુએ દ્વાદશાંગી (બાર અંગની પ્રરૂપણા કરી છે. તેમાં આદિ વચન 'આત્મ સ્વરૂપને ઓળખો' એ ઉપદેશ આપ્યો છે. એથી સિદ્ધ થાય છે કે, દ્વાદશાંગી-નો સાર એક '**આત્મ-સ્વરૂપનો યથાર્થ બોધ**' છે. બધું જ્ઞાન-શાસ્ત્ર આત્માની મુક્તિ (મોક્ષ) ને માટે છે. મોક્ષ આત્માની સત્ય સ્થિતિ જાણવાથી થાય છે. જો આત્માને ન જાણે તો મોક્ષ કોનો કરવો ? આથી સ્પષ્ટ થાય છે કે, દ્વાદશાંગી (જૈના ગમો) એ **જ્ઞાન-દીપક** છે, અને એના પ્રકાશ વડે આત્મ સ્વરૂપ રૂપી રત્ન શોધાય-જડે છે. આત્મ રત્ન પ્રાપ્ત થતાં સર્વ જ્ઞાન કૃતાર્થ થાય છે.

ચાર વાદનું જ્ઞાન કરવા માટે સમકિત છપ્પનીમાં કહ્યું છે કે—

આત્મ લોક કર્મ ક્રિયા, શુદ્ધ વાદ છે ચાર !
ચિંતવતા સમકિત લહે, જીવ જગત મોઝાર.

આ આત્મ જ્ઞાન એટલે કેટલા શાસ્ત્ર ને ગ્રંથોનો સાર:-

લાખ વાતની વાત, ક્રોડ ગ્રન્થનો સાર છે;
જો સુખ ચાહો ભ્રાત, તો આતમ અનુભવ કરો.
દ્વાદશાંગી શ્રુતિ સિંધુ, મથન કરિ રતન નિકાસ્યૌં;
સ્વ પર-ભેદ વિજ્ઞાન, શુદ્ધ ચારિત્ર પ્રકાશ્યૌં.

એ જિન વાણીનો મહિમા.

સવૈયા.

રાગ વિરોધ કુદેવ પ્રતીતિ, વિનાશ સદા સબ લોક પ્રવાની,
અર્થ અનેક અભિધેય છે એક, ચઉ ગતિ વારણ મોક્ષ નિશાની.
આતમ રૂપ અનૂપની પ્રાપતિ, કારણ રૂપ જિનેશ વખાણી,
યાતે નમે ને વખાણ કરે મુનિ, તે સમયાતમ શ્રી જિનવાણી.

ભાવાર્થ—રાગ દ્વેષ અને કુદેવ કુગુરૂ કુધર્મમાં પ્રતીતિ રૂપ દર્શન મોહનો સર્વથા વિનાશ કરવાવાળી જીન વાણી છે, તેનો વિસ્તાર બહુ છે, તેમાં અનેક વિષયોનું સ્વરૂપ બતાવ્યું છે, પરંતુ કહેવાની મુખ્ય વાત એક છે, તે આત્મ સ્વરૂપ જે અનુપમ છે તેની પ્રાપ્તિ કરવી એ જ સાર છે. આ જીન વાણી ચાર ગતિમાં આનાદિ કાળથી જીવનું ભવ ભ્રમણ થાય છે તે બંધ કરે છે. અનુપમ આત્મ સ્વરૂપની પ્રાપ્તિનું પ્રધાન કારણ (સાધન) છે. જેવી રીતે રાત્રે ખોવાયેલ રત્નને શોધવા દીવાનો ઉપયોગ કરે છે. તેમાં દીવો સાધન છે. રત્ન ગોતવું સાધ્ય છે. આ જીન વાણી રૂપી દીવાથી આત્મ સ્વરૂપ રૂપી રત્ન જે મોહાદિથી ઢંકાઇ ગયું છે તે શોધવાનું છે. એવી ઉપકારક જીન વાણિને મુમુક્ષુ (મોક્ષની ઇચ્છાવાળા) જીવ નમસ્કાર કરે છે ને પ્રશંસે છે. તે સ્વ-પર સમય (દ્રવ્ય)નું કથન કરવાની પરમ પવિત્ર જીનવાણીનું જ્ઞાન કરવા પુરૂષાર્થ કરવો જોઇએ.

(૮૮) **પ્રશ્ન**—જિનેશ્વર ભગવાન સમકિત કોને કહે છે?

ઉત્તર—**भावेणं सद्दहंतस्स समत्तं तं वियाहीयम्** (**उत्त० अ. २८**) ભાવ (અંતર ઉપયોગ) પૂર્વક, ભાવ

સહિત-દ્રવ્ય ભાવ પૂર્ણ બધી અપેક્ષાથી નવ તત્ત્વનું જ્ઞાન કરવું અને શ્રદ્ધા કરવી તે સમ્યકત્વ છે. એમ શ્રી સર્વજ્ઞ પ્રભુએ કહ્યું છે. ટુંકામાં આત્માનો અનુભવ-સ્વાનુભૂતિ-જ સમ્યકત્વ છે. કહ્યું છે કે—

દોહા—જે દર્શન દર્શન વિના, તે દર્શન નિરપેક્ષ;
જે દર્શન દર્શન થયા, તે દર્શન સાપેક્ષ.

ભાવાર્થ—જે દર્શન (સમકિત)થી દર્શન (આત્મ દર્શન, સહાનુભૂતિ) થતું નથી તે નિરપેક્ષ (મોક્ષની પ્રાપ્તિ રહિત) સમકિત (દ્રવ્ય સમકિત) છે. પણ જે દર્શન (સમકિત)થી દર્શન (આત્માનુભવ) થાય છે તે સમકિત જ સાપેક્ષ (ભાવ સમકિત-મોક્ષ પ્રાપ્તિનું કારણ) છે, તે જ શુદ્ધ-નિશ્ચય-સમકિત કહેવાય છે.

(૮૯) **પ્રશ્ન**—સમકિત કોઇ ખાસ ગચ્છ, સંઘાડા, સંપ્રદાય, સ્થાનક, મંદિર, મઠ યા ગુરૂનું હોય છે કે બીજું કંઈ?

ઉત્તર—સમકિત આત્માનો ગુણ છે. સમકિતની વ્યાખ્યા કરતા બધા શાસ્ત્રકારોએ યથાર્થ તત્ત્વ શ્રદ્ધાને સમકિત કહ્યું છે.

तहियाणंतु भावाणं, सब्भावे उवएसणं;
भावेण सद्दहन्तस्स, सम्मत्तं तं वियाहियम् ।

(उ. अ. २४)

ભાવાર્થ—યથાર્થ સ્વરૂપનો ભાવપૂર્વક નિશ્ચય કરવાને સમકિત કહે છે. તે સ્વભાવથી, (સ્વક્ષયોપશમથી)

અથવા ઉપદેશથી પ્રાપ્ત થાય છે. એ રીતે ઉપજેલ ભાવ પૂર્વકની તત્ત્વ શ્રદ્ધા, તેને સમકિત કહ્યું છે.

આથી સ્પષ્ટ છે કે, આજે જે ખાસ ગચ્છ, સંપ્રદાય અથવા ગુરૂ વિશેષનું સમકિત મનાય છે તે શાસ્ત્રો જોતા ન્યાય સંપન્ન નથી લાગતી. કોઈ સંઘાડા કે ગુરૂનું સમકિત હોઇ જ ન શકે. આથી જ તો વર્તમાનમાં અંદર અંદર ધર્મ કલહ થાય છે, એ ઝગડા છોડીને તત્ત્વ બોધ કરવો જોઈએ. "**तत्त्वार्थ श्रद्धानं सम्यग्दर्शनम्**" યથાર્થ તત્ત્વના સ્વરૂપનો નિશ્ચય તેને સમકિત કહે છે.

(૯૦) **પ્રશ્ન**—આજે આટલા બધા ગચ્છ, સંઘાડા, ફિરકા, સંપ્રદાય કેમ થઈ ગયા?

ઉત્તર—પ્રાયઃ **તત્વ-જ્ઞાન**, તત્ત્વોને અભ્યાસ છુટી જવાથી, સ્યાદ્વાદ એટલે વ્યવહાર, નિશ્ચય, જ્ઞાન-દર્શન-ચારિત્રનો અભ્યાસ ન હોવાથી કોઇ ખાસ દેશ, કાળ, સંયોગ મુજબ જરા ક્રિયા ભેદ થયો કે તેમાં આગ્રહ કરીને મતભેદ પેઠો. તેથી પરસ્પર દ્વેષ બુદ્ધિ થઈ. જો તત્વોનો અભ્યાસ વધારાય અને વ્યવહાર-નિશ્ચય બરાબર સમજાય તો સંપ્રદાય, સંઘાડા, મતમતાંતરો આદિ ભેદો દૂર થઇને પરસ્પર માંધ્યસ્થ ભાવ-સમભાવ-નો અમૃત રસ વરસવા લાગે. કદાપિ કારણવશ કંઇ ભેદ રહે તો તે પણ પ્રમોદ-ગુણાનુરાગ રૂપ જ રહી શકે છે. દ્વેષ રૂપ નહિં. જેમ પ્રભુ મહાવીરના ૧૧ ગણધરો હતાં. તેમના શિષ્ય સમુહને ૯ ગચ્છમાં વહેંચ્યા હતા; પરંતુ એ તો પ્રમોદ ભેદ હતા. આજે આપણા ભેદો પ્રાયઃ દ્વેષમય થઇ

રહ્યા છે, તેનો સુધાર તત્ત્વ પ્રચાર (સ્યાદ્વાદના યથાર્થ જ્ઞાન) દ્વારાજ થઈ શકશે.

(૯૧) **પ્રશ્ન**—શુદ્ધ, સમકિત ધારીને ઓછામાં ઓછું કેટલું જ્ઞાન હોવું જોઈએ ?

ઉત્તર—છ દ્રવ્ય, નવ તત્ત્વોનું નય-પ્રમાણથી હેય (છોડવા યોગ્ય), ઉપાદેય (આચરવા યોગ્ય) રૂપે યથાર્થ જ્ઞાન હોવું જોઈએ.

(૯૨) **પ્રશ્ન—ગંઠી-ભેદ** થયા વિના સમકિત નથી થતું, તો ગંઠી શાની છે અને કયે ઠેકાણે, કયા કર્મમાં અને કયાં સુધી રહે છે ? અને **ગંઠી-ભેદ** કયા ઉપાયોથી થઇ શકે ?

ઉત્તર—ગંઠી મિથ્યાત્વ મોહ કર્મના તીવ્ર બંધન–ગ્રંથી–ને કહે છે. આ મિથ્યાત્વ મોહિનીની ઉત્કૃષ્ટ સ્થિતિ ૭૦ સિત્તેર ક્રોડાક્રોડ સાગરોપમની છે. ૬૯ ક્રોડાક્રોડ **સાગરથી વધુ** સ્થિતિના કર્મો ક્ષય થાય અને દેશઉણા ક્રોડાક્રોડ સાગરોપમની સ્થિતિ બાકી રહે ત્યાં **ગંઠી-(ગ્રન્થી)-છે.** અહિં સુધી તો **યથા પ્રવૃત્તિ કરણ**-વાળા અભવી પણ આવી શકે છે, પરંતુ યથા પ્રવૃત્તિકરણ (અનિત્ય–અશરણ ભાવના)થી **ગ્રન્થી ભેદ** નથી થઈ શકતો, પરંતુ **અપૂર્વ કરણ** એટલે **આત્મ ભાવનાથી** ગંઠીનો નાશ (ગ્રન્થી ભેદ) થઇ શકે છે અને **અનિવૃત્તિ કરણ** (શુદ્ધોપયોગમાં સ્થિરતા)માં સમકિતની પ્રાપ્તિ થાય છે.

આયુષ્ય કર્મ સિવાય બાકીના સાત કર્મોની સ્થિતિ

દેશઉણુ એક ક્રોડાક્રોડ સાગરોપમ રહે છે, ત્યારે **યથા-પ્રવૃત્તિ કરણુ** પ્રકટ થાય છે. એટલે અનિત્ય, અશરણુ ભાવનાથી ત્યાગ વૈરાગ્ય થાય છે; પરંતુ આત્માના અતીન્દ્રિય-નિરાકુલ શુદ્ધ ઉત્તમ ભાવનાથી કરે. એમાં વારંવાર ભેદ-ભાવના, એકત્વભાવના અને આત્મભાવનાનું ચિંત્વન કરે, આથી અપૂર્વ કરણુની પ્રાપ્તિ થાય છે. (અપૂર્વ કરણુ એટલે પૂર્વે નહિ આવેલા શુદ્ધ પરિણામ.)

ગંઠી એટલે જીવની અનાદિ વિપરીત બુદ્ધિ (પર વસ્તુ-શરીર, ભોગાદિ-ને સ્વ-પોતાની-માનવી), વિભાવ પર્યાય (ચાર ગતિરૂપ જીવની અશુદ્ધ અવસ્થા) માં સ્વામિ-પણું રાખવું તેને મિથ્યાત્વરૂપી ગાંઠ કહે છે. તેનો નાશ **અપૂર્વકરણુ** (આત્મ સ્વરૂપ વિચાર) થી કરવો જોઇએ. આ પરિણામોની જ્યારે વિશેષ શુદ્ધિ થાય છે. ત્યારે અનિવૃત્તિકરણુ પ્રકટે છે. એના વડેજ **નિશ્ચય-સમકિત** પ્રાપ્તિ થાય છે. સમકિત પ્રાપ્ત થવાથી નિશ્ચયે **શીઘ્ર મોક્ષ** થાય છે. જેમ પાણીનો ઘડો દોરડા સહિત ઉંડા કૂવામાં પડી જાય અને દોરડું હાથ ન આવે ત્યાંસુધી-કદિ ઘણા કાળ સુધી પણુ-પાણી ન મળે; પરંતુ દોરડું હાથ આવતાંજ ઘડો અને પાણી બધું શીઘ્ર મળી શકે છે. તેવીજ રીતે એક **સમકિત** ગુણુ પ્રકટવાથી નિશ્ચયે બધા ગુણો પ્રકટે છે. મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્ર પણુ સમક્તિ પ્રકટતાં સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ ચારિત્ર રૂપ થઇ જાય છે. આત્માના બધા દૂષિત ગુણોને શુદ્ધ કરનાર માત્ર 'સમકિત' ગુણુ છે. જેમ સૂર્યોદય થતાંજ બધો અંધકાર મટીને બધી વસ્તુઓ

પ્રકાશ પામે છે તેમ **સમકિત** પ્રકટતાં બધા દોષો દૂર થઇ જાય છે, જેમ જીવ વિનાનું કલેવર, અંધ આગળ આરસી, બહેરા આગળ ગીત, આંકડા વિનાના મીંડા વ્યર્થ છે. માટેજ આત્માર્થીઓએ સમકિત પ્રાપ્તિ માટે ઉત્કૃષ્ટ પુરૂષાર્થ કરવો. એજ કર્તવ્ય છે. સમકિત વિનાની ઉત્તમ ક્રિયાઓથી પુન્ય-પ્રાપ્તિનો થાય છે, પરંતુ મોક્ષપ્રાપ્તિ નથી થઇ શકતી. માટેજ સમકિત વિનાની સર્વ ક્રિયાઓ વ્યર્થ બતાવી છે. કારણુ **મોક્ષ** જ પરમોત્કૃષ્ટ ધ્યેય છે.

(૯૩) **પ્રશ્ન**—સમકિતના આઠ અંગ પ્રકટાવ્યા વિના સમકિત થઈ શકે કે નહિ?

ઉત્તર—પૂર્ણ વસ્તુનો સર્વાંગ સુંદરતા હોવાથી ગણાય છે. જેમ હાથ, પગ, માથું, છાતી આદિ અંગો મળીનેજ શરીર બને છે. તેમજ આઠ અંગના ગુણોથી સમકિત સંપૂર્ણ ગણાય છે. અંગમાં જેટલી ન્યૂનતા (ઉણુપ) હોય તેટલા પ્રમાણુમાં તે હીનાંગ કે વિકલાંગ કહેવાય છે. અંગનો થોડો દોષ પણુ ઠીક નથી તો વધુ ઉણુપ તો વધુ મોટી ખામી ગણુાય.

(૯૪) **પ્રશ્ન**—સમકિતના અંગ કેટલા છે?

ઉત્તર—૧ વ્યવહાર સમકિત. ૨ નિશ્ચય સમકિત. એ બંનેના આઠ આઠ અંગ છે.

(૯૫) **પ્રશ્ન**—વ્યવહાર સમકિતના આઠ અંગોનું સ્વરૂપ શું?

ઉત્તર—વ્યવહાર સમકિતના આઠ અંગ નીચે મુજબ—

(૧) **णिस्संकिय** = શ્રીજિન વચનમાં શંકા ન રાખવી.

આત્મા અજર અમર હોઈ ભય પ્રસંગે પણ જ્ઞાન–દર્શન–ચારિત્ર રૂપી રત્નત્રયથી ડગવું નહિ.

(૨) **निक्कंखिय** = કુજ્ઞાન, કુદર્શન, વિષય, કષાયની વાંછા ન કરવી.

(૩) **निव्वितिगिच्छा** = પ્રતિકૂળ શબ્દ, ગંધ, રૂપ, રસ, સ્પર્શાદિ દુઃખના નિમિત્ત મળ્યે જ્ઞાન–દર્શન–ચારિત્રમાં ગ્લાનિ ન કરવી. ધર્મકાર્યમાં ખેદ ન ધરવો. સ્વગુરૂતા, પરલઘુતા ન કરવી. તત્ત્વની અરૂચિ ન કરવી. કોઇની નિંદા ન કરવી.

(૪) **अमूढदिट्ठो**—હરએક પ્રવૃત્તિ તથા દેવ, ગુરૂ, ધર્મ–શાસ્ત્રમાં મૂઢતા ન રાખવી. યથાર્થ જ્ઞાનથી પ્રવૃત્તિ કરવી.

(૫) **उववूह**—જ્ઞાન, દર્શન, ચારિત્રાદિગુણોની વૃદ્ધિ કરવી તે **उववूहन** છે. કોઈ **उपगूहन** પણ કહે છે, **उपगूह** ઢાંકવું. સ્વગુણ અને પરદોષ પ્રકટ ન કરવા–ઢાંકવા.

(૬) **थिरीकरण**–સ્વ–પર–ને જ્ઞાન, દર્શન, ચારિત્રમાં સ્થિર કરવા. ઉત્તમ કાર્યોમાં દૃઢ કરવા.

(૭) **वच्छलता**—વિશેષ ગુણી પ્રત્યે અતિશય પૂજ્ય ભાવ, સમાનગુણી પ્રત્યે ગાઢ મૈત્રી, અલ્પગુણી પ્રત્યે અતિશય હિતબુદ્ધિ રાખીને સકળ સામગ્રીઓના ભોગે સેવાર્પણમાં સદા તત્પર રહેવું. જેમ ગાય કે મૃગ પોતાના સંતાનની રક્ષા માટે સિંહની પણ સામે થાય છે.

(૮) **प्रभावना—स्व** તથા **पर** માં જ્ઞાન, દર્શન, ચારિત્રાદિ ગુણો પ્રકટાવવા છે.

એ રીતે વ્યવહાર સમકિતના આઠ અંગ પ્રકટ કર-

વાથી ઘણા પુન્યની પ્રાપ્તિ તથા થોડી નિર્જરા થાય છે. એમાં પણ જો ભેદભાવનાં અને આત્મવિચારનો અભ્યાસ વધારાય તો નિશ્ચય સમકિત પ્રકટી શકે છે.

(૯૬) **પ્રશ્ન**—નિશ્ચય સમકિતના આઠ અંગોનું શું સ્વરૂપ છે ?

ઉત્તર—નિશ્ચય સમકિતના આઠ અંગ નીચે મુજબ-

(૧) **निस्संकिय** = સમદૃષ્ટિ પોતાના જ્ઞાન, શ્રદ્ધા અને ચારિત્રમાં નિઃશંક હોય. આત્મા અવિનાશી માન્યો જેથી અભય હોય, કદિ કોઇ નિમિત્તે ડગે નહિં. આત્માના ગુણોનો સ્વાનુભવ થવાથી આત્મસ્વરૂપથી ચલિન કદિ ન થાય.

(૨) **निक्कंखिय**—જે કર્મફળની વાંછા ન કરે અને ન અન્ય વસ્તુના ધર્મની પણ વાંછા કરે. કારણ જે સ્વ આત્મ ધ્યાનમાં લીન છે, તેને બીજી વાંછા ન હોય. શબ્દ, રૂપ, ગંધ, રસ અને સ્પર્શાદિ પુદ્ગલ ગુણ માને.

(૩) **निव्वितिगिच्छा**—જે બધી વસ્તુઓના વિવિધ ધર્મોમાં ગ્લાનિ નથી કરતા, કર્મ ઉદયમાં ખેદ નથી કરતા; પણ સદા સમભાવે રહે છે.

(૪) **अमूढदिट्ठी**—જે સ્વ અને પરદ્રવ્યના યથાર્થ સ્વરૂપને જાણવામાં મૂઢ ન હેય-મુંઝાય નહિ. સત્યાસત્યના જ્ઞાતા વિવેકી હોય.

(૫) **उववूह**—આત્માને શુદ્ધ સ્વરૂપમાં લગાડે. આત્મ-શકિત વધારે. અન્ય દ્રવ્યોના બધા ધર્મોને ગોપવે (ગૌણ કરે).

(૬) **थिरीकरण**–આત્માને સ્વસ્વરૂપથી ડગતા સ્થિર કરે.

(૭) **વચ્છલતા**—જે પોતાના સ્વરૂપમાં વિશેષ અનુરાગ રાખે, જ્ઞાન, દર્શન, ચારિત્રને અભેદ બુદ્ધિએ જુએ. જેથી જ્ઞાનાદિની હાનિમાં સ્વની (પોતાની) ભાવહિંસા જાણે છે. જેથી તેની રક્ષામાં પૂર્ણ વાત્સલ્ય-ભાવ યુક્ત છે.

(૮) **પ્રભાવના**—પ્ર-વિશિષ્ટ પ્રકારે + **ભવ** ઉપજવું. જ્ઞાન-દર્શન-ચારિત્રાદિ નિજગુણોને પ્રકટ કરવા એ પ્રભાવના છે.

સમકિતના આઠ ગુણોના અભાવે સમકિતનો અભાવ અને ઘણા કર્મોનું બંધન થાય છે તથા આ લોક પરલોકમાં નિરંતર દુઃખ ભોગવવું પડે છે. નિશ્ચય સમકિતના આઠ અંગ પ્રકટયે શીઘ્ર મોક્ષ થાય છે. માટેજ આઠેય અંગ પ્રકટાવવાનો પુરૂષાર્થ કરવો પરમ હિતકારી છે.

(૯૭) **પ્રશ્ન**—સમકિતભ્રષ્ટ હોય તે મૂલભ્રષ્ટ છે કે ઉત્તર ભ્રષ્ટ ?

ઉત્તર—સમકિત ભ્રષ્ટ તે મૂલ ભ્રષ્ટ છે. કારણ તે આત્માનો મૂળ ગુણ છે.

(૯૮) **પ્રશ્ન**—સમકિત મૂળ મોક્ષમાર્ગ છે કે ઉત્તર મોક્ષ માર્ગ ?

ઉત્તર—મૂળ મોક્ષમાર્ગ છે.

(૯૯) **પ્રશ્ન**—શું હિતકારી (કલ્યાણકારી) અને શું અહિતકારી છે તેનો નિર્ણય કરાવનાર કોણ છે ?

ઉત્તર—સમકિત.

(૧૦૦) **પ્રશ્ન**--સમકિતનો વેરી કોણ ?

ઉત્તર—મિથ્યાત્વ એટલે વિપરીત બુદ્ધિ.

(૧૦૧) **પ્રશ્ન**—જ્ઞાનનો વેરી કોણ ?

ઉત્તર—અજ્ઞાન એટલે તત્વોનો અબોધ.

(૧૦૨) **પ્રશ્ન**--ચારિત્રના વેરી કોણ ?

ઉત્તર—કષાય એટલે રાગદ્વેષ.

(૧૦૩) **પ્રશ્ન**--શાસ્ત્રમાં ચાર અનુયોગ કહ્યા છે. એમાં નિશ્ચય અનુયોગ કેટલા અને વ્યવહાર અનુયોગ કેટલા છે ?

ઉત્તર--નિશ્ચયમાં એક દ્રવ્યાનુયોગ અને વ્યવહારમાં ત્રણ અનુયોગ (૧) પ્રથમાનુયોગ (ધર્મકથાનુયોગ) (૨) કરણ ચરણાનુયોગ (ક્રિયા ચારિત્રનું કથન) (૩) ગણિતાનુયોગ છે.

દોહો

વિના દ્રવ્ય અનુયોગ વિચાર,
ચરણ કરણનો નહિં કો સાર;
સમ્મત્તિ ગ્રંથે ભાખ્યું ઇસ્યું,
તે તો બુધ જન મનમાં વસ્યું. ૧

(૧૦૪) **પ્રશ્ન**—મોક્ષનું ઉપાદાન કોને કહે છે અને મોક્ષનું ઉપાદાન કારણ કોને કહે છે ?

ઉત્તર—મોક્ષનું ઉપાદાન જીવમાત્રને છે. કારણ ભવ્ય, અભવ્ય જીવની સત્તામાં કેવળજ્ઞાન અને કેવળદર્શન આદિ અનંત ગુણ ભર્યા છે. અને ઉપાદાન કારણ પુરૂષાર્થ દ્વારા ભવ્યનેજ પ્રાપ્ત થાય છે. કારક ચક્ર પલટે એટલે સંસાર તરફની રૂચિ બદલાઇને આત્મસન્મુખ તીવ્ર રૂચિ થવી. તેની સિદ્ધિનું કારણ **उठाण कम्म बल पुरुषाकार पराक्रम** જ મોક્ષમાર્ગ છે.

(૧૦૫) **પ્રશ્ન**—આત્મ સ્વરૂપનું જ્ઞાન વાંચવું, બોલવું, લખવું તે કયા કર્મનો ક્ષયોપશમ છે?

ઉત્તર—જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ છે.

(૧૦૬) **પ્રશ્ન**—આત્મસ્વરૂપનો અનુભવ કરવો એ કયા કર્મનો ક્ષયોપશમ છે?

ઉત્તર—દર્શન મોહનીયનો ક્ષયોપશમ છે. દર્શન મોહનીયના અભાવમાં આત્મસ્વરૂપનો અનુભવ થાય છે.

(૧૦૭) **પ્રશ્ન**—સમકિત, શ્રદ્ધા, પ્રતીતિ અને રૂચિ કોને કહે છે?

ઉત્તર—તત્વાર્થની સન્મુખ થવું એ શ્રદ્ધા છે, આત્મ સ્વરૂપનો યથાર્થ નિશ્ચય કરવો એ પ્રતીતિ છે અને આત્મ દર્શન એટલે આત્મ-અનુભવ કરવો એ રૂચિ છે. સ્વ અને પરનું યથાર્થ ભેદ જ્ઞાન કરી શુદ્ધ આત્મ સ્વરૂપનો નિશ્ચય કરે તેને સમકિત કહે છે.

(૧૦૮) **પ્રશ્ન**—રાગદ્વેષ રૂપ વિષ-વૃક્ષોનું બીજ, સકળ દુઃખ દાવાનળનું મુખ્ય કારણ અને સમસ્ત દોષોની સેનાનો રાજા કોણ?

ઉત્તર—મિથ્યાત્વ એટલે દર્શન મોહ.

(૧૦૯) **પ્રશ્ન**—મોહ રૂપી અગ્નિ પણ લોકમાં ફેલાઇ રહી છે તે કયા પાણીથી શાન્ત થાય?

ઉત્તર—ભેદભાવના અર્થાત્ સમકિત ભાવનાથી શાંત થાય છે.

(૧૧૦) **પ્રશ્ન**—જ્ઞાની અને અજ્ઞાની શી રીતે જણાય?

ઉત્તર—પર-દ્રવ્યમાં રાગદ્વેષ કરે તે અજ્ઞાની છે. પર

દ્રવ્યને ભિન્ન જાણીને રાગદ્વેષ ઘટાડે તથા સમભાવમાં રહે તે જ્ઞાની છે. ચૌદ પૂર્વનો સાર સમભાવ છે. બધા શાસ્ત્રો એક સમભાવનું વિવેચન (વૃત્તિ, ટીકા) છે.

(૧૧૧) **પ્રશ્ન**—આત્માએ સૌથી પ્રથમ શું છોડવું જોઇએ ?

ઉત્તર—પાંચ મિથ્યાત્વના સ્વરૂપને જાણીને છોડવા. (મિથ્યાત્વનું વિશેષ સ્વરૂપ સમકિત ભાવના તથા આત્મ જાગૃતિ ભાવનાથી જોઈ લેવું)

(૧૧૨) **પ્રશ્ન**—સમકિતની શુદ્ધિ શાથી થાય છે?

ઉત્તર—નિરંતર તત્ત્વાભ્યાસથી.

(૧૧૩) **પ્રશ્ન**—સમકિત રૂપી છે કે અરૂપી?

ઉત્તર—સમકિત અરૂપી છે. કારણ એ જીવનો ગુણ છે. જીવ અરૂપી છે એટલે તેનો ગુણ પણ અરૂપી છે.

(૧૧૪) **પ્રશ્ન**—સમકિત ઇન્દ્રિય સુખનો આનંદ દેનારૂં છે કે અતીન્દ્રિય આનંદ દેનાર ?

ઉત્તર—સમકિત અતીન્દ્રિય આત્મિક આનંદ દેનાર છે, ઇન્દ્રિયોનો આનંદ જીવના ચરિત્ર ગુણનો વિકાર—અશુદ્ધ અવસ્થા છે.

(૧૧૫) **પ્રશ્ન**--ચાર તીર્થમાં પ્રવેશ કયારે કરી શકાય છે?

ઉત્તર--સમકિત ગુણ પ્રાપ્ત કરવાથી.

(૧૧૬) **પ્રશ્ન**--સદ્દષ્ટિ આત્મા ગુરૂ આદિની પરીક્ષા કેવી રીતે કરે છે?

ઉત્તર--મધ્યમ ક્રિયા રત થયા, બાળક દેખે લિંગ;
સમદષ્ટિની દષ્ટિમાં, ઉત્તમ તત્ત્વ સુરંગ.

ભાવાર્થ—અજ્ઞાની-બાલ-જીવ લિંગ (વેશ, નામ, સંપ્રદાય) આદિ દ્રવ્ય ચિન્હના વિચારથી પરીક્ષા કરે છે. મધ્યમ કોટીના જીવ ક્રિયા, આચાર, વર્તાવ જોઈને પરીક્ષા કરે છે, અને સમદૃષ્ટિ ઉત્તમ તત્વથી પરીક્ષા કરે છે અને તત્વ-શુદ્ધિમાં જ આનંદ માને છે.

(૧૧૭) **પ્રશ્ન**—જૈન સમાજમાં ઘણા કાળથી લોકો મુનિ ધર્મ પાળતા, મુનિઓની સેવા કરતા, વ્યાખ્યાન વાંચતા, સાંભળતાં પ્રશ્નોત્તર કરતાં અને થોકડા આદિ જ્ઞાન ધરાવતા દેખાય છે; તે છતાં ઘણાંયને જીવ અને પુદ્ગલની ભિન્નતાનું **ભેદ જ્ઞાન** દેખાતું નથી, એનું શું કારણ હશે? તથા રાગ, દ્વેષ, ઇર્ષા, યશ, વાંછા આદિ પ્રતિ-દિન ઘટવાને બદલે વધતા કેમ દેખાય છે?

ઉત્તર—દ્રવ્યાનુયોગના યથાર્થ જ્ઞાન અને ભેદ ભાવના અભાવે!

(૧૧૮) **પ્રશ્ન**—શ્રી ભગવતી સૂત્રમાં સાર રૂપ શું ફરમાવ્યું છે?

ઉત્તર—શ્રી ભગવતી સૂત્રમાં ફરમાવ્યું છે કેઃ-

મન જુદું છે અને આત્મા જુદો છે.
વચન જુદું છે અને આત્મા જુદો છે.
કાયા જુદી છે અને આત્મા જુદો છે.

મન, વચન, કાયા એ નામ કર્મના ઉદય ફળ છે, આત્મિક ગુણો નથી. એ જુદા છે, રૂપી છે, કર્મના વિકાર છે, આ ત્રણ પ્રવૃત્તિઓથી કર્મ બંધાય છે. એને આત્માથી ભિન્ન જાણીને મન, વચન, કાયા ઉપર પૂરો સંયમ (કાબુ)

કરવાથી જ કર્મ બંધનથી છુટાય છે. સમદૃષ્ટિ જીવ હમેશા એનાથી ભેદ ભાવના ચિંતવે.

એક મહા પુરૂષ તો ભગવતી આદિ જિન વાણીનો સાર **ભેદ જ્ઞાન** બતાવે છે.

સૂણો ભગવતી દાસજી, વાત કહું હું સાચી;
અન્ને મન્ને જાણ્યો નહિ તો, કાંઇ ભગવતી વાંચી.

અર્થ—ભગવતીદાસ (જિન વાણીના ભકત), આપને સાચી વાત કહું છું. ‘જો આપ આત્માને મનથી જુદો ન જાણો તો ભગવતી વાંચવાથી લાભ શો ? ભેદ જ્ઞાન એ જ શાસ્ત્ર વાંચનનો સાર છે.

દોહા

भेद ज्ञान सो मुक्ति है, युक्ति करो किम कोय ।
वस्तु भेद जाणें नहीं, मुक्ति कहांसे होय ॥ १ ॥
भेद ज्ञान साबु भयो, समरस निर्मळ नोर ।
धोबी अंतर आत्मा, धोवे निज गुण चीर ॥ २ ॥
भेद ज्ञान संवर जिण पायो, सो चेतन शीव रूप कहायो ॥
भेद ज्ञान जिनके घट नाहीं, ते जडजीव बंधे जगमाहीं ॥ ३ ॥

(૧૧૯) **પ્રશ્ન**—સકામ નિર્જરા કયારથી શરૂ થાય છે ?

ઉત્તર—સમકિત પ્રગટયા બાદ સકામ નિર્જરા થાય છે. સમકિત વિનાની બધી અકામ નિર્જરા મનાઈ છે. કારણ એથી જીવ પુનઃ કર્મથી બંધાય છે. અકામ નિર્જરાથી કરોડો ભવોમાં પણ જેટલા કર્મોનો નાશ નથી થતો, એટલા કર્મોનો નાશ સકામ નિર્જરાથી ક્ષણ માત્રમાં થાય છે. સમકિત એટલે સાચી સમજણ અને મિથ્યાત્વ એટલે

ખોટી સમજણ. જ્યારે આ જીવ સાચી સમજણ કરી રાગ, દ્વેષ, મોહ, શરીર, ભોગાદિ છોડે છે ત્યારે ફરી તે કદી ગ્રહણ કરતો નથી જેવી રીતે સમજુ માણસ રત્નની ખાણમાંથી કાંકરા તજી રત્ન લે છે પણ અણુસમજુ માણસ કાંકરા તજે છે, છતાં વગર સમજણે તે પાછા લઈ રત્ન ફેંકી દે છે. તેમ મિથ્યાત્વી નિર્જરા કરી દેવાદિ ભોગ મળતાં પાછો ગૃદ્ધ બની દુર્ગતિમાં જાય છે. સમકિતીનો વૈરાગ્ય ને ત્યાગ નિત્ય રહે છે જ્યારે તે વિના અસ્થિર રહે છે.

(૧૨૦) **પ્રશ્ન**—સત્ય ઉપદેશ ક્યારે દઈ શકાય છે ?

ઉત્તર—વ્યવહાર નિશ્ચય બન્ને નય (અપેક્ષા, અભિપ્રાય, આશય)નું જેને બરાબર જ્ઞાન હોય તેવો સમભાવી આત્મા જ સત્ય ઉપદેશ થઈ શકે છે. વર્તમાનમાં આ બે ગુણોના અભાવે ઉપદેશ દેવાથી કલહ થતો દેખાય છે, અથવા સ્વ પર વિકાસ થતો નથી.

(૧૨૧) **પ્રશ્ન**—આ બે ગુણ જરૂરી શા માટે છે ?

ઉત્તર—વ્યવહાર નિશ્ચયના જ્ઞાનથી સત્ય જણાય છે. જો તેનું જ્ઞાન નથી તો સત્ય પણ નથી જાણતા, તો સત્ય ઉપદેશ તો શી રીતે આપી શકે ? સત્ય જાણવા છતાં સમભાવ ન હોય તો અસત્ય કહેવાય છે. માટે જ સમભાવી જ્ઞાની જ સત્ય ઉપદેશ આપી શકે છે. ભગવાન પણ સર્વજ્ઞ અને વીતરાગ (બન્ને ગુણયુક્ત) હોવાને લીધે જ સત્ય ઉપદેષ્ટા (આપ્ત) કહેવાય છે.

(૧૨૨) **પ્રશ્ન**—મૂલ પાઠનું જ્ઞાન, અર્થનું જ્ઞાન અને તત્વરહસ્યના જ્ઞાનથી શું શું ફળ મળે છે ?

ઉત્તર—૧ માત્ર પાઠ જ્ઞાનથી પ્રાયઃ સામાન્ય પુન્ય પ્રકૃતિ બંધાય. ૨ અર્થ જ્ઞાનથી ઘણી પુણ્ય પ્રકૃતિ અને થોડી નિર્જરા થાય, અને ૩ તત્વ (રહસ્ય) જ્ઞાનથી ઘણી નિર્જરા થાય તથા સત્ય સુખની પ્રાપ્તિ થાય છે; પાઠ જ્ઞાન ઉત્તમ વૃક્ષના પાંદડાં સમાન છે, અર્થ જ્ઞાન ફૂલ સમાન અને તત્વ જ્ઞાન ઉત્તમ ફળ સમાન છે. એમ શ્રી ઠાણાંગ સૂત્રમાં ફરમાવ્યું છે.

(૧૨૩) **પ્રશ્ન**—સર્વ શાસ્ત્રોનું કથન કેટલી નયોથી કરેલું છે? અને તેની આજ્ઞાનું પાલન કેટલી નયથી કરવું જોઇએ?

ઉત્તર—શાસ્ત્ર કથન મુખ્ય બે નય-વ્યવહાર-નિશ્ચયથી કરેલ છે અને તેનું પાલન પણ બન્ને નયથી કરવું જોઇએ. એ બન્ને નયના સમૂહને સ્યાદ્વાદ કહે છે. એક જ નયને એકાન્તવાદ (મિથ્યાત્વ) કહે છે. હિંસા, અસત્ય, ચોરી, મૈથુન અને પરિગ્રહનો ત્યાગ બાહ્ય ચારિત્ર જ છે અને યોગ કષાયનો ત્યાગ આભ્યંતર ચારિત્ર જ છે.

(૧૨૪) **પ્રશ્ન**—કેવા સુખની ચાહ કરનારને આત્મ-દર્શન અને આત્મ જ્ઞાન પ્રકટ થઈ શકે?

ઉત્તર—ઈન્દ્રિય સુખ છોડીને આત્મિક સુખની ચાહ (ધ્યાન) કરનારને આત્મ દર્શન અને આત્મ જ્ઞાન પ્રકટી શકે છે.

(૧૨૫) **પ્રશ્ન**—કયા ગુણ પ્રકટ કરવાથી જન્મ મરણની જડ (સંસાર સંતતિ) નાશ પામે?

ઉત્તર—સમકિત ગુણ પ્રકટ થવાથી સંસાર સંતતિ

નષ્ટ થાય છે, જેમ મૂળ કપાતા વૃક્ષ નીચે પડે છે અને તેના ડાળી, પાંદડાં લીલાં છતાં વધી નથી શકતાં પણ સુકાઈ જાય છે. એ રીતે સમદૃષ્ટિનો સંસાર નથી વધતો, અને સકળ કર્મ ક્ષય કરીને મોક્ષમાં જાય છે.

(૧૨૬) **પ્રશ્ન**—સ્વભાવ પર્યાય (હાલત) કઈ છે?

ઉત્તર—શુદ્ધ ગુણ જ સ્વભાવ પર્યાય છે. સમ્યક્ જ્ઞાન, દર્શન, ચારિત્ર જ શુદ્ધ ગુણ છે.

(૧૨૭) **પ્રશ્ન**—વિભાવ પર્યાય કઈ છે?

ઉત્તર—અશુદ્ધ ગુણ વિભાવ પર્યાય છે. અજ્ઞાન, મિથ્યાત્વ, અને વિષય કષાય જીવની અશુદ્ધ હાલત છે.

(૧૨૮) **પ્રશ્ન**—આત્માની સિદ્ધિનું પરમ અદ્ભૂત નિમિત્ત કારણ કયું.

ઉત્તર—શુદ્ધ ભાવ.

(૧૨૯) **પ્રશ્ન**—નિશ્ચય હિંસા કઇ છે?

ઉત્તર—અજ્ઞાન, મિથ્યાત્વ અને વિષય કષાય જ નિશ્ચય હિશા છે. હિંસા જ સર્વ દુઃખોનું મૂળ કારણ છે.

(૧૩૦) **પ્રશ્ન**--નિશ્ચય અહિંસા કઇ છે?

ઉત્તર--અજ્ઞાન, મિથ્યાત્વ, વિષય કષાયનો ત્યાગ જ નિશ્ચય અહિંસા છે. સમભાવ જ અહિંસા છે અને અહિંસા જ સુખોનું મૂળ છે.

(૧૩૧) **પ્રશ્ન**—સમકિતની ઉત્પત્તિ, રક્ષા અને વૃદ્ધિ કયા ધ્યાનથી થાય છે? તથા સમદૃષ્ટિ જીવે એ ધ્યાન કેટલી વાર કરવું જોઇએ?

ઉત્તર—સમકિતની ઉત્પત્તિ ધર્મ ધ્યાન (આત્મ

ચિંત્વન)માંથી થાય છે અને ધર્મ ધ્યાનથીજ સમકિત ગુણની રક્ષા અને વૃદ્ધિ થાય છે.

ધર્મ ધ્યાનનું નિરંતર ચિંત્વન કરવું જોઇએ. ઓછામાં ઓછું રાત દિવસમાં ત્રણ વાર તો અવશ્ય ચિંત્વન કરવું જોઇએ. શાસ્ત્રમાં બે પહોર ધ્યાનની ખાસ આજ્ઞા છે.

(૧૩૨) **પ્રશ્ન**—ધર્મ ધ્યાન કોને કહે છે?

ઉત્તર—ધર્મનો અર્થ સ્વભાવ (**वस्तु स्वभावः धर्मः**) છે. આત્માના સ્વભાવ (નિજગુણો)નું ચિંત્વન કરવું એ જ ધર્મ ધ્યાન છે. ધર્મ ધ્યાન (આત્મ ચિંત્વન)ની આજ્ઞા વિચય (પદાર્થ-સ્વરૂપ-વિચાર) આદિ સોળ પ્રકાર છે. એને વ્યવહાર-નિશ્ચયથી સમજીને ચિંત્વન કરવું જોઇએ.

(૧૩૩) **પ્રશ્ન**—ઉપયોગના ત્રણ પ્રકાર કયા કયા છે?

ઉત્તર—શુભ, અશુભ અને શુદ્ધ ઉપયોગ.

(૧૩૪) **પ્રશ્ન**—એ ત્રણ પ્રકારના ઉપયોગના અર્થ શું શું છે?

ઉત્તર—૧-ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, વિષયાદિના વિચારો એ અશુભ ઉપયોગ છે. એથી આ લોક અને પર લોકમાં દુ:ખ ભોગવવા પડે છે.

૨-વિષય કષાય ઉપશાંત કરીને અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, સંતોષ, ક્ષમા, વિનય, સરલતા, દાન, તપ, ભક્તિ આદિના વિચારો કરવા શુભ ઉપયોગ છે, આથી આ લોક અને પર લોકમાં બહુ સુખ મળે છે.

(૩)-ઉપરના બન્ને વિચારો સિવાય આત્મ વિચાર-આત્મ સ્મરણ જ શુદ્ધ ઉપયોગ છે, એથી સર્વ દુ:ખોનો નાશ થઈને અવિનાશી સત્ય સુખ પ્રકટે છે.

(૧૩૫) **પ્રશ્ન**—ઉપયોગનું જે ફળ બતાવ્યું છે તેની સિદ્ધિનું પ્રમાણ બતાઓ.

ઉત્તર—“ **पुण्ण पावेण पच्चयइ जोवा** ”

અર્થ—પુન્ય અને પાપથી જીવો લોકમાં પીડા પામી રહ્યા છે.

सुह परिणामो पुण्णं, असुहो पावत्ति भणिय मन्नेसु ।
परिणामो णण्णगदो, दुःख खय कारणं समये ॥

અર્થ—શુભ પરિણામ પુન્યનું કારણ છે, અશુભ, પરિણામ પાપનું કારણ છે. અને અન્ય દ્રવ્યને છોડીને સ્વ સ્વરૂપમાં સ્થિતિ પરિણામ શુદ્ધોપયોગ છે, તેને શાસ્ત્રમાં સર્વ દુ:ખોના ક્ષયનું કારણ કહ્યું છે.

(૧૩૬) **પ્રશ્ન**—સમદૃષ્ટિ જીવ દરેક વસ્તુને કઇ નય (અપેક્ષા)થી જુએ અને જાણે કે જેથી સદા સમભાવ રહે અને કર્મ ક્ષય થઇ જાય ?

ઉત્તર--પર્યાય (વિચિત્ર હાલત) છોડીને સમદૃષ્ટિ જીવ દરેક વસ્તુને દ્રવ્ય દૃષ્ટિથી દેખે. જેથી કદિ રાગદ્વેષ ન થાય, સદા સમ ભાવ રહે અને ઘણા કર્મો થાય. એવા આત્મા સદા સત્ય સુખ અનુભવે છે અને થોડા જ વખતમાં મોક્ષ સુખ મેળવે છે.

(૧૩૭) **પ્રશ્ન**—સમકિત ગુણ કોને કહે છે ?

ઉત્તર—જે ગુણ પ્રગટ થવાથી શુદ્ધ આત્મસ્વરૂપનો અનુભવ અને નિશ્ચય થાય તેને સમકિત ગુણ કહે છે. એટલા જ માટે નિશ્ચય સમકિતનું લક્ષણ સ્વાનુભૂતિ કહેલ છે.

(૧૩૮) **પ્રશ્ન**—ચારિત્ર ગુણ કોને કહે છે ?

ઉત્તર—બાહ્ય અને આભ્યંતર પાપ ક્રિયાના ત્યાગથી પ્રગટેલ આત્માની શુદ્ધિને ચારિત્ર કહે છે.

(૧૩૯) **પ્રશ્ન**—બાહ્ય પાપ ક્રિયા કોને કહે છે?

ઉત્તર—હિંસા કરવી, જુઠું બોલવું, ચોરી કરવી, મૈથુન કરવું અને પરિગ્રહ સંચય કરવો.

(૧૪૦) **પ્રશ્ન**—આભ્યંતર પાપ ક્રિયા કોને કહે છે.

ઉત્તર—અજ્ઞાન, મિથ્યાત્વ, ક્રોધ, માન, માયા, લોભ, હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, દુર્ગંછા અને ત્રણ વેદ વિકાર રૂપ આત્માના મલિન (વિભાવ) પરિણામને આભ્યંતર પાપ ક્રિયા કહે છે.

(૧૪૧) **પ્રશ્ન**—જીવ મલિન શા માટે થાય છે?

ઉત્તર—જીવમાં એક વૈભાવિક ગુણ છે તે શક્તિથી પર દ્રવ્યનું નિમિત્ત મળતાં તે વિભાવ દશા–મલિન દશા પામે છે. એટલાજ માટે પર વસ્તુનો ત્યાગ તે મોક્ષનું મુખ્ય સાધન બતાવેલ છે.

संजोग मूल जीवाणं, पत्ता दुःक्ख परम्परा।
तम्हा सव्व संजोगं, सव्वं तिविहेणं वोसिरे.

જીવને દુઃખ મળવાનું મૂળ કારણ પરવસ્તુ (પુદ્ગલ શબ્દ વર્ણ–ગંધ–રસ–સ્પર્શાદિ ભોગ) છે. એથી જીવે અનંત દુઃખ ભોગવ્યું છે. તેટલા માટે હું સર્વ પર દ્રવ્યના સંયોગોને ત્રિકરણ ત્રિયોગે તજું છું.

(૧૪૨) **પ્રશ્ન**—જીવ શુદ્ધ કેવી રીતે થાય?

ઉત્તર—જેમ શત્રુ દુર્બળ પડયો હોય ને બધી શક્તિથી તેની પર ધસારો કરે તો વિજય મળે છે. રોગ

કંઈક મંદ થયો હોય ને શ્રેષ્ઠ ઔષધિ, પથ્ય અને યોગ્ય સાધનો સેવે તો તે નિરોગ થાય છે, તેમ અનંતે કાળે મનુષ્ય ભવ મળ્યો છે. તેમાં કર્મ શત્રુ દુર્બળ હોય છે, ને હવે જો સમ્યગ્ જ્ઞાન દર્શન ચારિત્ર તપ અને ધ્યાન દ્વારા તેના પર ઉત્કૃષ્ટ પુરુષાર્થથી ધસારો કરે તો કર્મ શત્રુ નાશ પામે. અને જીવ શુદ્ધ થાય. આ અવસરે ઉત્કૃષ્ટ પુરૂષાર્થ સેવશે તેને અનંત જન્મ મરણ ઘટી શિઘ્ર મોક્ષ (અનંત સુખ) મળશે.

शिवमस्तु सर्व जगतः સર્વ જગતનું કલ્યાણ થાઓ એજ ભાવના. ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ !

યોગીંદ્રદેવના આધ્યાત્મિક દોહરા.

વ્રત તપ સંયમ શિયલ છે, શિવકારણ વ્યવહાર;
નિશ્ચય કારણ મોક્ષનું, આત્મ અનુભવ સાર.

જાણે જીવ અજીવનો, ભેદવિજ્ઞાન વિચાર;
જિન મુનિ વદતા સૌ સદા, તે પામે ભવપાર.

વ્રત તપ સંયમ દાનથી, બાળ કહે શિવ થાય;
આત્માના અનુભવ વિના, કોઈ ન મોક્ષે જાય.

આત્મજ્ઞાન નહિ જ્યાં સુધી, ફોકટ ક્રિયા કલાપ;
ભટકો ત્રણે લોકમાં, શિવ સુખ લહો ન આપ.

મોક્ષ સ્વભાવે હોય છે, બંધ વિભાવે હોય;
બંધ મોક્ષ પરિણામથી, અન્ય ન કારણ હોય

ॐ અર્હં

સમ્યકત્વ અર્થાત્ સમદર્શન*

(લેખક—સમકિત પ્રેમી.)

(સંશોધક-ઉપાધ્યાય શ્રી આત્મારામજી મહારાજ)

આત્મામાં અનંત ગુણ છે. એ બધામાં સમકિત (આત્મદર્શન) ગુણ શ્રેષ્ઠ છે. કેમકે આ ગુણ પ્રકટ થતાં અન્ય બધા ગુણ વિશુદ્ધ થાય છે. એ પ્રકટયા વિના બધા ગુણ મેલા રહે છે.

दर्शन—જીવનની અનુભવ ભૂમિકા છે. એની દ્વારા રસ લેવાય છે. દર્શનનો સામાન્ય અર્થ 'આંખથી દેખવું' એવો થાય છે. અહિં એ સામાન્ય અર્થ ન લેવો જોઇએ. અહિં તો દર્શન એટલે અનુભવ કે સાક્ષાત્કાર અર્થ છે. દર્શનશાસ્ત્ર સાક્ષાત્કારનું શાસ્ત્ર છે. જેટલે અંશે સત્યનો-શુદ્ધાત્માનો અનુભવ થાય છે. એટલે અંશે દર્શન શુદ્ધ થઇ શકે છે. શાસ્ત્રમાં-"**परमत्थ संथवोवा**" પરમ એટલે પ્રધાન, અર્થ એટલે તત્વ. પ્રધાન તત્વ જે આત્મા છે. તેનો સંસ્તવ-અનુભવ કરવો એ સમકિતનું ચિન્હ છે.

દર્શનનું ફળ ત્યાગ છે. જેમ ઘઉંમાં કાંકરા જોઇને તરત વીણી લેવાય છે, મકાનમાં ઝેરી જીવ (પ્રાણી) હોય

---

* પં. સુખલાલજીનો દર્શન સંબંધી લેખ 'ત્યાગ ભૂમિ' મા અને શ્રીમદ્ રાયચંદ્રના પરમાર્થિક વચનામૃતોમાંથી કંઇક વિભાગ લેવા બદલ એ મહાનુભવોનો આભાર.

તો તરત દૂર કરવામાં આવે છે. તેમજ જ્યાં સત્ય દર્શન (સમકિત) પ્રકટે છે. ત્યાં સર્વદોષો દૂર કરવાની તીવ્ર રૂચિ જાગે છે. અને જીવ થોડા વખતમાંજ શુદ્ધ (સિદ્ધ) થઈ જાય છે.

જ્ઞાનપૂર્વક શાંત રસની પ્રાપ્તિ દર્શન–શુદ્ધિથી થાય છે. જે મનુષ્ય બંધનને યથાર્થરૂપે જાણે છે. અને તે દૂર કરવા–કાપવામાં જ સ્વતંત્રતા (સુખ) નું મૂળ છે, એવી માન્યતા રાખે છે તથા પુરૂષાર્થ દ્વારા બંધનથી મુક્ત થાય છે. તે સુખી થાય છે. એ રીતે જે વ્યક્તિ શરીરાદિ સ્થૂળ બંધન અને કામ, ક્રોધ, લોભ, મોહાદિ સૂક્ષ્મ બંધનથી બંધાયેલ આત્માનો નિશ્ચય નય (સત્ય–સ્વરૂપ વિચાર)ની અપેક્ષાએ બધા બંધનથી ભિન્ન, જ્ઞાન–સ્વરૂપ જાણે છે, અનુભવ કરે છે, નિશ્ચય કરે છે અને મોક્ષમાર્ગનું આચરણ કરે છે, તે જ મુક્ત થઇ શકે છે. એટલે મોક્ષપ્રાપ્તિને માટે જ્ઞાન, દર્શન, ચારિત્ર બધા પરમ આવશ્યકીય છે.

'**श्रद्धा परम दुल्लहा**'—શ્રદ્ધા (સત્ય નિશ્ચય સમકિત) પરમ દુર્લભ છે. એવું જે શાસ્ત્ર વચન છે તે સત્ય છે. કારણ એ છે કે, જીવને અનાદિ કાળથી વિષય (ભોગ) કષાય (ક્રોધાદિ) નો ગાઢ પરિચય હોવાથી જીવ પોતાના નિજ ગુણોને ભૂલી ગયો છે. જેમ કોઇ રાજપુત્ર બચપણથી જ ભીલપુત્રો સાથે રહેવાથી પોતાને ભીલપુત્ર સમજે છે, પણ જ્યારે કોઈ સત્પુરૂષ તેને સ્વભાન કરાવે છે ત્યારે તે પોતાના રાજ્યકાર્ય હાથ ધરવાને તત્પર થઇ જાય છે. આ હાલત જીવની છે, અને આ જીવે કદાચ ધર્મ પાલન કર્યું હશે તો પણ આત્મ

ધર્મની આરાધના ન હોવાથી તત્વ રૂચિ બહુ ઓછી છે. વિશેષતઃ આ કાળમાં સમકિતના આરાધક જીવોનો જન્મ પ્રાયઃ ન્યૂન છે એટલે તો જીવોની તત્વ રૂચિ મંદ થતી દેખાય છે. જો કે આ કાલમાં સમકિત ધર્મનું આરાધન થઈ શકે છે, પરંતુ એ ઉદય ભાવનાથી કે, જેથી સ્વભાવિક પ્રેરણા જાગે. બાળક જન્મથી જ દૂધ પીવા લાગે છે. જુવાનો વિના શિખવ્યે વિષય ભોગ તરફ વળે છે. એ ક્રિયાઓ ઉદય જનિત પૂર્વ સંસ્કારોથી થાય છે. આત્મ-જ્ઞાન, તત્વ-જ્ઞાન, સમકિત ધર્મ એ ક્ષયોપશમ જનિત ગુણ છે. જે પુરૂષાર્થ કરે, સદ્‌ગુરૂ ઉપદેશ કે સત્શાસ્ત્ર વાંચનને રહસ્ય સમજે તેને જ પરમ સત્ય પ્રાપ્ત થઇ શકે છે. આજ અનેક જીવો અસદ્‌ગુરૂ આદિમાં સત્યપણું કલ્પીને રોકાઇ જાય છે. એનું કારણ સદ્વિવેક બુદ્ધિની ઉણપ છે. કેટલીક વાર સત્સમાગમ થાય છે તો બલ વીર્ય આદિની એટલી તો શિથિલતા હોય છે કે, ચિંતામણી રત્નના સન્મુખ છતાં લઈ શકાતો નથી. કેટલાક જીવો શુષ્ક જ્ઞાન પ્રધાન છે, તો કેટલાય જીવો શુષ્ક ક્રિયા પ્રધાન છે. જ્યાં જ્ઞાન અને ક્રિયા બન્નેનો યોગ હોય છે ત્યાં જ સત્યની પ્રાપ્તિ થાય છે.

શુષ્ક જ્ઞાન—શાસ્ત્રમાં જ્ઞાન અને ક્રિયા, વિચાર અને આચાર-થી સુખની પ્રાપ્તિ બતાવી છે. જે ઠેકાણે એકાંત ક્રિયાનો મોહ હોય છે ત્યાં જ્ઞાન પ્રકટાવવાની શિક્ષા દેવાનું કહ્યું છે. કેમકે જ્ઞાનના અભાવે બધી ક્રિયાઓ નિષ્ફળ થાય છે. એ શબ્દો ગ્રહણ કરીને શુષ્ક

જ્ઞાની જીવ ક્રિયા રહિત બનીને પોતે ચારિત્રહીન થઇ જાય છે. એ જ્ઞાની નહિ પણ અજ્ઞાની છે. જ્ઞાનનું ફળ જ ચારિત્ર છે. જ્યાં શુદ્ધ જ્ઞાન છે ત્યાં શુદ્ધ ચારિત્ર અવશ્ય હોય છે.

શુષ્ક ક્રિયા—કેટલાક જીવો ક્રિયા તો કરે છે; પરંતુ તત્વ બોધથી શૂન્ય હોય છે. તેઓ શાસ્ત્રમાં શુષ્ક જ્ઞાનને સુધારવા માટે આપેલી શિક્ષા ' ક્રિયા વિનાનું જ્ઞાન એ ચંદનનો ભાર ઉઠાવનાર ગધેડા સમાન છે ' ઇત્યાદિ વચનો વાંચીને નય પ્રમાણ સ્વરૂપ તત્વ જ્ઞાનમાં પરવા વિનાના બની જાય છે. તેઓ પણ સત્યને પહોંચી નથી શકતા. ઉત્તમ જીવોએ **જ્ઞાન** અને **ક્રિયા** બન્ને ગુણોને ધારણ કરીને પરમ સત્ય (શુદ્ધ આત્મ સ્વરૂપ) પ્રકટ કરવું જોઇએ.

જે જીવો શુષ્ક જ્ઞાનના પ્રધાનપણામાં મોક્ષ માર્ગની કલ્પના કરે છે, તે જીવોને તથારૂપના ઉપદેશનું પોષણ પણ રહે છે. મોક્ષ માર્ગ તો **જ્ઞાન**, **દર્શન**, **ચારિત્ર** અને **તપ** એમ ચતુર્વિધ બતાવેલ છે. ક્રિયા પ્રધાન જીવો પહેલાં બે પદ (જ્ઞાન અને દર્શન)ને પ્રાયઃ ભૂલી જાય છે. વળી **ચારિત્રનો** અર્થ વેશ અને બાહ્ય વૃત્તિ માત્ર જ સમજે છે અને **તપનો** અર્થ માત્ર ઉપવાસાદિ કરવા તે પણ બાહ્યસંજ્ઞાથી સમજાતા હોય છે. કદાપિ જ્ઞાન, દર્શનનું કંઈ કથન કરવું પડે તો સ્થૂળ વિષયના વિવેચનને જ્ઞાન, તેની પ્રતીતિને દર્શન અને કહેનારના વચનની પ્રતીતિમાં સમકિત સમજાય છે. લકીરના ફકીર થનારા (ગાડરીઆ પ્રવાહમાં

તણુનારા) એ નય, પ્રમાણુ, તર્ક, ન્યાય, તુલના અને વિવેક બુદ્ધિથી, આશયને ન સમજવાને લીધે શુષ્ક ક્રિયાવાન્ જીવો છે. જે જીવો શુષ્ક અધ્યાત્મી (શુષ્ક જ્ઞાની) છે, તેઓ બાહ્ય ક્રિયા (પાંચ સમિતિ આદિ) અને શુદ્ધ વ્યવહાર (ધ્યાનાદિ) ને ઉઠાવવા (છોડવા) માં મોક્ષ માર્ગ સમજે છે. તે જીવો શાસ્ત્ર વચનને પૂરા સમજતા નથી. અને હૃદયમાં વિપરીત અર્થ જમાવે છે. શાસ્ત્રોમાં ક્રિયાનો નિષેધ ઉચ્ચ ગુણસ્થાન વર્તી જીવોને માટે કહેલ છે. (એટલે કે તેઓ સ્વભાવતઃ જ પૂર્ણ ક્રિયાવાન્ હોય છે તેથી જ તેમને કલ્પાતીત કહે છે). એ પ્રમાદ દશામાં નહિ; પણ અપ્રમાદ દશામાં હોય છે. જ્યારે ક્રિયાની જરૂર જ નથી રહેતી. આ ભાવોનું જો પ્રમાદ દશામાં પાલન કરવામાં આવે તો ક્રિયા રહિતની શી દશા થાય ? પાકા તરીયાને અવલંબનની જરૂર નથી હોતી; પરંતુ કાચો તરીયો કે જેને તરતા ન આવડતું હોય તે જો સમુદ્રમાં કૂદે તો સાધન વિના પ્રાણ ખોવે છે. એવી જ રીતે પ્રમાદ દશામાં આત્મ રક્ષાને માટે જે અવલંબન બતાવ્યું છે તેને ન સ્વીકારનારા પતિત થાય છે.

વ્યવહારના ત્રણ ભેદ છેઃ-૧ શુદ્ધ વ્યવહાર, ૨ શુભ વ્યવહાર, અને ૩ સાધન વ્યવહાર.

જે વ્યવહાર શુદ્ધતાની પૂર્ણતાને પ્રકટ કરે છે તે શ્રેષ્ઠ છે. તેને શુદ્ધ વ્યવહાર કહે છે. તે આદરવા યોગ્ય છે. એનો આદર અવશ્ય કરવો જોઇએ. એ નિશ્ચય રત્ન-ત્રય છે. ૧ સ્વાનુભૂતિ, સમકિત, ૨ સ્વરૂપ બોધ જ્ઞાન અને ૩ સ્વરૂપ રમણતા ચારિત્ર.

બીજો શુભ વ્યવહાર તે છે જે યથાર્થ વસ્તુ સ્વરૂપનો બોધ અને નિશ્ચયથી રહિત છે ત્યાં સુધી પુન્ય પ્રાપ્તિનું કારણ છે. જ્યારે શુભમાં ઉચ્ચ ભાવના પ્રકટ થાય છે ત્યારે તે શુદ્ધનું સાધન થઈ જાય છે. એ વ્યવહાર રત્નત્રય છે. યથાર્થ તત્વ નિશ્ચય, યથાર્થ પ્રમાણ નય પૂર્વક તત્વ બોધ અને કષાયની મંદતા.

ત્રીજો સાધન વ્યવહાર છે. જેમકે—વેશ, ઉપકરણો, બાહ્ય સમાચારી ક્રિયા આદિ જે દેશ કાળમાં હિતકર હોય તેવો ઉપદેશ પ્રધાન આચાર્યાદિ આપે છે. એ જ સાધન વ્યવહાર છે. આ વ્યવહાર જ્યાં સુધી ઈષ્ટની સિદ્ધિ શુદ્ધ અને શુભની સાધના કરે ત્યાં સુધી હિતકર છે. દેશકાળને બદલ્યે **સાધન વ્યવહાર** બદલવા પડે છે. બાલ જીવ સાધન વ્યવહારમાં સર્વસ્વ સમજી બેસે છે. ધર્મ ક્રિયાની વિધિ એક સાધન હોવાથી સદા સરખી રહેતી નથી. જેમ મધ્યમ કોટીના મુનિઓ માટે રોજ બન્ને વખત પ્રતિક્રમણ આવશ્યક છે, ફરજીઆત છે. જ્યારે ઉચ્ચ કોટીના મુનિઓ માટે દોષ લાગે ત્યારે જ પ્રતિક્રમણ કરવાની આજ્ઞા છે.

આથી એટલું તો સિદ્ધ છે કે, રાગ–દ્વેષ, વિષય–કષાય પર વિજય કરવાનું સાધ્ય (ધ્યેય) સર્વ માટે સમાન છે; પરંતુ બાહ્ય સાધન પલટતા રહે છે.

જુદા જુદા સંપ્રદાયોના આચાર્યોએ ઉપકાર બુદ્ધિથી એવી કેટલીયે નવીનતાઓ કરી છે. એમના શિષ્યો એ સાધનોમાં સર્વસ્વની બુદ્ધિ કરીને અત્યાગ્રહ કરે છે તથા

સમકિત અને મિથ્યાત્વની કલ્પના આ સાધનોથી કરે છે, એ જ્ઞાનની ખામી છે. શાસ્ત્રકારોએ સાધનમાં મમત્વ ન કરવાની અને શુભમાં શુદ્ધની બુદ્ધિ ન કરવાની શિક્ષા આપતા આ દોષોને છોડાવવાની અને શુદ્ધ વ્યવહારને કામમાં લાવવા માટે ફરમાવ્યું છે કે, મેરૂ પર્વત જેટલા ધર્મોપકરણ વ્યવહારમાં ધારણ કર્યાં તો પણ કંઈ ન થયું. આ વચનોને ગ્રહણ કરીને શુષ્ક જ્ઞાનીઓ ક્રિયાનો ઉચ્છેદ કરે છે, એ પણ ઉચિત નથી. આ રીતે ક્રિયામાં રૂચિ રાખનારાઓનો એવા જ સાધનોમાં આગ્રહ અને કલહ કરવો અનુચિત છે. બન્ને દૃષ્ટિવાળા વસ્તુસ્વરૂપને બરાબર સમજીને યથાર્થ વિચાર (જ્ઞાન) અને આચાર (ક્રિયા) વાળા બને તો સત્ય (સમકિત) પ્રકટ થઇ શકે છે.

(वरं लिखितम्)

યોગીંદ્રદેવના આધ્યાત્મિક દોહરા.

મિથ્યા દર્શન વશ ફસી, ધરે અહં મમકાર;
જિનવર બહિરાતમ કહે, તે ભમશે સંસાર.

જેમ રમતું મન વિષયમાં, તેમ જો આત્મે લીન;
ક્ષણમાં શિવસંપદ વરે, ન ધરે દેહ નવીન.

સમ્યક્ દર્શન તેજ છે, આત્માનું ઓળખાણ;
ચેતન રહે નિજ રૂપમાં, તે ચારિત્ર પિછાણ.

સિદ્ધયા ને વળી સિદ્ધશે, સિદ્ધ થતા ભગવાન્;
અંતર આત્મા તે સહુ, સમ્યક્ શ્રદ્ધાવાન.

સમકિત સ્વરૂપ*

(૧) શ્રી ઋષભદેવ સ્વામીથી વર્ધમાન સ્વામી સુધીના સર્વ પ્રભુઓને નમસ્કાર કરીને દર્શન સ્વરૂપને સંક્ષેપમાં કહું છું.

(૨) શ્રી જિનેશ્વર દેવે ગણધરાદિને ધર્મોપદેશ આપ્યો છે તેનું મૂળ દર્શન છે. જ્યાં સુધી (સમકિત) નથી ત્યાં ધર્મ પણ નથી. મૂળ વિના થડ, ડાળો, પુષ્પ, ફલાદિ ક્યાંથી હોય? જે દર્શનભ્રષ્ટ છે તેને મોક્ષ પ્રાપ્તિ અતિ દુર્લભ છે. વૃક્ષનું મૂળ કપાતાં ફળ કયાંથી લાગે? કોઈ ચારિત્ર ભ્રષ્ટ હોય, પરંતુ દર્શન શુદ્ધ હોય તો તેને ચરિત્ર તો ફરીથી સાંપડે છે અને મોક્ષ પણ મળી શકે છે. જેમ કોઈ થડ અને ડાળીઓ કપાવા છતાં પણ જો મૂળ બચેલું હોય તો ફરીથી વૃક્ષ બનીને ફળ લાગી શકે છે.

(૩) જે દર્શન (આત્માનુભવ)થી રહિત અને ઘણા પ્રકારના શાસ્ત્રોને જાણે છે તે આરાધના રહિત થવાથી સંસારના ભ્રમણ કરે છે.

(૪) જે દર્શન રહિત છે તે ભલે અનેક હજારો, ક્રોડો, વર્ષ સુધી ઉગ્ર તપ કરતા રહે તો પણ બોધિ એટલે સમ્યગ્ જ્ઞાન-દર્શન-ચારિત્ર રૂપ સ્વ સ્વરૂપનો લાભ મેળવી શકતો નથી.

(૫) આ પંચમ કાળમાં જડ (મંદ બુદ્ધિ) વક્ર

---

* શ્રી દર્શન-સમકિત પાહુડમાંથી સંગ્રાહિત.

(દરેક વાતને પ્રાયઃ ઉલ્ટી લેનાર) જીવો છે. તો પણ પુરૂષાર્થ કરે તો શુદ્ધ સમકિત ગુણ પ્રકટ કરીને જ્ઞાન, ચારિત્ર, તપમાં બલ પરાક્રમ વાપરી શિઘ્ર મોક્ષગામી બની શકાય છે.

(૬) જે પુરૂષના હૃદયમાં સમ્યક્ત્વરૂપી પાણીનો પ્રવાહ નિરંતર વહે છે, તે પુરૂષને નવા કર્મ-રજ રૂપી આવરણ નથી લાગતું અને તેના પૂર્વે બાંધેલા કર્મ નષ્ટ થઇ જાય છે. કેમકે ક્રોધાદિ કષાયભાવથી બાંધેલા કર્મ ક્રોધાદિ રહિત શુદ્ધ પરિણામોથી નાશ પામે છે. રાગ દ્વેષથી બાંધેલ કર્મ સમભાવ-વીતરાગ ભાવથી ક્ષય થાય છે.

(૭) જે સમ્યગ્ દર્શન રહિત હોય તે નિશ્ચય જ સમ્યગ્ જ્ઞાન અને ચારિત્ર રહિત હોય છે. એમ જીવ સ્વાત્માનું અહિત કરે છે તથા મિથ્યા ઉપદેશ દઇને અન્યજનોને પણ કુમાર્ગે લગાડે છે, દોરે છે.

(૮) મિથ્યાત્વનું ફળ નિગોદ છે. અનંત જીવોને રહેવા માટે એક જ શરીર હોય તેને નિગોદ કહે છે. એમાં સાતમી નારકીથીયે અનંતગુણી વેદના છે. કારણ કે ક્ષણ ક્ષણમાં જન્મ મરણનાં અનંત દુઃખ ભોગવવા પડે છે તથા સ્થાનનો પણ સંકોચ (તંગી) છે. મિથ્યાત્વના એવા કડવા ફળ જાણીને મિથ્યાત્વ દૂર કરવાનો ખાસ ઉદ્યોગ કરવો જોઇએ.

(૯) સમકિતથી જ્ઞાન સમ્યક્ બને છે. સમ્યક્જ્ઞાનથી બધા પદાર્થો યથાર્થ જણાય છે, અને યથાર્થજ્ઞાન થવાથી શું હિતકારી અને શું અહિતકારી છે ? એ જણાય છે. માટે સમ્યકત્વજ પરમોપકારી છે.

(૧૦) જિન વચન ભાવ ઔષધિ છે. એથી ઇંદ્રિયજન્ય

ભોગોમાં સુખ બુદ્ધિ દૂર કરી શકાય છે. (વિષયોમાં સુખ મનાતું નથી.)

(૧૧) જીવાદિ નવ પદાર્થની યથાર્થ શ્રદ્ધા કરવી એ વ્યવહાર સમકિત છે. અને શુદ્ધ નિજાત્મ સ્વરૂપનો અનુભવપૂર્વક નિશ્ચય કરવો એ નિશ્ચય સમકિત છે.

(૧૨) સર્વ ગુણોની રત્ન–રાશિમાં સમકિત ગુણ જ સાર છે અને એ જ મોક્ષનું પ્રથમ પગથીયું છે. સમકિત પ્રકટતાં જ વિષય ભોગમાં સુખદુઃખ કલ્પના રૂપ વિકાર અને તેનું ફળ જન્મ–જરા–મરણનો નાશ થઇને અવિકારી આત્મિક સુખ પ્રકટે છે. અને તેનું ફલ 'અવિચળ મોક્ષની પ્રાપ્તિ' છે.

(૧૩) સમદષ્ટિ પર દ્રવ્યને હેય (છોડવા યોગ્ય) અને નિજ સ્વરૂપને ઉપાદેય (આદરવા યોગ્ય) જાણે છે, શ્રદ્ધા કરે છે અને યથાશક્તિ પરદ્રવ્યને છોડે છે. ચારિત્ર મોહના ઉદયથી સંપૂર્ણ ન છુટે તો પણ અંતરંગ વિરક્તિનો અનુભવ કરે છે. અને ઉદાસીન (રાગ દ્વેષ તથા ઉત્સુકતા રહિત) રહે છે. જેમ પ્રભુ મહાવીર અનુત્સુકપણે ગૃહવાસમાં રહ્યા હતા.

(૧૪) બીજા ગુણી પુરૂષોને જોઇને જે ઈર્ષા (માત્સર્ય) કરે તે મિથ્યાત્વી છે. કારણ ગુણની અપ્રીતિ અને દોષની પ્રીતિ એ મિથ્યાત્વનું ચિન્હ છે.

(૧૫) સમકિતથી જ્ઞાનની શુદ્ધિ થાય છે, જ્ઞાનથી ચારિત્રની શુદ્ધિ થાય છે, અને ચારિત્રથી નિર્વાણ (મોક્ષ) ની પ્રાપ્તિ થાય છે. નિર્વાણથી અનંત સુખ પ્રાપ્ત થાય છે.

જેટલા સિદ્ધ થયા છે, તે બધા જ્ઞાન, દર્શન, ચારિત્ર રૂપી રત્નત્રયની પૂર્ણતા પ્રકટ કરીને થયા છે. એમાંથી એકેય ગુણ અપૂર્ણ હોય તો મુક્તિ નથી થતી. એ બધા ગુણો પ્રકટ કરવાનો પુરૂષાર્થ કરવો એ જ હિતકારી છે.

(કાવ્ય)

મોક્ષ ઉપાય કહ્યો જિનરાજે, સમ્યક્‌દર્શન જ્ઞાન ચરિત્ર;
તેમાં સમ્યક્‌દર્શન મુખ્ય, થયો નિજ બોધ ફલે સુચરિત્ર,
જે નર સમ્યક્ આગમ જાને, કરે પહિચાણ યથાવત્ મિત્ર,
ઘાતી ખપાયને કેવળ પાય, અઘાતી હણે લે મોક્ષ પવિત્ર.

(૧૬) સમદષ્ટિને એવી વિવેક શક્તિ પ્રકટ થાય છે કે, તેને સત્શાસ્ત્ર અને કુશાસ્ત્ર **सत** રૂપે જ પરિણમે છે, ત્યારે મિથ્યા-દષ્ટિને વિવેક શક્તિનો અભાવ હોવાથી સત્ અને અસત્ શાસ્ત્ર **असत** રૂપ જ પરિણમે છે.

(૧૭) વ્યવહાર અને નિશ્ચય બન્ને ભેદોને બરાબર સમજનારા દોષોને દૂર કરી સુખ પામે છે. જે વ્યવહાર–નિશ્ચય બન્નેને યથાર્થ જાણે તે જ સમદષ્ટિ થઈ શકે છે. આરંભ (હિંસાદિ કામ) પરિગ્રહ (ધન ભોગાદિ)થી જેને જ્ઞાન પૂર્વક અરૂચિ થઈ ગઇ હોય તે જ સમકિતને પાત્ર થઈ શકે છે.

(૧૮) દર્શનઃ-દર્શનાવરણ કર્મના અભાવે જે દર્શન ગુણ પ્રકટે છે તે દેખવા રૂપ શક્તિને ધારણ કરનારો ગુણ છે. ત્યાં દર્શનનો અર્થ સામાન્ય બોધ છે. વસ્તુનું અસ્તિત્વ (સત્તા માત્ર) જાણવું 'વસ્તુ છે' એટલું જાણવું એ દર્શન છે, અને પદાર્થનો વિશેષ ગુણ, પર્યાય (હાલત) જાણવું જ્ઞાન છે. જ્ઞાનાવરણ કર્મના અભાવે જ્ઞાન ગુણ પ્રકટે છે.

જ્ઞાનનું ફળ સ્વ-પરને વિશિષ્ટ પ્રકારે જાણવાનું છે. નિશ્ચય નય અર્થાત્ સત્ય સ્વરૂપમાં શુદ્ધ સ્વરૂપને અવિચલ રૂપે જાણવું એ જ્ઞાન છે અને દેખવું તે દર્શન છે. આ પુસ્તકમાં 'દર્શન' ગુણ દર્શન મોહનીયના અભાવે પ્રકટ થનાર ગુણના અર્થમાં લીધેલ છે.

(૧૯) આઠેય કર્મોનો રાજા મોહનીય કર્મ છે. અને મોહનીયની ૨૮ પ્રકૃતિમાં મિથ્યાત્વ મોહનીય નામે પ્રકૃતિ સૌથી મ્હોટી છે. એટલે કે બધી કર્મ પ્રકૃતિમાં 'મિથ્યાત્વ' પ્રકૃતિ મોટી છે. એની સ્થિતિ પણ ઉત્કૃષ્ટ ૭૦ ક્રોડાક્રોડ સાગરોપમની છે. માટે જ જીવનું વધુમાં વધુ અહિત કરનાર મિથ્યાત્વ મોહ સિવાય બીજું કોઈ નથી. એમ શાસ્ત્રકારો કહે છે. જ્યારે મિથ્યા દર્શન મોહનીયની પ્રકૃતિનો અભાવ થાય છે, ત્યારે જે શુદ્ધ દર્શન ગુણ પ્રકટ થાય છે. તેનું બીજું નામ સમકિત છે. આ દર્શન-સમકિતનું કાર્ય છે. યથાર્થ સ્વરૂપ નિશ્ચય એને શ્રદ્ધા પણ કહે છે. સમ્યગ્દર્શન-સમકિત પ્રકટ થવાથી આત્મા સ્વ સ્વરૂપનો યથાર્થ નિશ્ચય કરે છે, જેથી અનાદિકાળની તેની વિપરીત માન્યતા શરીર, ઇન્દ્રિય, ભોગ, બાહ્ય પદાર્થોમાં મારાપણાની (મમત્વ) બુદ્ધિનો નાશ થઈને જીવ અનંત જ્ઞાન, સુખાદિ પૂર્ણ શુદ્ધ આત્મ-તત્વને માનતો થકો મોક્ષ પ્રાપ્ત કરે છે.

(૨૦) વિચાર કરવાથી બરાબર સમજાય છે કે, જ્યાં સુધી મિથ્યાત્વ છે, અસત્યપણું છે, ત્યાં સુધી બધો ગુણ સમુદાય વિપરીત જ રહેશે. જેમ એક માણસ પોતાને ગામ જાય છે; ગામ પહોંચવાને ગાડી, ઘોડા આદિ સાધન પણ

છે, પરંતુ જો રસ્તો જ ઉંધો છે તો છતે સાધને તે પોતાને ઘેર પહોંચી નહિ શકે. તે જ રીતે મોક્ષ પ્રાપ્ત કરવામાં અનેક ગુણો સાધન છે. પરંતુ સમકિત (સત્ય શ્રદ્ધા) સૌથી શ્રેષ્ઠ છે. જ્યાં સુધી એ ગુણ ન હોય ત્યાં સુધી બીજા ગુણો ઈષ્ટ ફળ નથી દેતા. જેમ સાચો માર્ગ હાથ આવતા બાકી બધા સાધન ઘરે પહોંચાડવામાં સહાયક બને છે, તેમ જ સમકિત ગુણ પ્રકટ થતા અન્ય ગુણોની સહાયતાથી આત્મા નિજ ઘર–મોક્ષ જલ્દી પહોંચે છે.

(૨૧) સમકિત ગુણ પ્રકટ કરવાની પાત્રતા નીચેના આઠ ગુણ ધારવાથી આવે છે:—

(૧) **વાત્સલ્યભાવ**–જેમ ગાયને વાછડાની રક્ષાનો પ્રેમ હોય છે તેમ જ જીવ માત્ર પ્રત્યે હિત બુદ્ધિ થવી.

(૨) અધિક ગુણી–ગમે તે જાત, કુળ કે સ્થાનનો હોય તેનો **વિનય** કરવો, ગર્વ કદિ ન કરવો.

(૩) **અનુકંપા**–કોઇ પણ દુઃખી જીવને દેખીને તેનું દુઃખ દૂર કરવા માટે સદા સર્વ સમ્પત્તિનો ત્યાગ કરવો, દાન દેવું.

(૪) મોક્ષમાર્ગના સદા પ્રશંસક થવું.

(૫) પોતાના ગુણ અને પરાયા દોષોને ગોપવે, ઢાંકે.

(૬) સત્ય માર્ગથી ડગતાને સ્થિર કરે.

(૭) **ઋજુતા**–(સરલતા) યુક્ત થવું. ઉપરના ગુણોની પ્રતિજ્ઞા સરલતાથી થાય છે.

(૮) **સત્ય**ના ગ્રાહક થઈને મન, વાણી અને પ્રવૃત્તિમાં સત્યનું જ પાલન કરવું. આ ગુણથી બધા ગુણોની શુદ્ધિ થાય છે.

(૨૨) જેને સમ્યક્જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ રૂપ સમ્યક્ માર્ગમાં ઉત્સાહ હોય, તેની પ્રશંસા કરે, તેમાં સુખ માને, તે જ સુમાર્ગમાની છે. તે સમકિત ગુણની રક્ષા કરે છે.

(૨૩) પરિગ્રહ ભોગાદિમાં જેને ઉત્સાહ હોય, જે તેની પ્રશંસા કરે, એમાં સુખ માને, તે જીવ અજ્ઞાની છે, કુમાર્ગ ગામી (મોહમથી) છે તે સમ્યકત્વનો નાશ કરે છે.

(૨૪) ષટ્ દ્રવ્ય, નવતત્ત્વને દ્રવ્યગુણ પર્યાય, સામાન્ય વિશેષ, નય–પ્રમાણ–નિક્ષેપ, વ્યવહાર–નિશ્ચય વડે યથાર્થ જાણીને જે નિજ આત્માને પરદ્રવ્યથી ભિન્ન અનુભવે છે. તેજ સમ્યગ્દર્શી જીવ છે. દ્રવ્યાનુયોગ એ તત્ત્વ વિચાર, ધર્મધ્યાન અને શુકલધ્યાનની પ્રાપ્તિનું કારણ છે. એટલા માટે જ સમદૃષ્ટિ જીવે હંમેશા તત્વભાવના ભાવવી જોઇએ. આત્માને કર્મોનું બંધન અશુદ્ધભાવ–ક્રોધાદિયુક્ત કષાય ભાવથી થાય છે. અને પુનઃ ક્રોધાદિ રહિત શુદ્ધ ભાવ આત્મસ્વરૂપ ચિંત્વનથી બાંધેલા કર્મોનો ક્ષય થાય છે. એટલા માટે શુદ્ધભાવ રાખવા પરમ હિતાવહ છે.

(૨૫) સમદૃષ્ટિ આત્મા સમકિતભાવના, આત્મભાવના, એકત્વભાવના, અન્યત્વ (ભિન્ન) ભાવના આદિ ચિંતવે છે. તે (સમકિતી આત્મા) દેવ, દાનવ, કિન્નર, કિંપુરૂષ, જયોતિષી, વૈમાનિક દેવ અને વિદ્યાધરદ્વારા બધી બુદ્ધિ શક્તિ સંપત્તિથી બનાવેલી ઋદ્ધિ–ભોગ સામગ્રી જોઇને એ બધાને ઇન્દ્રજાળની જેવી અસાર ગણે છે. જેમ મદારી હાથચાલાકીથી કાંકરીનો રૂપીયો બતાવે છે. એ રૂપીયાની

ચાહ (ઇચ્છા) બુદ્ધિમાન મનુષ્ય નથી કરતો. કેમકે તે ચિરસ્થાયી નથી. એ રીતે જ સમકિતી આત્મા બધી ભોગ સામગ્રીને વિનાશી, અનિત્ય, અને દુઃખવર્ધક માને છે. તેથી તે તેને ચાહતો નથી, તેમાં ગૃદ્ધ થતો નથી. જે શુદ્ધ ભાવથી દેવતાના વૈભવનેય નથી ચાહતો તો પછી મનુષ્યના મલીન અને દુઃખપૂર્ણ ભોગોની ઇચ્છા શાની કરે ? ન જ કરે.

(૨૬) બંધ અને મોક્ષનો આધાર ભાવો ઉપર છે. ભાવોની અશુદ્ધિ અને શુદ્ધિનો આધાર નિમિત્ત-સંયોગો-ઉપર છે. જો અશુભ નિમિત્ત મળે તો અશુદ્ધ ભાવ થઇને જીવને બહુ દુઃખ ભોગવવું પડે છે. ભાવોની શુદ્ધિ માટે શાસ્ત્રકારોએ ઉત્તમ ભાવનાઓનું અવલંબન લેવા માટે ખાસ આજ્ઞા આપી છે. જ્યાંસુધી મધ્યમ અવસ્થા છે, ત્યાંસુધી અવલંબન પૂર્વક ભાવોની શુદ્ધિ થઇ શકે છે. નિરાવલંબી ધ્યાન-શુકલધ્યાન-પ્રાપ્તિનું સાધન પણ ધર્મધ્યાન છે. માટે જ મૈત્રી, પ્રમોદ, કરૂણા, માધ્યસ્થ એ ચાર ભાવના, અનિત્ય-અશરણ આદિ બાર ભાવના, જીવાજીવાદિ તત્વ ભાવના તથા ઉત્તમ વાંચન મનન ચિંત્વન દ્વારા ભાવોની શુદ્ધિ કરવી જોઇએ.

(૨૭) શાસ્ત્રમાં તત્વભાવના ચિંતવવા ખાસ ફરમાન છે. તે આ પ્રકારે ચિંતવવી:—

હું આત્મા છું. અનંતજ્ઞાન, દર્શન, સુખ, શક્તિ (વીર્ય) સ્વરૂપ છું. મારી શુદ્ધ પર્યાય (દશા) સિદ્ધ પરમાત્મા સમાન છે. દેહધારી મનુષ્યાદિ થવું, એ મારી અશુદ્ધ પર્યાય (દશા) છે. અનંત જ્ઞાન-સુખાદિ મારી શુદ્ધ ગુણ પર્યાય છે. અજ્ઞાન, વિષય, કષાય આદિ અશુદ્ધ ગુણ પર્યાય

છે; જડપુદ્ગલમાં રાગ દ્વેષ કરવાથી મારી શુદ્ધતા મલીન થાય છે. તેથી જ આશ્રવ અને બંધ થાય છે. જો રાગ, દ્વેષ, મોહાદિને છોડીશ તોજ સંવર નિર્જરા ધારીને મોક્ષ પ્રાપ્ત કરી શકીશ. આ પ્રકારે વિસ્તારથી તત્વ ભાવના ચિંતવે.

(૨૮) તત્વભાવના ચિંતવવાનું દ્રષ્ટાન્ત—કોઈ અચાનક સ્ત્રી યા પુરૂષ આદિ દ્દષ્ટિગોચર થઈ જાય તો દૃષ્ટિને તત્કાળ પાછી ખેંચીને જે રૂપાદિ નજરે આવ્યા તેના વિચારોનો નાશ કરવા માટે એવો વિચાર કરે કે-'આ સ્ત્રી (પુરૂષ) જીવતત્ત્વની અશુદ્ધ પર્યાય છે. આ સ્ત્રીનું શરીર, રૂપ, વસ્ત્રાભૂષણ આદિ પુદ્ગલ દ્રવ્યની પર્યાય છે. તેના હાવભાવથી જીવના ચારિત્રગુણનો વિકાર થઇને વિષયની જાગૃતિ થઈ છે. એનાથી આ જીવ આશ્રવ અને બંધ કરે છે. જો હું એથી વિકારી બનીશ તો મારા જ્ઞાન અને ચારિત્ર ગુણ વિકારી બનીને મને પણ આશ્રવ અને બંધ થશે. આ રૂપ સદા વિનાશી, દુ:ખગર્ભિત અને જીવનું અધ:પતન કરનાર છે. હું રૂપ, રસ, ગંધ, સ્પર્શ રહિત થઇને એમાં મોહિત કેમ થાઉં? એવો વિચાર કરવાથી સંવર–નિર્જરા ઉપજાવીને મોક્ષ મેળવીશ? એ રીતે હરેક સ્થાને અનિત્યાદિ વૈરાગ ભાવના અને જીવાદિ તત્વ ભાવનાનું ચિંત્વન કરવું જોઇએ.

(૨૯) ચોથે ગુણસ્થાને (સમકિતી સ્થાને) થી જીવને નીચેની પ્રકૃતિઓ બંધાતી નથી.

અનંતાનુબંધીનો ચોક, મિથ્યાત્વ મોહનીય, સ્ત્રી વેદ અને નપુંશક વેદ. નિદ્રાનિદ્રા, પ્રચલાપ્રચલા, સ્ત્યાનગૃદ્ધી-

નિદ્રા, નર્કાયુષ્ય, નર્કગતિ, નર્કાનુપૂર્વિ; તિર્યંચાયુષ્ય, તિર્યંચ ગતિ, તિર્યંચાનુપૂર્વિ; નીચગોત્ર, એકેન્દ્રિય, દ્વીન્દ્રિય, તેન્દ્રિય, ચતુરિન્દ્રિય; પહેલા સિવાયના પાંચ સંઘયણ, પાંચ સંઠાણ; અશુભ વિહાયો ગતિ, આતાપ નામ, ઉદ્યોત નામ; સ્થાવર, સૂક્ષ્મ, સાધારણ, અપર્યાપ્ત; દુર્ભગ, દુસ્વર, અનાદેય એ ૪૧ કર્મ પ્રકૃતિઓનો બંધ ચોથા ગુણસ્થાને અને આગળ નથી થતો. કેમકે સમદૃષ્ટિને તીવ્ર અશુભ પરિણામ નથી હોતા. આમાંની ઘણીયે પ્રકૃતિઓ આજ આપણા ઉદયમાં છે, અને આપણું હાડબંધન અને મજબૂતી જોતાં તે વજ્ર ઋષભ નારાચ (હાડ, બંધન અને ખીલી ત્રણેય વજ્રના) નથી. તેથી માલુમ પડે છે કે, આપણે પૂર્વભવમાં સમકિતની આરાધના નથી કરી. હવે જો સમકિત (આત્મબોધ, આત્માનુભવ, આત્મનિશ્ચય)ની આરાધના કરશું તો બધા દુઃખોથી છુટાશે.

(૩૦) મિથ્યાત્વ દશામાં શુભ ક્રિયા કરવાથી પુન્ય બંધ થાય છે. તેના ફળમાં વૈભવ, સંપત્તિ, ભોગાદિ મળે છે. તેમાં તેજ જીવ ગૃદ્ધ–મોહી થઈને નર્ક, તિર્યંચાદિ કુગતિમાં જાય છે. દેવતા પણ ભોગગૃદ્ધ થવાથી પૃથ્વી, પાણી, વનસ્પતિ અને તિર્યંચ ગતિમાં ઉત્પન્ન થાય છે. જ્યારે સમદૃષ્ટિ જીવને સકામ નિર્જરા અને નિર્મલ પુન્ય (પુન્યાનુબંધી પુન્ય)ની પ્રાપ્તિ થાય છે, ત્યારે તે મળેલા વૈભવ–સમ્પત્તિનો સત્કાર્યમાં ઉપયોગ કરીને ત્યાગી થઈ મોક્ષમાર્ગ આરાધી શકે છે. સમદૃષ્ટિને સમ્પત્તિ હિતકર થાય છે ત્યારે મિથ્યાદૃષ્ટિને અહિતકર થાય છે. એથી એટલું સ્પષ્ટ થાય છે કે, જો આપણે મળેલી સમ્પત્તિથી

સત્કાર્ય ન કરી શકયા તો મિથ્યાત્વ ભાવમાં બાંધેલા પુન્યની આ સમ્પત્તિથી ભવિષ્યમાં કુગતિમાં જવું પડશે. એમ જાણીને ભોગોપભોગ છોડી મળેલી સમ્પત્તિ, બુદ્ધિ, બલ, આયુષ્યને સત્કર્મમાં લગાડવા જોઇએ. પુન્ય-પાપ પ્રકૃતિના બંધના ચાર પ્રકાર છે.

૧—પુન્યાનુબંધી પુન્ય—જે વિવેકપૂર્વક સમકિત સહિત શુભ પ્રવૃત્તિ કરે છે. જ્યાં માનાદિ વાંધા અથવા કોઇ અભિલાષા નથી તો પુન્યાનુબંધી પુન્ય બંધાય છે. પુન્ય અર્થાત્ સુખ અને અનુબંધ એટલે પછી પણ સુખ, સમ્પત્તિ, બલ, બુદ્ધિ મળે છે, કે જેનો તે સદુપયોગ કરી શકે છે. અને વૈભવનો શીઘ્ર ત્યાગ કરી શકે છે. જેમકે, ભરત ચક્રવર્તી આદિ.

૨—પુણ્યાનુબંધી પાપ—મિથ્યા દર્શનમાં શુભ પ્રવૃત્તિ કર્યે થાય છે. એથી વૈભવ, સમ્પત્તિ, બળ, બુદ્ધિ આદિ મળે છે. એનો પુરો સદુપયોગ થવો કઠણ છે. પ્રાયઃ એથી ભોગ વૃદ્ધ થઇને કુગતિ મળે છે. જેવાકે, બ્રહ્મદત્ત ચક્રવર્તિ. પુન્ય એટલે સુખની પછી (અનુબંધ) પાપ (દુઃખ) પ્રાપ્ત થાય તેને પુણ્યાનુબંધી પાપ કહે છે.

૩—પાપાનુબંધી પુણ્ય—સમદૃષ્ટિ-વિવેકી આત્મા અમુક પાપ કાર્ય લાચારી (નિરૂપાય) થી કરે છે. જેમકે શરીર નિર્વાહ માટે ભોજન આદિ કરવું. વ્યાપાર રોજગાર કરવો ઈત્યાદિ. એ કાર્યો કરતી વખતે એ જીવનાં હૃદયમાં વિરક્તિ અને પાપને માટે પશ્ચાતાપ થાય છે. એથી તે જે ક્રિયા કરે છે તેથી પાપ બંધન તો થાય છે; પરંતુ પશ્ચાતાપ યુક્ત હોવાથી તેના ફળમાં તે સમભાવ

રાખી શકે છે. તેથી સંસાર વૃદ્ધિ થતી નથી. પાપ એટલે દુઃખની પછી પુન્ય (સુખ). પાપના ફળમાં દુઃખકારી સંયોગ મળે છે. પરંતુ સમભાવ રહેવાથી પાછું સુખ મળે છે.

૪—પાપાનુબંધી પાપ—મિથ્યાત્વી જીવ હિંસા, વિષય કષાયની પ્રવૃત્તિ કરતાં બાંધે છે. હિંસાદિ પાપ તો છે જ. એના ફળમાં દુઃખ મળે છે. એ દુઃખમય હાલતમાં પુનઃ પાપ કાર્ય, રૂદન, ચિંતા, ભય, શોકાદિ કરીને નવા પાપ બાંધે છે. જેથી પાપ (દુ.ખ) નો અનુબંધ-પાછળ પણ દુઃખ થાય છે. એને **પાપાનુબંધી પાપ** કહે છે.

આ ચાર બંધનોમાંથી **પુન્યાનુબંધી પુન્ય** શુભ છે. **પાપાનુબંધી પુન્ય** મધ્યમ છે. અને **પુણ્યાનુબંધી પાપ** ને **પાપાનુબંધી પાપ** કનિષ્ટ છે. એનું યથાર્થ જ્ઞાન સદ્‌ગુરૂ પાસે કરીને જે હિતકારી હોય તે આદરવું.

(૩૧) નિમિત્ત વશ આત્માના ત્રણ પ્રકાર છે :—

૧ બહિરાત્મા—શરીર, ઇન્દ્રિય અને ભોગાદિમાં મમતા રાખનાર-મિથ્યાત્વી.

૨ અંતરાત્મા—પોતાને શરીર, ભોગાદિથી ભિન્ન શુદ્ધ જ્ઞાન, સુખાદિ સ્વરૂપ આત્માને અનુભવનાર અર્થાત્ સમદૃષ્ટિ આત્મા.

૩ પરમાત્મા—સિદ્ધ સ્વરૂપી નિરાકાર નિરંજન-વિતરાગ આત્મા.

(સમકિતી જીવ આત્મ ભાવનાને પામીને પરમાત્મ પદ લે છે.)

(श्री अष्ट पाहुड)

સફળ-જીવન

(લેખક—પં. દરબારી લાલજી ન્યાયતીર્થ)

શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના ત્રીજા અધ્યયનની પહેલી ગાથાનો ભાવાર્થ.

એક રીતે જીવન મળવું મોંઘુ નથી. પ્રાણીને મરણ બાદ પૈસા ટકા ખર્ચ્યા વિના (મફતમાં જ) જીવન મળી જ જાય છે. આ રીતે જીવન સસ્તું છે. તેટલું જ મોંઘું બલ્કે તેથી યે મોંઘું **સફળ-જીવન** છે. લાખો મનુષ્યો-માંથી એકાદ જ આત્મા પોતાના જીવનને સફળ બનાવે છે. જીવન મળવું સરળ છે, પણ સફળતાના સાધન મળવા મુશ્કેલ છે. ઉત્તરાધ્યયનમાં ચાર વાતો દુર્લભ દેખાડી છે. કે જે જીવનની સફળતા માટે આવશ્યક કહી શકાય.

चत्तारि परमङ्गाणि, दुल्लहाणीह जंतुणो;

माणुसत्तं सुइ सद्धा, संजमम्मिय वीरयं ।

પ્રાણીને ચાર કારણો મળવા બહુ મુશ્કેલ છે. મનુષ્યત્વ, શાસ્ત્ર જ્ઞાન, શ્રદ્ધા અને સંયમ પાલન કરવાની શક્તિ.

મનુષ્ય પર્યાય વિષે જ્યારે આપણે વિચારીએ છીએ ત્યારે તેની દુર્લભતા દેખીને દંગ થઈ જઈએ છીએ. મુઠ્ઠીભર માણસો સિવાય સંસારમાં અનંત જીવરાશી છે. આજે વૈજ્ઞાનિક લોકો પણ પૃથ્વી, પાણી, વનસ્પતિ આદિ સ્થાવર જીવ સમૂહને જીવ માને છે. આ બધી પર્યાયોને છોડીને બે ઇંદ્રિયાદિ કીડા, મકોડા, પશુ, પક્ષી, આદિના શરીરોથી બચીને મનુષ્ય બનવું કેટલું મુશ્કેલ છે ?

અહિં કેવળ મનુષ્ય પર્યાયની જ દુર્લભતા નથી દેખાડી કિન્તુ **મનુષ્યત્વની** દુર્લભતા બતાવી છે. મનુષ્ય ભવ મળવો એક વાત છે, અને **મનુષ્યત્વ પ્રાપ્ત કરવું** બીજી વાત છે. જણાયેલી દુનીયામાં લગભગ ૧॥ અબજ મનુષ્ય સંખ્યા છે. પરંતુ મનુષ્યવાળા માણસોની ગણત્રી કરવામાં આવે તો આંગળીના ટેરવા પર ગણાય તેટલા માણસો જ નીકળશે. એટલે જ શાસ્ત્રમાં તો મનુષ્ય ભવની દુર્લભતાને બદલે મનુષ્યત્વની દુર્લભતાનું કથન કર્યું છે. આ વાત ખાસ નોંધવા જેવી છે, વિચારવા જેવી છે.

સત્ય છે કે, મનુષ્ય ભવ મળવા છતાં પણ જો મનુષ્યત્વ પ્રાપ્ત ન કર્યું તો મનુષ્ય જીવન શું કામનું ? અહિં તો પ્રશ્ન જ એ છે કે, મનુષ્યત્વ છેવટનું છે શું ? કે જે ન મળવાથી મનુષ્ય જન્મ જ વ્યર્થ મનાય.

મનુષ્ય ભવ મળ્યે મનુષ્યનો આકાર મળે છે; પરંતુ મનુષ્યત્વ માટે આકારની નહિ-ગુણોની જરૂર છે. એક કવિએ કહ્યું છે કે, જ્યાં સુધી ગુણીઓમાં મનુષ્યની ગણના ન થાય ત્યાં સુધી તેની મા પુત્રવતી નથી ગણાતી.

गुणी गज गजनारंभे न पतति कठिनी सुसंभमायस्य ।

तेनाम्बा यदि सुतिनी वद वंध्याकीदृशी नाम ॥

ભાવાર્થ—ગુણી લોકોની ગણત્રી કરતી વખતે જેના નામ પર આંગળી ન પડી એટલે જેનું નામ ગુણી તરીકે ન ગણાયું એવા પુત્રની માતા જો પુત્રવતી કહેવાય તો વન્ધ્યા (વાંઝણી) કોને કહેવી ?

આથી સાફ જણાય છે કે, શ્રેષ્ઠ ગુણો ધારે તે જ મનુષ્ય છે. બાકીના મનુષ્ય નહિ પણ મનુષ્યાકાર (માનવ.

દેહધારી) પ્રાણી માત્ર છે. મનુષ્ય શબ્દનો અર્થ 'મનુ'-ના સંતાન પણ કરાય છે. જો કે સૌ 'મનુ'ની સંતાન છે, પણ મનુની સંતાન હોવાનું ગૌરવ ધારણ કરનારા થોડા છે. સાચા પુત્રો તો તે છે કે જે પૂર્વજના ગૌરવને ધારણ કરી શકે. મનુ તે છે કે જે, યુગ નિર્માણ કરે. એટલે કે સમાજની નીચી હાલત સુધારીને યુગ બદલો કરે, ઉન્નત બનાવે. જૈન શાસ્ત્રોમાં મનુઓ (કુલ કરો)ના જે ઉલ્લેખ મળે છે, એથી સાફ માલમ પડેછે કે, એમનાથીજ યુગ (કર્મ-ભૂમિ)ની આદિમાં સમાજની આવશ્યકતાને પૂર્ણ થઈ હતી. આજે પણ સમાજની આવશ્યકતાઓ (જરૂરીઆતો) મનુષ્ય પુરી કરે છે. સમાજમાં યુગાન્તર ઉભો કરે છે. તે જ મનુની સંતાન છે.

જો કે પ્રત્યેક મનુષ્યમાં એટલી શકિત કે યોગ્યતા હોઇ ન શકે. છતાં પ્રત્યેક મનુષ્ય મનુના સંતાન હોવાનાં ગૌરવને સાચવી શકે છે. એક જ માણુસ યુગાન્તર ઉપજાવે એવું કંઈ નથી. ઈમારત જેવા સાધારણ કામને પણ એકલો કારીગર નથી બનાવી શકતો, તો યુગાન્તર (જુગ ફેર) કરવો એ તો મોટી વાત છે. હા, આપણે યુગાન્તર કરવા માટે કંઈકિ કરી-છુટીએ એટલું બની શકે છે. જો ઇમારતમાં એક ઇંટ પણ આપણે મૂકી-ગોઠવી શકીએ તોપણ કારી-ગર-કાર્યકર્તા કહેવાશું, મનુનું કાર્ય કરી શકશું. એ જ મનુષ્યત્વ છે.

એક બીજો કવિ મનુષ્યનું વિવેચન નીચેમુજબ કરે છે.

आहार निद्रा भय मैथुनंच, सामान्य मेतत्पशुभिर्नराणम् ।
धर्मोहितेषामधिको विशेषो, धर्मेण हीनाः पशुभिः समानाः ॥

ભાવાર્થ—આહાર, ઉંઘ, બીક અને મૈથુનમાં તો મનુષ્ય અને પશુ સરખા છે. મનુષ્યમાં ધર્મની જ માત્ર વિશેષતા છે. જે મનુષ્યમાં ધર્મ નથી તે પશુ જેવો છે.

આ કવિએ મનુષ્યત્વનું ચિન્હ ધર્મ રાખ્યું છે. જે ધર્મ (મનુષ્ય ધર્મ)ને ધારણ કરી શકયો તે જ સાચો મનુષ્ય છે. ધર્મનો વિષય બહુ ઉંડો અને વિશાળ છે. એ વિષે તો કેટલાય સ્વતંત્ર લેખો લખી શકાય. એટલે જ અહિં ધર્મના વિષય પર વિવેચન નથી કર્યું. તો પણ એટલું તો કહેવું પડશે કે, ધર્મનું મૂળ સત્ય છે. સત્ય [સચ્ચાઈ)નો સંસ્કૃતમાં પર્યાય વાચી શબ્દ **સમ્યકૃત્વ** છે, **સમ્યકૃત્વથી જ મનુષ્યત્વ છે.** અને મિથ્યાત્વથી જ પશુત્વ છે. એક કવિએ સમ્યકત્વ અને મિથ્યાત્વની મહિમા ટુંકામાં બતાવી છે.

नरत्वेपि पशूयन्ते मिथ्यात्वग्रस्त चेतसः ।

पशुत्वेऽपि नरायन्ते सम्यक्त्व व्यक्त चेतनाः ॥

ભાવાર્થ—જેનું ચિત્ત મિથ્યાત્વથી દૂષિત છે. ને મનુષ્ય છતાં પશુ છે. અને જેનો આત્મા સમ્યકત્વથી નિર્મલ થયો છે તે પશુ છતાં મનુષ્ય છે. આથી સાફ જણાય છે કે, મનુષ્યત્વનો ઈજારો મનુષ્યોને જ નથી મળ્યો. અને મનુષ્ય થવાથી જ મનુષ્યત્વ નથી મળી જતું. પશુઓમાં પણ એવા પશુ હોય છે કે જેને આપણે મનુષ્ય (ભાવ) કહી શકીએ. અને મનુષ્યોમાં પણ એવા છે કે જેને આપણે પશુ કહી શકીએ. એથી માલુમ પડે છે કે, મનુષ્ય હોવા છતાં મનુષ્યત્વ મળવું મુશ્કેલ છે. માટે જ ઉત્તરાધ્યયનની ગાથાના ચાર દુર્લભોમાં સૌથી પ્રથમ દુર્લભ વસ્તુ મનુષ્યત્વ બતાવી છે. તેમાં મનુષ્યભવ ન લખતા મનુષ્યત્વ લખવાનો અર્થ બહુ ગંભીર છે. **સફળજીવન** બનાવવાને એ સૌથી પહેલી શરત છે.

જે આ પહેલી શરત પૂર્ણ કરે તે બાકીની ત્રણે શર્તોને પૂર્ણ કરી શકશે. કારણ પાછલી ત્રણ શર્તો મનુષ્યત્વના પૂર્ણ વિકાશ અર્થેજ છે.

બીજી શરત છે શાસ્ત્રજ્ઞાન. સામાન્ય રીતે શાસ્ત્રજ્ઞાન થવું સહેલું છે. પાંચ દશ વર્ષ રખડતાં રખડતાં બધા વિદ્વાન્ બની જાય છે. વાત વાતમાં ધર્મ ધર્મની બૂમો તો મરાય છે; પરંતુ સાચું શાસ્ત્રજ્ઞાન, ધર્મના રહસ્યો જાણવાની યોગ્યતા મુશ્કેલ છે. જૈનશાસ્ત્રના જ્ઞાનનો સાર એટલો જ છે કે:—

" ધર્મ આત્મામાં છે, બહાર નથી " ધર્મ નથી મંદિરોમાં, નથી ઉપાશ્રયોમાં, નથી મસીદોમાં, નથી પોથીઓમાં. ધર્મ છે આપણા આત્મામાં. લોકોએ ધર્મનો આધાર શરીર માન્યું છે. જાતિ અને કુળે ધર્મના ઈજારા લીધા છે. તેથી તો હાડ માંસના શરીરોમાં સ્પર્શાસ્પર્શનો વિચાર કરાય છે. એ જ મિથ્યા જ્ઞાન છે. સેંકડો પોથા શીખ્યા છતાં જેણે આત્મ શકિતને ન ઓળખી, શરીરની શુદ્ધિ અશુદ્ધિની પાછળ જ પડયો રહ્યો; તે ગમે તેવો વિદ્વાન હોય પણ સમ્યગ્જ્ઞાની ન કહેવાય.

જૈનશાસ્ત્રોમાં સૌથી વિશેષતા તો એ છે કે, તે બાહ્ય ક્રિયાકાંડોમાં ધર્મનું અસ્તિત્વ નથી માનતા. જેણે એટલું સમજી લીધું તે સઘળા શાસ્ત્રોનો સાર સમજ્યો. શાસ્ત્રો ભણીને જે રહસ્યોને સમજી શકે છે તેને શ્રુતિ દુર્લભ નથી; કિન્તુ જે લોકો શાસ્ત્રોનો બોજો ઉઠાવવા છતાં રહસ્યને નથી સમજતા તેને 'શ્રુતિ' દુર્લભ છે. જો શાસ્ત્રો વાંચવાથી કે શીખવાથી 'શ્રુતિ' સુલભ થઈ જાત તો ઉત્તરાધ્યયન સૂત્રમાં ચાર દુર્લભોમાં 'શ્રુતિ' દુર્લભ ન કહેત.

ત્રીજી દુર્લભ વસ્તુ છે **શ્રદ્ધા**. સામાન્ય રીતે આખા સંસારમાં શ્રદ્ધાનું રાજ્ય છે. સાચી શ્રદ્ધાને અભાવે દુનિયા દુઃખી છે અને સત્ય માર્યું માર્યું ભટકે છે. છતાં શ્રદ્ધાનું ફળ નથી. શ્રદ્ધા તો દિવ્ય ગુણ છે. સંસારમાં અંધારૂં વ્યાપ્યું છે. અંધ શ્રદ્ધાથી અંધ શ્રદ્ધાની જાળમાં ફસાઇને મનુષ્ય વિવેક શત્રુ થયો છે, મનુષ્યત્વ ભૂલાઈ ગયું છે, અતિ સંકુચિત થઈ ગયું છે. આ અંધ શ્રદ્ધા સુલભ છે. પણ **શ્રદ્ધા** દુર્લભ છે. શ્રદ્ધા સમ્યક્ જ્ઞાનપૂર્વક થાય છે. એ પ્રત્યક્ષ અનુમાનની વિરૂદ્ધ નથી. શ્રદ્ધા શબ્દનો સાચો અર્થ **આત્મ વિશ્વાસ** છે. આત્મા અનંત શક્તિ-શાળી છે. આત્મા અનંત કર્મ વર્ગણા પર વિજય મેળવી શકે છે. એવા વિશ્વાસથી જે કર્મ ક્ષેત્રમાં કૂદી પડે છે, અનંત અડચણો અને અનંત વિઘ્નો જેના વિશ્વાસને મટાડી શકતા. તે જ સાચા શ્રદ્ધાળુ છે. જે કુળ-જાતિ આદિની પરવા મૂકીને કહે છે કે-

देवायत्तं कुले जन्म, मदायत्तं तु पौरुषम् ॥

'કુળમાં જન્મ મળવો તો કર્માધિન છે, પણ પુરૂષાર્થ કરવો મારે આધિન છે' તેજ શ્રદ્ધાળુ છે. જૈન ધર્મ એમ નથી કહેતો કે, તમને શાસ્ત્ર ભણવાનો અધિકાર નથી. મુનિ બનવાનો અધિકાર નથી, અધિકારોના ઈજારા નથી હોતા. જૈન ધર્મ તો કહે છે કે-આત્માને ઓળખો અને કરી શકો તે કરો. આ રીતનો અમુક અધિકાર મ્હને છે કે નહિ એ સ્વાપ્નામાંય ન સંભારો. તુચ્છથી તુચ્છ, નીચથી નીચ પ્રાણીને પણ ધર્મ પાળવાનો અનંત અધિકાર છે, એ અનંત અધિકારો અને આત્મિક અનંત શક્તિમાં જે વિશ્વાસ રાખે છે તે જ સાચો શ્રદ્ધાળુ છે.

ચોથી દુર્લભ વસ્તુ સંયમ શક્તિ છે. સંસારમાં એ સૌથી વધુ દુર્લભ છે. પરંતુ જેવી અધિક દુર્લભ છે,

તેવીજ અધિક ખેલની વસ્તુ બનાવી રાખી છે. જે લોકોમાં મનુષ્યત્વ નથી, જ્ઞાન નથી, શ્રદ્ધા નથી, તેઓ પણ સંયમી થવાનો ડોળ કરે છે. સંયમની જેવી ધૂળધાણી થઈ છે તેવી આજે કોઈની નથી થઈ.

સંયમના ગૌણ સાધનોને સંયમ સમજવો એ મોટી ભૂલ છે. ઉપવાસ, રસપરિત્યાગ, વિવિધવેશ, સ્ત્રી (પતિ) પરિવારનો ત્યાગ, આદિ સંયમના સાધનો છે; પણ સંયમ નથી. ત્યારે સંયમ શું છે? કયાં છે?

મનને વશ કરવું, કષાયોને દૂર કરવા એમાં સંયમ છે. કોઇ મનુષ્ય આપણું અતિ અનિષ્ઠ કરતો હોય તેના ઉપર પણ જેને ક્રોધ ન આવે, જેને પોતાની વિદ્ધતા તથા સંપત્તિનું અભિમાન નથી, જે પોતાની પૂજ્યતાનો ગર્વ નથી કરતો, જે યશકીર્તિનો ભિખારી નથી, જેના હૃદયમાં ઈર્ષા નથી, જે બીજાના યશ જોઇને આનંદે છે, જે કુસંપનો શત્રુ છે, વિશ્વપ્રેમજ જેની રાગવૃત્તિ છે,જે છળકપટથી દૂર છે,જે મ્હોટી મ્હોટી ઋદ્ધિઓને પણ માટી સમજે છે, જેઉદારતાનો ભંડાર છે, પાપીઓને જોઇને તિરસ્કાર ન કરતાં દયા કરે છે, વિરોધીઓ સાથે પણ જે મિત્રતાથી વર્તે છે. જે સહનશીલતાનો ભંડાર છે, તે જ સંયમી છે, તે જ સાધુ છે, તે જ જગત્‌નો પ્રાતઃ સ્મરણીય છે. પરંતુ એવો **સંયમ** મળવો મુશ્કેલ છે. ત્યાગીનો વેશ ધરનારા (સાધુ) માત્ર ભારતમાં જ ૬૦ કરોડ લગભગ છે. તેમાંથી એવા કેટલા છે કે જેમણે **પાણીની લીટી** જેવા કષાય પાતળા પાડયા? જેમનામાં સાચો ત્યાગ અને સાચી ઉદાસીનતા છે? એવી વ્યકિતઓ આંગળીઓ પર નહિ તો આંગળીના ટેરવા પણ ગણાય તેટલી હશે. એટલા માટે ઉત્તરાધ્યયનમાં સંયમને દુર્લભ કહ્યો છે.

આ ચાર વસ્તુઓ જે મેળવી શકે છે તેનું જીવન સફળ છે. (જૈન પ્રકાશમાંથી સાભાર ઉદ્ધૃત)

શ્રી જૈન ગુરૂકુળ, બ્યાવર (રાજપૂતાના).

બળવાન્, વિદ્વાન્, સદાચારી આદર્શ જૈન (નરરત્ન) ઉત્પન્ન કરવા માટે આ સંસ્થાની સ્થાપના થઈ છે. ગુરૂકુળમાં હિંદી, અંગ્રેજી, ગુજરાતી, સંસ્કૃત, પ્રાકૃતાદિ ભાષાઓનું સરલ શૈલીથી જ્ઞાન કરાવાય છે. વ્યાપારી લાઇનની યોગ્યતા ઉપરાંત હુન્નર-કળાનું જ્ઞાન પણ અપાશે. ધાર્મિક કેળવણી અનિવાર્ય છે. શિક્ષણ અને સંરક્ષણ ખર્ચ તદ્દન ફ્રી છે.

ભોજન ખર્ચ માસિક રૂ. ૫, ૭ કે ૧૦ યથાશક્તિ લેવાય છે.

દાખલ થનાર વિદ્યાર્થી નિરોગી, સદાચારી, બુદ્ધિશાળી હોવો જોઇએ. ઉમર ૮ થી ૧૧ વર્ષની વચ્ચેનો, અભ્યાસ હિંદી ૨ ધોરણ કે ગુજરાતી ૩ ધોરણ પૂરા કરેલ હોવો જોઇએ, ઓછામાં ઓછો અભ્યાસક્રમ ૭ વર્ષનો છે. વધુ માટે લખો—

મંત્રી, જૈન ગુરૂકુળ, બ્યાવર.

મુદ્રણસ્થાનઃ આદિત્યમુદ્રણાલય, રાયખડરોડ-અમદાવાદ

મુદ્રકઃ ગજાનન વિશ્વનાથ પાઠક.

શિક્ષાપ્રદ સુંદર સસ્તી અને ઉપયોગી હિંદી પુસ્તકો.

૧	જૈનશિક્ષા ભા. ૧	રૂ. ૦–૧–૬
૨	,, ભા. ૨	રૂ. ૦–૨–૦
૩	,, ભા. ૩	રૂ. ૦–૨–૬
૪	,, ભા. ૪ (સચિત્ર)	રૂ. ૦–૩–૬
૫	,, ભા. ૫ ,,	રૂ. ૦–૫–૦
૬	બાળગીત	રૂ. ૦–૦–૬
૭	આદર્શજૈન	રૂ. ૦–૪–૦
૮	આદર્શસાધુ	રૂ. ૦–૪–૦
૯	વિદ્યાર્થી–યુવકોંસે	રૂ. ૦–૨–૦
૧૦	વિદ્યાર્થીની ભાવના	રૂ. ૦–૧–૬
+૧૧	સુખી કૈસે બને ?	રૂ. ૦–૧–૦
+૧૨	ધનકા દુરૂપયોગ	રૂ. ૦–૦–૬
૧૩	રેશમ વ ચર્બી કે વસ્ત્ર	રૂ. ૦–૦–૬
૧૪	પશુ વધ કૈસે રૂકે ?	રૂ. ૦–૨–૬
૧૫	આત્મજાગૃતિ ભાવના	રૂ. ૦–૪–૦
+૧૬	સમકિત સ્વરૂપ ભાવના	રૂ. ૦–૧–૬
૧૭	મોક્ષકી કુંજી ભાગ ૧	રૂ. ૦–૨–૦
૧૮	,, ભાગ ૨	રૂ. ૦–૨–૬
+૧૯	આત્મબોધ ભા. ૧–૨–૩	રૂ. ૦–૬–૦
૨૦	,, ભા. ૨–૩	રૂ. ૦–૩–૦
૨૧	કાવ્યવિલાસ ભા. ૩	રૂ. ૦–૧–૦
૨૨	પરમાત્મ પ્રકાશ	રૂ. ૦–૨–૦
+૨૩	ભાવ અનુપૂર્વિ	રૂ. ૦–૧–૦
૨૪	મોક્ષની કુંચી (ગુજરાતી)	રૂ. ૦–૩–૦

+ પુસ્તકો સ્ટોકમાં નથી.

નં. ૧ થી ૧૪ સુધીની પુસ્તકો દરેક પાઠશાળાના વિદ્યાર્થીઓને લાયકના છે અને બાકીના આધ્યાત્મિક અને તત્વજ્ઞાનથી ભરપૂર છે. બધી વેચાણની આવક પાછી જ્ઞાનખાતામાં ખર્ચાય છે.

ઠે. આત્મજાગૃતિ કાર્યાલય, જૈન ગુરૂકુળ-બ્યાવર.